

કુમાર

વર્ષ ૩૦મું · અંક ૯મો **૩૫૭** સપ્ટેમ્બર · ૧૯૫૩

સંસ્થાપક : રવિશંકર રાવળ · તંત્રી : બચુભાઈ રાવત



ફતેહપુર સિક્રીમાં જોધબાઈના મહેલમાંની કોતરણીઓ પૈકીની એક



પ્રસન્ન: ચિત્રકાર રવિશંકર રાવળ (કુમાર · સપ્ટેમ્બર ૧૯૫૬ના અંકનું મુખચિત્ર)

પાછળથી જે કાશ્મીરાદેવીના નામથી ગુજરાતના સમ્રાટ કુમારપાળની મા તરીકે વિખ્યાત થઈ તે પ્રસન્ન 'પાટણની પ્રભુતા'નું એક તેજસ્વી પાત્ર છે. એની ફોઇ ગુજરાતની મહારાણી મીનળદેવી એને માળવા પરણાવવા માગે છે, પણ એ તો ગુજરાતના ચાલુક્ય ભીમદેવના પૌત્ર ત્રિભુવનપાળ ઉપર મુગ્ધ છે. મીનળ એને બેભાન કરી પાટણમાંથી બહાર લઈ જાય છે, પણ ચતુર પ્રસન્ન મીનળના ખાસ માણસ મેરારપાળને પોતાના સૌન્દર્યથી મૂર્ખ બનાવી છાનીમાની પાટણ નાસી આવે છે. . . . વગેરે કથા ઘણી રસમય છે.

[અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાએ બહાર પાડેલા 'શ્રી ક. મા. મુનશીની પાત્રસૃષ્ટિ' એ નામના ૩૨ પૂર્ણરંગી ચિત્રોના મોટા અને સુશોભિત ચિત્રસંપુટમાંની એક કૃતિ: સાહિત્ય સભાના સૌજન્યથી]

કુમાર

સપ્ટેમ્બર ૧૯૫૩

અંક ૩૫૭

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

નાટિકા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છુટક નકલ: બાર આના

વાચકો લખે છે......

આ વિભાગમાં પ્રગટ થતી દરેક વસ્તુ માટે 'કુમાર'માંનું એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

ગઈ કાલે 'કુમાર'નો નવો અંક જોયો. રાબેતા મુજબના વિભાગો ઉપરાંત સ્વ. રાં. પા. પુ., ક્રાન્તિવાદીઓ, સોળે દેશોના રાષ્ટ્રધ્વજ, દેશદેશનાં ચલણ તથા તેનાં બરોબરીનાં મૂલ્યો આદિ સામગ્રી અતીવ કીંમતી છે. સામગ્રી (matter) ઉપરાંત મુદ્રણની દૃષ્ટિએ પણ 'કુમાર' એક નમૂનો પૂરો પાડે છે. સંસ્કારક્ષેત્રે તમારી સેવા સાચે જ ચિરસ્મરણીય રહેશે. પ્રસ્તુત અંકના 'માધુકરી' વિભાગમાં ખબરદારનું સંક્ષિપ્ત ચરિત્ર વાંચ્યું. ટૂંકામાં વધુ વિગતો સમાવી દેવાની લેખકની ફાવટ નોંધપાત્ર છે. ખબરદારનાં પ્રતિકાવ્યો મૌલિક પ્રતિભાથી સંપન્ન છે એ બરાબર, પણ 'આડંબર'ને લઇને એ રચાયાં એમ કહેવું સયુક્તિક નથી. કવિવર નાનાલાલ અંગેનાં પ્રતિકાવ્યો પણ તે કવિની કાવ્યશૈલીનો ઉપહાસ કરે છે, એના એક અંગ 'શબ્દ'નો નહિ. કારણકે ખબરદારે (બીજા કવિઓની જેમ) નાનાલાલ-પરિશીલન કર્યું જ છે અને એ શુભ અસર વિવેચકોએ નોંધી પણ છે. ગુજરાતીમાં બ્લૅન્ક વર્સની ક્ષમતા દાખવી શકે એવો છંદ શોધવાનો પ્રયાસ ખબરદારે કર્યો છે. 'મુક્તધારા' અને 'મહાછંદ' એનાં નિદર્શન છે. બળવંતરાયનો 'પૃથ્વી' અને નાનાલાલનું 'અપદ્યાગદ્ય' એમને તૃપ્તિકર નથી લાગ્યાં. ઠક્કર વ્યાખ્યાનોમાં ('ગુજરાતી કવિતાની રચનાકળા') ને 'નંદનિકા'માં 'ધ્વનિતની રચના'માં તેમણે આ વિગતોની ચર્ચા વિસ્તારપૂર્વક કરી જ છે. ઉપરાંત બીજું પણ છે. ખબરદારનાં પ્રતિકાવ્યો એકલા નાનાલાલ અંગેનાં નથી. એટલે આડંબરને લઇને એ આ જાતની રચનાઓ તરફ વળ્યા એ કહેવું સયુક્તિક નથી. તો પછી બળવંતરાય ને નરસિંહરાવનું શું? પ્રતિકાવ્યોમાં મૌલિક પ્રતિભા દાખવનાર આપણા આ કવિએ કવચિત્ એમાં સુરુચિભર્યું વલણ નથી પણ દાખવ્યું એ હકીકત લેખે સ્મરણમાં રાખવાનું છે. શ્રી સુન્દરમે યોગ્ય જ કહ્યું છે કે 'એ બે કવિઓની (નાનાલાલ ને બળવંતરાય) પદ્યરચનાઓની માન્યતાઓ સામે તથા 'અવરોહણ'માં બળવંતરાયની આખી કાવ્યરીતિ સામે વિરોધ અને પ્રહાર પણ છે. આ પ્રહારની પાછળ ઉગ્રતા ઉપરાંત ક્યાંક ક્યાંક દ્વેષ પણ વ્યક્ત થાય છે, અને તે અપરસ હોવા ઉપરાંત અસાહિત્યિક પણ છે.' ઉપરના અવતરણમાં રેખા મારી દોરેલી છે, સુંદરમની નથી.

(વડનગર) —રમણલાલ જોષી

'કુમાર'ના ૩૫૬મા ઑગસ્ટ ૧૯૫૩ના અંકના પૂઠા પરના ચિત્રમાં લાલ બળદના પાછલા બે પગ વચ્ચે હળ હોય એમ દેખાય છે. આવી મોટી ભૂલ આપની નજર બહાર કેમ રહી ગઈ હશે? અગર અમારી આંખની ભૂલ છે?

(અમદાવાદ) —પ્રેમયોગી

* કલાકારે સખત દુ:ખતી આંખે ને થોડા જ કલાકમાં ઉતાવળે ચિત્ર કરી આપેલું હોઇ એ સરતચૂક રહી ગઇ છે. અમારા ખ્યાલમાં પણ પાછળથી આવી. દિલગીર.

આપે 'કુમાર'ના પાનેપાને કીંમતી ખજાનો ભર્યો હોય છે. માસિક એ અલ્પજીવી છે, એ માસ પૂરતો જ જન્મ લઇને ન અવતરતું હોય, તેમ બીચારું બીજો અંક આવતાં ફિક્કું પડી જાય છે. આવા સંજોગોમાં તેમાંના બધા લેખોને પુસ્તકાકારે ગ્રંથિત કરવામાં આવે તો તે એક મોટો ઉપકાર થશે.

આવી જ રીતે ડૉ. ત્રિવેદીના લેખ 'કાયાની કરામત' પણ ઝટ પુસ્તકાકારે પ્રસિદ્ધ થાય તો સારું. મને લાગે છે કે આવી વિવિધ સામગ્રીથી ભરપૂર ગુજરાતી ભાષામાં તે શારીરિક વિજ્ઞાનને લગતો પહેલો જ ગ્રંથ હશે.

આજનાં અલ્પજીવી માસિકોમાં 'કુમાર' એ દીપસ્તંભની માફક ઝળહળી રહ્યું છે, એ અમારે મન ભારે આનંદની વસ્તુ છે, કારણકે તે સાચા ને આદર્શ નાગરિક ઘડવાની એરણ ઉપર ખડું છે.

'કુમાર'માંથી પ્રેરણા ઝીલી પોતાનું જીવન ઘડનાર 'કુમારો'નાં જીવન જાણવા તરફ પણ અંગુલિનિર્દેશ કરવો જરૂરી છે. જો કુમારો એવું કંઈ બતાવે તો સારું..

(વેડછી) —મનુ પંડિત

* 'કુમાર'માં પડેલું સાહિત્ય પુસ્તકાકારે છપાવ્યા પછી અમારે માટે તેના વેચાણનો પ્રશ્ન મુશ્કેલ બને છે. એકબીજાની હરીફાઇમાં બુકસેલરોએ લાયબ્રેરીઓને (ને છૂટક ગ્રાહકોને સુદ્ધાં) સારા પ્રમાણમાં કમિશન આપવાની જે આત્મઘાતક પ્રથા શરૂ કરી છે, તેને પરિણામે બધા બુકસેલરો વેચાણ માટે એટલું ભારે વેચાણ કમિશન માગે છે જે આપવું પરવડે નહિ, અને આપવું જ હોય તો તેને માટે પુસ્તકની કિંમત ઘણી મોટી રાખવી પડે. પોતાની વેચાણ-વ્યવસ્થા કરવા માટે સંખ્યાબંધ પ્રકાશનો કરવાં જોઇએ, જે ઘણી મૂડી માગી લે છે. માત્ર જાહેરાતથી પુસ્તકો ખપતાં નથી.

નવેમ્બર ૧૯૪૫ના અંકમાં રડાર વિષે ઘણું હતું. એમાંનો એક ફકરો અહીં ઉતારું.

'મોટા પાયા પર એની બનાવટ શરૂ થતાં રડાર હવે આપણા રોજિંદા ઉપયોગની વસ્તુ બની જવાની. રડારનો સેટ જડેલો હશે તો તમે ગમે તેવા ધુમ્મસની આડે પણ સલામત પણે મોટર હંકારી શકવાના. તે પહેલાં તેઃ રેલ્વે ટ્રેનોમાં તે વપરાશે ને એન્જિનડ્રાઈવર પોતાની કૅબિનમાં બેઠોબેઠો માઈલો સુધીના માર્ગનું નિરીક્ષણ કરી શકશે. દરિયાનાં જોખમી ધુમ્મસમાં વહાણો એકબીજાની સાથે અથડાયા વિના સફર ખેડશે, અને જે હોનારતથી ટિટૅનીક જેવી સ્ટીમર ડૂબી તે બરફના પહાડો સાથે અથડાવાનો ભય પણ હવે રહેશે નહિ...' વગેરે, એ પરનું વધુ સાહિત્ય મારા વાંચવામાં નથી આવ્યું. તો 'કુમાર'માં એ વિષે વધુ રસપ્રદ માહિતી આવશે ખરી?

વળી આજે આઠ વર્ષ થયાં પણ રડાર વિષે ઘણા જાણતા પણ નહિ હોય તો એને રોજિંદા વપરાશની વસ્તુ બનતાં હજુ તો ઘણો વખત લાગશે ખરું?

'કુમાર' આ પર પ્રકાશ પાડશે એવી આશા સાથે.

(મુંબાઇ) હંસરાજ વૃંદાવન

'સ્વાતંત્ર્ય મંદિરના પાયામાં પુરાએલા ક્રાંતિવાદીઓ' નામના ઑગસ્ટ–૧૯૫૩ના કુમારમાંના લેખમાં આ પ્રમાણે લખાણ છે:

'શસ્ત્રહીન બનાવી દેવાએલી પ્રજા સશસ્ત્ર ક્રાન્તિ કરી શકે તેમ નહોતી. એ હકીકત સમજી જઇને ગાંધીજીએ પ્રજાને અહિંસક માર્ગે વાળી...'

આ વિધાનમાં અજાણતાં જ કથનદોષ થઇ ગયા જેવું નથી લાગતું? શસ્ત્રહીન દશા જોતાં અહિંસક માર્ગે વાળી હોય તો એ નીતિને આપણે સિદ્ધાંત કે ધર્મના નામે નહીં પણ માત્ર તત્કાલિન પરિસ્થિતિ પૂરતી અપનાવેલી નીતિ ગણી શકીએ. એને philosophy નહીં પણ stretegy કહી શકીએ.

ગાંધીજીની અહિંસા નીતિને કૉંગ્રેસે કે પ્રજાએ ગમે તે રીતે અપનાવી હોય પણ ગાંધીજી તો એને એક જીવનધર્મ અથવા જીવનના તત્ત્વજ્ઞાન તરીકે જ ગણતા. એટલું જ નહીં પણ સશસ્ત્ર દેશોને પણ એ હથિયારોનું મિથ્યાત્વ સમજાવવા મથતા!

બાકી, આખો લેખ ખૂબ જ માહીતિપૂર્ણ અને યુવાનોને માટે અત્યંત ઉપયોગી સિદ્ધ થાય એવો છે. એવો લેખ આપવા બદલ અભિનંદન.

(મુંબાઇ) —ભરત ટોપરાણી

એલિ મોરલી

· ગીત ·

સીમ ભરી ટહુકો ન રેલ, એલિ મોરલી! સીમ ભરી ટહુકો ન રેલ.
કાળજાને વ્હેતું ન મેલ, એલિ મોરલી! કાળજાને વ્હેતું ન મેલ.

આમ તો મૂંગું જો ને જાગે આંકાશ એ ય બોલે અજંપની વાણી,
પાંપણનાય પિંડતણી વલખંતી વેદનાનાં વંન વંન દોડતાં પાણી;
વાયરે હિલોળની હેલ, એલિ મોરલી! સીમ ભરી ટહુકો ન રેલ...

આપણા આનંદને અંતરમાં રાખીએ ન એનો કૈં કીજિયે લવારો,
આવડી હથેળીમાં ડૂબે રે દુનિયા ને હૈયું અનંતનો આરો;
(તડી)રહેલીએ પનાઈમાં એકલ, એલિ મોરલી! સીમભરીટહુકો ન રેલ...

કોઈના તે આંગણાનો આગ નહિ ફૂંકીએ કે નોધારે ઝીંકીએ નં હેલી,
મનના મંદિરિયાને સૂને એકાન્ત નહિ જાવું ત્યાં જાય રે તું પ્હેલી;
એવું અળખામણું ન ખેલ, એલિ મોરલી! સીમ ભરી ટહુકો ન રેલ...

રાજેન્દ્ર શાહ

છવિ તારી જ

· હરિણી ·

મનફલકપે આંકી મેં તો સગાં, સ્વજનો તણી
કંઇક છવિ સૌ મિત્રો, મારી સખી ય વડીલની
(પણ ન તવ ચિત્રે શોભાવી, અરે મુજ કલ્પના); .
પળ અટકીને દોરું મારું હું ચિત્ર થઇ લીન–
બહુ મથું છતાં અંકાયે ત્યાં, પ્રિયે! છવિ તારી જ!

ગીતા કાપડિયા

સોનું અને રૂપું

શમણાં મહીં સોનું જડયું
કૈં કેટલું તે ના ખબર.
પણ જ્યાં સવારે ઊઠીને હું જોઉં તો
મારું જ સોનું શી સિફતથી લૈ અડો
આ સૂર્યને કોણે અદાથી છે મઢયાં!

મબલખ નર્યું રૂપું જ બસ રૂપું લઈ
શો ઠાઠથી ચાલ્યો જતો'તો કાફલો!
ઘોર જે અંધારમય રજની મહીં તો ના લુટાયો
તેજધોળા દિવસે તે તારલાનો કાફલો
એવો લુટાયો કે ન જેની કૈં નિશાની છે રહી.

નલિન રાવળ

ચાતક

વારિ વિનાનાં વાદળાં જોવા છતાં, જળ ઝંખતું રહે જેમ ચાતક;
જીવન વિનાની જિંદગી હોવા છતાં, જોવા જીવું છું જિંદગીનું તેમ નાટક!

તનસુખ ઓઝા

આવતો અંક મોડો થશે

કુમાર દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. અમે દીવાળી પ્રસંગનો અંક થોડો મોડો અને વધુ આકર્ષક કરવા પ્રયત્ન કરીએ છીએ. પરંતુ આ વખતે દીવાળી નવેમ્બરની છઠ્ઠી તારીખે આવતી હોવાથી અને નવેમ્બરનો અંક એટલો વહેલો કાઢવાની અનુકૂળતા ન હોવાથી ઑક્ટોબરનો અંક દીવાળી નિમિત્તે પંદરેક દિવસ મોડો—એટલે કે નવેમ્બરની શરૂઆતમાં બહાર પડશે. સૌ વાચકોને એટલી રાહ જોવા વિનતિ છે.

ભક્તકવિ દયારામ

લેખક : અશોક હર્ષ



કવિ ન્હાનાલાલે જેમને 'પ્રાચીનતાનાં મોતી વર્ષતા છેલ્લા રસમેઘ' તરીકે ઓળખાવેલ છે એ કવિ દયારામ એમની ગરબીઓથી ગુજરાતના ઘેરેઘેર જાણીતા છે. એમના જેટલી લોકપ્રિયતા બીજા કોઇ ગુજરાતી કવિને ભાગ્યે જ વરી હશે, સાથોસાથ એમના વિષે પ્રસરેલી છે એટલી ગેરસમજ પણ બીજા કોઇ ગુજરાતી કવિ વિષે ભાગ્યે પ્રસરી હશે. પોતાનાં કાવ્યોમાં–ખાસ કરીને ગરબીઓમાં એમણે જે શૃંગાર આલેખ્યો છે એ પરથી એમના ચારિત્ર્યમાં કલંકનું આરોપણ કરવા સુધીની હદે કેટલાક વિવેચકો ગએલા છે–જો કે એ શૃંગારમાં સ્ત્રી-હૃદયના સહજ ભાવોને એમણે માધુર્યછલકતી વાણીમાં ઉતારવાને લીધે સ્ત્રીવર્ગે તો એમનામાં કશું દુષ્ટત્વ જોયા વિના એમની ગરબીઓ ઝીલી લીધેલી છે અને આજ સુધી ગુજરાતના કંઠે એ ગરબીઓ રમતી રહી હોઇ કવિ ન્હાનાલાલે સુયોગ્ય રીતે જ એમને 'ગુજરાતણોના કવિ' કહ્યા છે. દયારામનું ચારિત્ર્ય જો કલંકિત હોત તો તેમણે તેમના જીવનકાળમાં જ જેટલાં સંમાન અને લોકપ્રિયતા પ્રાપ્ત કર્યાં તે ન કરી શકત. પરંતુ એમના અવસાન સાથે જ જૂનો યુગ આથમ્યો અને નવા યુગનો આરંભ થયો. આ નવા યુગમાં થએલા મૂલ્યપરિવર્તનથી ભક્તિરસનો આસ્વાદ ઘટ્યો ને હરેક વસ્તુને તર્કના ત્રાજવે તોળવાનું શરૂ થયું. ગોવર્ધનરામે આ યુગપરિવર્તનનું જે ચિત્ર આલેખ્યું છે તે નવા યુગમાં નરસિંહ અને દયારામ જેવા ભક્તકવિઓને મૂલવવાની દૃષ્ટિમાં થએલા પરિવર્તનનો હૂબહૂ ખયાલ આપે છે:

'એ બે કવિઓના અનુભવ, એ બેનાં હૃદય, એ બેની જવાળાઓ, જ્યાં સુધી લોક ભક્તિરસનો આસ્વાદ કરતા ત્યાં સુધી પૂજાતાં અને તેમના કીર્તિદેહ પુરુષોને તેમ સ્ત્રીઓને, વૃદ્ધોને તેમ યુવકોને, પવિત્ર અને પૂજનીય લાગતાં...કોઇના શ્રવણમાં કે હૃદયમાં અપવિત્રતા પેસતી ન હતી.....એ યુગ ગયો અને બીજો યુગ બેઠો છે. ભાવનાને સ્થાને વ્યવહાર, બુદ્ધિ અને તર્ક પ્રતિષ્ઠા પામ્યાં છે. આવા યુગમાં આ કવિઓના કીર્તિદેહ સ્વસ્થ થઇ અપકીર્તિદેહ બંધાય નહિ એ જ આ યુગનું ભાગ્ય ગણવા જેવું છે.'

વસ્તુતઃ એ ભાગ્ય પણ ગુજરાતને પૂર્ણતઃ પ્રાપ્ત નથી થએલું. કોઈ પણ કવિના ચારિત્ર્યની વાતોનું મહત્ત્વ માત્ર તેના સમકાલીનો પૂરતું જ ઉપયોગી હોઇ શકે. ભાવિ પેઢીઓને તો તેના અક્ષરદેહ સાથે જ નિસ્બત હોઈ શકે. પરંતુ તેનું તાટસ્થ્ય આપણે ત્યાં નથી જળવાયું. નર્મદથી શરૂ થએલી દયારામમાં કલંકારોપણની પરંપરા આજ સુધી ચાલુ રહી છે. અલબત્ત, નર્મદે દયારામનાં કાવ્યોનું સંપાદન કરી તેનો બૃહત્સંગ્રહ પહેલી વાર બહાર પાડેલો એ એની ઉમદા સેવાનું વિસ્મરણ ન થઈ શકે, પરંતુ દયારામનાં કાવ્યોને લૌકિક નજરે નિહાળી તેને એ પોતાના જેવા જ રંગીલા ભાસ્યા એ એનો મતિભ્રમ હતો. કમનસીબે, એણે દયારામમાં આરોપેલા રંગીલાપણા-ફાંકડાપણાનું એના અનુગામીઓમાંના કેટલાકે સમર્થન કર્યું અને તે એટલે સુધી કે એમને નફ્ફટ, લંપટ અને વિષયાંધ સુદ્ધાં ચીતરી માર્યા. જો કે નર્મદાશંકર દેવશંકર મહેતા જેવા કેટલાકે દયારામનો બચાવ એ રીતે કર્યો છે ખરો કે, 'કવિની પરીક્ષા કાવ્યમીમાંસાના ધોરણે થાય, કંઇ ધર્મશાસ્ત્ર અથવા નીતિશાસ્ત્રથી થાય નહિ. કાવ્યના રસાસ્વાદમાં કવિનું પોતાનું અંગત જીવન કેવું હતું તે પ્રશ્ન અસ્થાને ગણાય.' પરંતુ આવો બચાવ એક રીતે ક્ષમાયાચી બચાવ જ ગણાય. દયારામનું કવન ધર્મવિરોધી નહિ પરંતુ ધર્મપ્રેરક છે, જેની ચર્ચા આપણે આગળ કરીશું. (અનુ૦ પૃ. ૩૬૦મે)

નરસિંહ પછી ભક્તિમાર્ગનું સર્વોચ્ચ શિખર સર કરનાર કવિ

રેડિયો-રૂપક

શ્રી રામેશ્વરદયાલ દુબેના મૂળ હિંદી પરથી અનુવાદક ગુણવંત છોટાલાલ શાહ

સંવેદના

વર્ણનકાર:

મહાભારતના ભીષણ સંગ્રામનો અંતિમ અધ્યાય. વિરામની વેળા આવી પહોંચી હતી. શ્રી કૃષ્ણની કૃપા ને પાંડવોના પુરુષાર્થથી પુણ્યનો વિજય ને પાપનો પરાજય થઈ ચૂક્યો હતો. રક્ત-રંજિત ભૂમિ પર વીરત્વનો ઇતિહાસ લખાઈ ચૂક્યો હતો. ભાવી યુગના પ્રભાતની અરૂણિમા હજી દેખાતી ન હતી; અતીતની છાયા હજી યે હતી. એવી, એક નવા યુગની, નવા અધ્યાયની પ્રારંભિક કાલ, વિજયોલ્લાસની આનંદરાત્રિનો પ્રથમ પ્રહર.

દૃશ્ય પહેલું

(મધુર સંગીતનો ધ્વનિ સંભળાય છે.)

પાર્થ: સુંદર! સુંદર! સંગીતનો પ્રાણ કવિતા જ છે.

ભીમ: નહિ અર્જુન, સંગીત કવિતાનો પ્રાણ છે.

કેશવ: તમે બંને સાચા છો, ભીમદેવ! કલાના ક્ષેત્રમાં એની જ મધુરતા છે. અંગોનો સંતુલિત વિકાસ થાય ત્યારે જ સુગઠિત શરીરનું સ્વાસ્થ્ય શોભાયમાન લાગે છે. સપ્ત સ્વરોના આરોહ-અવરોહમાં જ્યારે એકરસ ઉત્પન્ન થાય ત્યારે જ સંગીતની સ્વરલહરી હૃદયને સ્પર્શે છે. જીવનના વિસ્તૃત ક્ષેત્રમાં આવા સમન્વયની સાધના માનવે કરવી જોઇએ. સંયમિત વ્યક્તિત્વ સમાજના ભૂષણ સમાન હોય છે, પાર્થ!

પાર્થ: કેશવ, તમે માનો કે ન માનો, પરંતુ આપણે સંયમી તો છીએ.

કેશવ: કઈ રીતે?

ભીમ: કઈ રીતે? કેમ ભૂલી ગયા? ગીતાનું સંપૂર્ણ જ્ઞાન જ્યાં તમારા પાર્થને આપી દીધું ત્યાં તમારી પાસે હવે માત્ર આ 'કેવી રીતે' જ બાકી રહ્યું! અરે, ભાઈ '**या निशा सर्वभूतानां तस्याम् जागर्ति संयमी!**'

પાર્થ: (હસતાં હસતાં) ઓ, હો! સાંભળ્યું કેશવ? વિજયોલ્લાસની આ આનંદ-યામિનીમાં આપણું આ રાત્રિ-જાગરણ થયું છે એના પ્રત્યે ભીમનો સંકેત છે! (સઘળા હસે છે.)

પાર્થ: અંધકાર ઉપર જીત થઈ. રજની વીતી ગઈ. અંધકાર પર પ્રકાશના વિજયનું નામ જ 'પ્રભાત' છે, ખરુંને કેશવ?



કેશવ: માટે જ "**तमसो मा ज्योतिर्गमय**"ની આકાંક્ષા રાખીએ. જીવનની સફળતા પ્રકાશમાં જ છે. અંધકારની છાયામાં તો પાપ ને મૃત્યુ ખેલ ખેલ્યા કરે છે. (ઝડપથી દૂતના આવવાનો પાદ-ધ્વનિ.)

દૂત: સર્વનાશ થયો, સર્વનાશ! નીચ નરાધમે સર્વનાશ કરી નાખ્યો!

ધર્મરાજ: હૈં, હૈં? શું થયું દૂત? શાનો સર્વનાશ?

પાર્થ: શું થયું? કોનો સર્વનાશ? નીચ નરાધમ કોણ?

દૂત: કહી નથી શકતો. જલદી ચાલો, જલદી ચાલો, જલદી ચાલો. આતતાયી અશ્વત્થામાએ, ક્રૂર કૃપાચાર્યે—કૃતવર્માએ...

કેશવ: દેવી દ્રૌપદી તો કુશળ છે ને? તેના પુત્ર—પાંચાલવીર?

દૂત: મ...હા...રા...ણી દ્રૌપદી...પુત્ર...વંચિતા દ્રૌપદી! રાક્ષસે પાંચે પુત્રોની હત્યા કરી નાખી!!

પાર્થ: કેશવ! આ હું શું સાંભળી રહ્યો છું?

ધર્મરાજ: હે રામ!

પાર્થ: ચાલો, કેશવ. હવે હું અહીં પળ પણ નહિ રોકાઈ શકું.

કેશવ: ચાલો, પાર્થ, ભીમ, ધર્મરાજ! (થોડી વારે) અંધકારની છાયામાં જ પાપ અને મૃત્યુ ખેલ ખેલી જાય છે. (દરેકના જવાનો અવાજ)

દૃશ્ય બીજું

શ્યામા: મહારાણીજી! આપની પાસે જ ભગવાન કૃષ્ણ ઊભા છે.

દ્રૌપદી: કૃષ્ણ! કૃષ્ણ! મારા ભાઈ કૃષ્ણ! (રડે છે.)

કેશવ: શાંત થા, દ્રૌપદી!

દ્રૌપદી: કેશવ! (રડે છે.) શાંત થાઉં? શાંત કેમ થાઉં? મારાં બાળ—મારાં પાંચે બાળ,—મારા પ્રાણ... (જોરથી રડે છે.)

કેશવ: દુર્ભાગ્યનો આ અંતિમ આઘાત છે, દેવી! એને પણ સહેવો પડશે. દ્રૌપદી, શાંત થા.

દ્રૌપદી: દુર્ભાગ્ય!—અને શાંત થાઉં? હા, શાંત થવું જ પડશે; અબલા છું ને? સહેવું અને રડવું... સ્ત્રીના ભાગ્યમાં એટલું જ છે, કેશવ! હાય! ધર્મરાજની ધર્મધ્વજા ફરફરતી જ રહી ગઈ, ગાંડીવનો ટંકાર થતો જ રહ્યો અને અહીં એક નહિ, પણ પાંચ પતિઓથી સંરક્ષિત અભાગિણી ઉપર દુર્દૈવ, દુર્ભાગ્યના આઘાત થતા જ રહ્યા!

ધર્મરાજ: કેશવ!

દ્રૌપદી: શાંત રહેવાનો ઉપદેશ આપો છો? મને?—દ્રૌપદીને? મર્માહત દ્રૌપદીને? પુત્રવિહોણી દ્રૌપદીને? અત્યારે પણ ગીતાનો ઉપદેશ આપવાની ઈચ્છા થઈ છે કે શું? તો આપના શિષ્ય સામે જ ઊભા છે—નતશિર, વિનમ્રમૂર્તિ સમા!

પાર્થ: પ્રિયે!

દ્રૌપદી: (કઠોર સ્વરે) આ સંબોધનની હું ભૂખી નથી, આર્યપુત્ર! તમે તો કૌરવો સાથે યુદ્ધ કરી ચૂક્યા. હવે આ ગાંડીવ મને આપો. હું જ મારાં દુર્દૈવ ને દુર્ભાગ્ય સામે યુદ્ધ કરીશ. (રડે છે.) મારા પાંચે પુત્ર...

ધર્મરાજ: કેશવ! કેશવ! હૈયું બેસી રહ્યું છે; પ્રાણ ચાલ્યા જતા હોય એવું લાગે છે!

કેશવ: નકુલ! સહદેવ! ધર્મરાજને ક્યાંક અન્યત્ર લઈ જાઓ. બહેન દ્રૌપદી! આઘાત તો સહન કરવા માટે જ હોય છે.

ભીમ: (દાંત કચકચાવતાં) આતતાયી અશ્વત્થામા! સૂતેલા સિંહ-શાવકોની તેં આ દશા કરી? નીચ! પામર! ગદા વતી તારા મસ્તકના ચૂરેચૂરા કરીને જ હું જંપીશ.

દ્રૌપદી: કેશવ, ભાઈ કેશવ!.. (રડે છે.) શું કરું હવે? અરેરે મારા પુત્રો!

કેશવ: શાંતિ ધર, દ્રૌપદી! અત્યાર સુધીમાં તને કેટલી બધી વાર મૂર્છા આવી ગઈ છે! થોડીક શાંત થા.

પાર્થ: કેશવ! રગોમાં ગરમ લોહી સમાઈ નથી શકતું. તમારા મહાભારતનો અંતિમ વિરામ હજી બાકી રહ્યો લાગે છે. ચાલો સારથિ, અશ્વત્થામાનું આતતાયીપણું પોકારી રહ્યું છે. એક ક્ષણ પણ મારાથી હવે અહીં નહિ રહેવાય. જ્યાં સુધી તેના શરીરને પંચભૂત ભેગું નહિ કરું ત્યાં સુધી મને ક્યાંય ચેન નહિ મળે. કેશવ! ચાલો, વિલંબ ન કરો.

દ્રૌપદી: નહિ આર્યપુત્ર, નહિ! તમે એનો વધ નહિ કરતા. કેવળ બાંધીને અહીં લાવજો. (દાંત પીસીને) એના પ્રાણની હું ભૂખી છું. જીવનમાં મેં ક્યારેય કૃપાણને સ્પર્શ નથી કર્યો, પરંતુ એ હત્યારા ચાંડાલનું શિર મારા હાથથી કાપીશ. એના મસ્તક ઉપર પગ રાખીને મારા પુત્ર-શોકનું સ્નાન કરીશ. હત્યારો! આતતાયી!! નરાધમ!!!

(મૂર્છિત થઈને પડવાનો અવાજ)

કેશવ: શાંત થા, બહેન શાંત થા! આટલી બધી ઉત્તેજિત શા માટે થાય છે? એક નારીની આવી ઉત્તેજના શોભાસ્પદ નથી. નારી-હૃદય માખણ જેવું કોમળ ને ભક્તિ જેવું પવિત્ર હોય છે. આ જગતનું શિશુત્વ આવી જ કોમળ વૃત્તિઓથી પોષાય છે. સ્ત્રીનું માતૃ-રૂપ એટલે જ પૂજનીય છે. સ્ત્રી-હૃદય જ દયા, ક્ષમા અને કરુણા જેવી કોમળ વૃત્તિઓ પાળી શકે છે.

શ્યામા: ભગવન્! દેવી મૂર્છિત અવસ્થામાં છે.

કેશવ: ચિંતા ન કર, શ્યામા! શોકના આવેગમાં મૂર્છા હિતકર છે. તું ઉચિત ઉપચાર કરજે. અમે જઈએ છીએ. (સૌના જવાનો અવાજ)

★ [વર્ણનકાર: પુત્રશોક કેટલો મર્માંતક હોય છે તે વાણીમાં વ્યક્ત થઈ શકે એમ નથી. દીન દ્રૌપદી એટલી બધી શોકાતુર થઈ ગઈ કે સંજ્ઞાહીન જેવી બની ગઈ. એની લાંબી મૂર્છાને સઘળાં નિદ્રા સમજે છે, અને વિલાપ-કથનને પ્રલાપ.]

શ્યામા: મહારાણી આમ વધુ વખત સુધી ઊંઘી રહેશે તો તેમને વિશ્રામ મળશે. એટલામાં હું અન્ય કામ સમાપ્ત કરું.

દ્રૌપદી: (એકાએક જાગૃત થઈને) નહિ, નહિ, નહિ! અબળા નારી નથી, નારી નથી! નારી કરતાં પણ હું આગળ જઈશ. હું મા બનીશ, મા.

શ્યામા: મહારાણી, શાંત થાઓ. આપ આ શું બોલી રહ્યાં છો? કંઈ સ્વપ્ન જોયું?

દ્રૌપદી: ઓહ! સ્વપ્ન?... શું એ સ્વપ્ન હતું?

શ્યામા: હા દેવી, એ સ્વપ્ન જ હશે. આપ ઊંઘમાં હતાં અને સહસા ચોંકી ઊઠયાં.

દ્રૌપદી: નહિ, શ્યામા, એ સ્વપ્ન ન હતું. દેવના મુખમાંથી કેવી ઉદાત્ત ભાવનાઓ સાંભળતી હતી! મન વળિયે ચાલ્યું જતું હતું અને હૃદય ઉપર આવતું હતું. હું મા બનીશ. મને માતૃત્વ મળ્યું છે. ચોક્કસ એ સ્વપ્ન ન હતું.

શ્યામા: ગમે તે હો, પરંતુ આપ જે જોઈ રહ્યાં હતાં એ પાર્થિવ જીવન ન હતું એ સત્ય છે. અહીં તો ન હતાં કોઈ દેવદેવી કે ન હતો ઉદાત્ત ભાવ. પાંપણોમાં છુપાએલાં જે સ્વપ્ન હોય છે એ કટુ હોય કે મધુર, પરંતુ હોય છે અસત્ય.

દ્રૌપદી: શ્યામા, કદાચ એ સ્વપ્ન હશે, પરંતુ મારા માટે એ સત્ય કરતાં પણ વિશેષ છે. સ્વપ્ન! હા, એ સ્વપ્ન જ હતું, પરંતુ હવે એ સ્વપ્ન નહિ રહે. હું એને સાકાર સ્વરૂપ આપીશ. આવાં સ્વપ્નોને સાકાર બનાવવામાં જ જીવનની સાર્થકતા છે.

શ્યામા: મારી ધૃષ્ટતા માટે ક્ષમા કરશો, પરંતુ એ સ્વપ્નવૃત્ત હું સાંભળી શકું?

દ્રૌપદી: શ્યામા, મારી સખી, દેવની વાણી હજી પણ કાનમાં ગુંજી રહી છે. આજે એવી પ્રતીતિ થાય છે કે અત્યાર સુધી જે બન્યું તે સારું હોય કે ખરાબ, પરંતુ ઉચિત તો ન હતું જ.

શ્યામા: હશે.

દ્રૌપદી: હશે નહિ, છે જ. પોતાની આસપાસ એક સંકુચિત વર્તુલ રચીને માનવ કેટલો બધો સીમિત અને દયાપાત્ર થઈ જાય છે! ક્ષુદ્ર માનવ પોતાની સત્તાલાલસાને લીધે જ્યારે અત્યંત મર્યાદિત એવી ચીજને 'પોતાની' કહીને સંતોષ મેળવે છે ત્યારે એ ભૂલી જાય છે કે એણે વ્યાપક વિશ્વ-ધનથી પોતાને વંચિત રાખ્યો છે. હૃદયની વ્યાપકતામાં જ જીવનની સાર્થકતા છે, સમજી શ્યામા!

શ્યામા: જી, કશું સમજાતું નથી.

દ્રૌપદી: શ્યામા, મને પણ આજે જ આ સમજાયું. પોતાનું અને પરાયું એ મોહભાવનાના પરિણામે તો આ નર-સંહાર થયો. આજે સમજાય છે કે જેને બધાએ 'ધર્મયુદ્ધ' કહ્યું છે એની પાછળ અધિકાર-લિપ્સા હતી, પોતાના-પરાયાની ભાવના હતી, મર્યાદિત અને સંકુચિત દૃષ્ટિ જ હતી. અરે, હમણાં મેં જે જોયું, સાંભળ્યું, એને તું સ્વપ્ન કહે છે? પહેલાં જ આ સ્વપ્નને જોયું હોત તો આ અઢાર અક્ષૌહિણીની હત્યા ન થાત, હિંસાનું આવું તાંડવ ન થાત. અરેરે! વ્યક્તિના સ્વાર્થને જ ધર્મ માન્યો અને માનવધર્મની ઉપેક્ષા કરી.

શ્યામા: મહારાણી, આપ વિશ્રામ કરો.

દ્રૌપદી: મહારાણી? ના, ના, માત્ર નારી;—નારી પણ નહિ, મા, ફક્ત મા; કેમકે નારીત્વની સાર્થકતા મા થવામાં જ છે. સ્ત્રી તો એક ક્ષણ માટે જ પત્ની છે, અંતકાળ સુધી તો તે મા જ છે.

શ્યામા: આપ સહજ શાંત થાઓ. પુત્રશોક આવો જ મર્માન્તક હોય છે; અને આ તો વળી એકીસાથે પાંચ પુત્રોનો શોક!

દ્રૌપદી: પાંચ પુત્રો? માત્ર પાંચ પુત્રો? નહિ, નહિ, તું નહિ સમજે. જે જનની-જાતિનાં અનંત બાળકો સદાને માટે સૂઈ ગયાં છે, એની પીડા તું ક્યાંથી સમજે?

શ્યામા: દુઃખી ન થાઓ, મહારાણી! જેના વિશાળ હાથોમાં ગાંડીવ છે એને માટે અશ્વત્થામાનું શિર લઈ આવવું એ કંઈ મોટી વાત નથી. થોડુંક ધૈર્ય ધરો. દૂતે સમાચાર આપ્યા છે કે અશ્વત્થામા પકડાઈ ગયો છે અને એને બાંધીને અહીં લાવવામાં આવે છે.

દ્રૌપદી: અહીં લાવે છે? તો તો સારું.

શ્યામા: હા, તેને સાથે જ લઈને આવે છે. તમારી સામે જ એ દંડિત થશે, જેથી એ નરાધમ, આતતાયીની હત્યાથી તમને સંતોષ થાય.

દ્રૌપદી: એની હત્યાથી મને સંતોષ થાય? બરોબર, બરોબર છે. આજ સુધી આમ જ થતું આવ્યું છે; પરંતુ...પરંતુ...

શ્યામા: મારાથી કંઈ ભૂલ થઈ?

દ્રૌપદી: ભૂલ તો થઈ ચૂકી મારાથી. હવે શું?

(ઘોડાઓની ખરીઓનો અવાજ, રથનો અવાજ, પાદ-ધ્વનિ.)

ભીમસેન: આવી ગયા કે? પરંતુ કેશવ, તમને મળવા કરતાં તો આ અશ્વત્થામાને મળીને આજે હું વધુ પ્રસન્ન થયો. કેમ નિશાવીર! નરાધમ! આવી ગયા? (થોડી શાંતિ) કેમ બોલતો નથી? મોંમાં જીભ

રહી છે કે નહિ? લે દુષ્ટ, મારા સ્વાગતને સ્વીકાર.

(ગડદા મારવાનો અને હુંકારો થવાનો અવાજ)

કેશવ: અરે, આ શું? ભીમદેવ: હાથ ચલાવવા લાગ્યા? આગતનું આ પ્રકારે સ્વાગત કરવાનું? હમણાં થોભો, જુઓ, ધર્મરાજને બોલાવો. દેવી દ્રૌપદી ક્યાં છે?

ભીમસેન: દ્રૌપદી? એ તો અત્યારે જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાય છે, કેશવ! દાસીએ હમણાં જ સમાચાર આપ્યા કે એ વારંવાર મૂર્છિત થઇ જાય છે અને મૂર્છા નથી હોતી ત્યારે પ્રલાપ કરે છે. હૃદયની બળતરા મસ્તક સુધી પહોંચી હશે.

કેશવ: તો તો આપણે ત્યાં જ જઇએ. પાર્થ, અશ્વત્થામાને ત્યાં જ લઈ જઇએ.

(થોડા સમય પછી: હરમ્યાનમાં ચાલવાનો અવાજ)

દ્રૌપદી: આવી ગયા ભાઇ?

કેશવ: હા, આવી ગયા છીએ. અને આ રહ્યા પાર્થ, તથા અશ્વત્થામા —જેના પ્રાણોની તું ભૂખી છે.

પાર્થ: પ્રિયે, ધર્મરાજને આવી જવા દો, પછી આ આતતાયીનો અતિથિ-સત્કાર તારે કરવાનો છે.

ભીમસેન: એના પ્રાણ કૃપાણ લે કે ગાંડીવનું કોઈ બાણ, પરંતુ એના મસ્તક ઉપર તો મારી ગદા જ પડશે. એને એનો અધિકાર છે, કેમકે અવંતીરાજના 'અશ્વત્થામા' નામના હાથીને મારી આ ગદાએ જ સમાપ્ત કર્યો હતો. આ પણ અશ્વત્થામા જ છે... 'कुंजरो वा नरो'.

કેશવ: જે બંધનમાં હોય એનું અપમાન કરવું ઉચિત નથી, ભીમ.

દ્રૌપદી: એને બંધનમુક્ત કરો, ભાઈ કેશવ. એ દયાનો અધિકારી છે.

પાર્થ: બંધનમુક્ત? દયાનો અધિકારી? (ધર્મરાજનો પ્રવેશ-ધ્વનિ)

કેશવ: આવો ધર્મરાજ. લ્યો, આપનો પાર્થ આતતાયી અશ્વત્થામાને પકડી લાવ્યો છે.

ધર્મરાજ: જોયો મેં એને, કેશવ.

કેશવ: કેમ, ધર્મરાજ! આપ આટલા બધા ગંભીર કેમ છો? પ્રકૃતિ તો સારી છે ને?

ધર્મરાજ: મનની સ્વસ્થતા એ જ પ્રધાન છે, જેને હું ગુમાવી બેઠો છું; અને તમે હરિકજણ જેને વિજય માનો છો તે મારે મન પરાજયથી યે અધિક છે.

કેશવ: એવું શા માટે, ધર્મરાજ?

ધર્મરાજ: ધર્મરાજ? ધર્મરાજ!! કોઇ 'ધર્મરાજ' કહીને મને સંબોધિત કરે છે ત્યારે મને થાય છે કે આ ભૂમિ ફાટી જાય અને હું એમાં સમાઈ જાઉં. આ તમારા ધર્મરાજે કયો અધર્મ નથી કર્યો? અવંતિરાજના હાથીને મારી નાખવામાં આગ્રહ હતો પરંતુ ગુરુ દ્રોણને દગો દેવા માટે હું અસત્યભાષી થયો. અને આ ભીષણ નરસંહાર! આ બધાં આત્મીય જનોની હત્યાનું પાપ મારે માથે જ છે. નાશ... સર્વનાશ! લોહીથી ખરડાએલી ધરા ઉપર પગ પણ મૂકવો મુશ્કેલ છે, અને આપણે બધા એના ઉપર રાજ્ય કરવા માગીએ છીએ!

પાર્થ: હવે શું? જે થઇ ગયું એ થઈ ગયું!

ધર્મરાજ: એવું નથી, પાર્થ! પંકમાંથી જ પંકજ પેદા થાય છે. પંકજની તો આપણે પ્રશંસા જ કરીએ છીએ, પરંતુ પંકની મલિન છાયા મન ઉપર પડયા વિના રહેતી નથી.

કેશવ: ઠીક, મૂકો એ વાત. આ ક્રૂર અશ્વત્થામાએ જે કરુણ પ્રસંગનો આરંભ કર્યો હતો, તેનો હવે અંત પણ અશ્વત્થામાથી જ કરીએ. બહેન દ્રૌપદી, અશ્વત્થામા આ રહ્યો. હવે સ્ત્રીના કરની કૃપાણ પોતાનું કામ કરશે. તને એના પ્રાણની ભૂખ હતી ને?

દ્રૌપદી: નહિ ભાઈ! માનવની કૃપાણ ઊઠે છે ત્યારે માનવનું જ પતન થાય છે. એ જ કૃપાણને ઉઠાવીને સ્ત્રી કેટલી બધી નીચી પડશે? આજે અશ્વત્થામાનો પ્રાણ નહિ, એનું જીવન મને જોઈએ.

કેશવ: આ તું શું કહે છે? એનો શો અર્થ?

દ્રૌપદી: કેશવ! દ્રૌપદીનું નારીત્વ મરી પરવાર્યું છે. પુત્રોને ખોઇને આજે એને માતૃત્વ પ્રાપ્ત થયું છે. અશ્વત્થામાને મુક્ત કરી દો.

પાર્થ: શું? અશ્વત્થામાને મુક્ત કરવો?!

ભીમસેન: હવે તે મુક્ત નહિ થઇ શકે. હા, જીવનથી ચોક્કસ



મુક્ત થશે.

દ્રૌપદી: નહિ, નહિ, નહિ. હવે એ કશું નહિ થઈ શકે. પુત્રવિહીન નારીના આત્માને સમજો, આર્યપુત્ર! એને ખોઈને જ આજે સમજી શકું છું કે પુત્રશોક કેવો હોય છે. એ વેદના હવે અન્યને આપવા નથી માગતી. અશ્વત્થામાના પ્રાણ લઈ ને એની માતા ગૌતમીને એવી જ પીડા ન આપો, આર્યપુત્ર!

ભીમસેન: નહિ, ભાઇ પાર્થ! તું તારું પણ પૂર્ણ કર. દ્રૌપદી તો ગાંડી થઈ ગઈ છે.

દ્રૌપદી: નહિ, હું ગાંડી નથી થઈ; વસ્તુતઃ આજે જ ગાંડપણ દૂર થયું છે. હવે ગાંડીવ, કૃપાણ, ગદા કશું નહિ ઉઠાવવા દઉં. હું હાથ જોડું છું, છેડો પાથરીને અશ્વત્થામાના પ્રાણોની ભીખ માગું છું.

અશ્વત્થામા: દેવી દ્રૌપદી! જીવનના લોભને લીધે નહિ, પરંતુ સરળ શ્રદ્ધાથી નત, એવા આ નરાધમ અશ્વત્થામાનાં પદવંદન સ્વીકારો...જગજ્જનની...નારી!

ભીમસેન: ચાંડાલના મુખમાં વેદ? ચૂપ મર, નરાધમ!

દ્રૌપદી: એને ક્ષમા આપું છું. મુક્ત કરો, આર્યપુત્ર!

ભીમસેન: આ કૃપા, આ ક્ષમા અસામયિક છે, અપ્રાસંગિક છે.

દ્રૌપદી: કૃપા અને ક્ષમા કદી અસામયિક ન હોય.

પાર્થ: દયા? ક્ષમા? કરુણા? કદી નહિ, કદી નહિ. આતતાયીઓને માટે એ છે જ નહિ, હું એનો વધ કરીશ જ.

દ્રૌપદી: નહિ, નહિ. જે જેટલો અધિક પતિત–પાપી, એટલો એ અધિક કરુણાનો અધિકારી.ભાઇ કૃષ્ણ,દયા કરો.અશ્વત્થામાને છોડાવો.

કેશવ: પા...ર્થ...!

પાર્થ: નહિ કેશવ, એ નહિ બની શકે. પાર્થની પ્રતિજ્ઞા પૂર્ણ જ થશે.

કેશવ: ઠીક, તો જેવી ઈચ્છા!

દ્રૌપદી: ભાઇ! ભાઈ! તમે આ શું કહો છો? મારા અશ્રુજલથી હું જેને શાંત કરું છું એને તમે વધુ ભડકાવો છો?

કેશવ: તું અનુચિત નથી કરતી, દ્રૌપદી; પાર્થ પણ ઉચિત કરે છે.

દ્રૌપદી: ઉચિત કહો છો ને? તો હિંસાનો આ ખેલ અહીં નહિ રમાવા દઉં. (કૃપાણ ખેંચાવાનો અવાજ)

પાર્થ: મારો હાથ છોડી દે—છોડી દે!

દ્રૌપદી: હે રામ, આ માતૃ-હૃદયને શું કરું?

પાર્થ: આ શું કેશવ? દ્રૌપદીનો હાથ છોડાવ્યો ત્યાં તમે પકડ્યો?

કેશવ: હા, પાર્થ! એકનો હાથ છોડાવી શક્યો, પણ બીજાનો નહિ છોડાવી શકે.

પાર્થ: હમણાં જ તમે મારા મતને અનુમોદન આપ્યું ને?

કેશવ: સિદ્ધાંતનું સમર્થન હજી પણ કરું છું; પરંતુ...

પાર્થ: પરંતુ? શું પરંતુ? કેશવ! આ 'પરંતુ'ને મારા માર્ગમાં ન લાવો. આ પરંતુ, કિંતુ, પણ એ બધાં બહુ ઘાતક છે. કેટલાં યે શુભ કાર્યો આ 'પરંતુ'ના કારણે જ અટકી પડે છે.

કેશવ: 'પરંતુ'ને આટલું બધું ભયાનક ન સમજો, પાર્થ! ભાવનાઓ જ્યારે આંધી–ઝંઝાવાતનો વેગ લઇને આગળ ધપવા માગે છે ત્યારે એની આવી દ્રુતગતિમાં કેટલાંની દુર્ગતિ થાય છે તે એ નથી જોતી. આવા જ આવેશને 'પરંતુ' વિવેકનું પ્રતીક બનીને થોડા સમય સુધી રોકી રાખે છે—કંઈક વિચારવા માટે.

પાર્થ: નહિ, કેશવ! આ 'પરંતુ' આપણા હૃદયની દુર્બળતા છે, જે વિવેકનું રૂપ ધારણ કરીને સામે આવે છે. આપણી જ કાયરતા, આપણો જ ભય, આપણું જ આલસ્ય, આ 'પરંતુ'ના રૂપમાં ઉપસ્થિત થાય છે.

કેશવ: પાર્થ! વસ્તુ અને ઘટનાને આટલા બધા હીન સ્વરૂપે જોવાની જરૂર નથી. તું આતતાયી અશ્વત્થામાને મારવા ઈચ્છે છે ને? અવશ્ય માર. તું જ્યાં કશું સાંભળવા જ નથી માગતો ત્યાં શું?

દ્રૌપદી: ભાઈ, કેશવ! શું બદલાની આ ભાવના કદી શાંત જ નહિ થાય? આ હિંસાનો યુગ કદી સમાપ્ત નહિ થાય? અને આ સઘળું થાય છે આદર્શના નામે? સિદ્ધાંતના નામ ઉપર?

કેશવ: પાર્થ! મારા એક પ્રશ્નનો ઉત્તર આપી તારી પ્રતિજ્ઞા પૂરી કર.

પાર્થ: શો છે પ્રશ્ન?

કેશવ: શું તું પરિવર્તનમાં વિશ્વાસ નથી કરતો?

પાર્થ: (આવેશમાં) પ્રસંગ વિનાનો પ્રશ્ન ઉઠાવીને મને અટકાવો નહિ, નહિતર...

કેશવ: નહિતર! (ઉપહાસ; પછી ગંભીર) આવેશ વિવેકની સાથે હોય જ નહિ ને! એટલે જ તારા મુખમાંથી 'નહિતર' સાંભળી રહ્યો છું ને?(પ્રખરતાથી) મારો પ્રશ્ન તારા ઉત્તરની પ્રતીક્ષા કરી રહ્યો છે, પાર્થ!

પાર્થ: ક્ષમા માગું છું, કેશવ! પરિવર્તન જગતનો નિયમ છે. એમાં અવિશ્વાસ કેવો?

કેશવ: ત્યારે તારો આ ક્રોધ વ્યર્થ છે.

પાર્થ: કેમ?

કેશવ: તું જે અશ્વત્થામાને મારવા ઇચ્છે છે એ અશ્વત્થામા હવે ક્યાં છે? એ તો પશ્ચાત્તાપના અગ્નિમાં બળી મૂઓ. બહેન દ્રૌપદીની કરુણાની ધારામાં ડૂબી ગયો. સુવર્ણની શુદ્ધિ અગ્નિથી થાય છે અને માનવની પશ્ચાત્તાપથી.

પાર્થ: મારે કંઈક કહેવું છે.

કેશવ: નહિ, પાર્થ! આ સમયે તારે કંઇક સાંભળવાની જરૂર છે. જુએ છે આ દ્રૌપદીને—જેણે એક વખત પાર્થની રગોમાં બદલાનું રક્ત વહેવડાવ્યું હતું, કૌરવોની સાથે વેરની વસૂલાત માટે સમરાગ્નિ સળગાવ્યો હતો? અને આજે એ જ દ્રૌપદી કરુણાની કોમળ મૂર્તિ સમી, ગોમુખી ગંગા બની રહી છે, સંસારશિશુને સારુ પોતાનું માતૃત્વ વહાવી મૂક્યું છે.

પાર્થ: એ તો છે જ.

કેશવ: અને આ અશ્વત્થામા? જેણે સદૈવ પાપનો જ પક્ષ લીધો, અધર્મનાં કૃત્યો કર્યાં અને હમણાં જ યામિનીના અંધકારમાં નીરવ શિબિરમાં ઊંઘતા વીરોની હત્યા કરી—આજે એ જ અશ્વત્થામા હૃદયના અંતરતમમાં હજારો વીંછીઓના દંશનો અનુભવ કરે છે. પશ્ચાત્તાપમાં બળીને, આત્મગ્લાનિમાં ડૂબીને જે મૂર્તિ તૈયાર થઇ છે એ અશ્વત્થામાની છે, છતાં યે નથી.

પાર્થ: કેશવ, આ શું? મારા હાથ શિથિલ...

કેશવ: બરોબર છે, પાર્થ! કૃપાણને મ્યાન કર અને શર હવે તૂણીરમાં જ રહેશે.

પાર્થ: જેવી હરિ-ઈચ્છા!

કેશવ: અશ્વત્થામા, સાંભળે છે?—તને ક્ષમાદાન મળ્યું છે!


અશ્વત્થામા: મને એની ઈચ્છા નથી, કેશવ! ક્ષમાદાનનો ભાર હું નહિ સહી શકું. મારે તો મૃત્યુ જોઇએ, મૃત્યુ. એ જ મારા પાપાત્માને શાંત કરશે...મૃત્યુ, કેવળ મૃત્યુ!...

કેશવ: આટલું બધું થવા છતાં યે તને મૃત્યુનો ચાહ છે, જીવનનો નહિ? અત્યાર સુધી બીજાંને મૃત્યુ આપતો રહ્યો, હવે જાતે જ મૃત્યુ માગે છે? શાંત થા, અશ્વત્થામા! આવેશમાં આ પુણ્ય ઘડીઓને અશાંત ન કર. હિંસા ઉપર માતૃત્વનો વિજય થયો છે.

મગજનાં વિવિધ અંગ

કાયાની કરામત
હપતો ૩૬મો

લેખક·ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



હવે આપણે મગજના બીજા ભાગો જોઈ એ. આની શરૂઆત ખોપરીના તળિયાથી કરીએ, તો પ્રથમ લંબ-મજ્જા (Medulla Oblongata or Bulb) આવે છે. આ ખરીરીતે તો, સફેદ ને ભૂખરાં દ્રવ્યાના બનેલા જ્ઞાનરજ્જુના (હવેથી કરોડરજ્જુને બદલે જ્ઞાનરજ્જુ શબ્દ વપરાય છે) વિસ્તૃત થએલા છેડાને મગજ સાથે જોડે છે. અહીંથી 'તંતુઓ' મોટા અને નાના મગજમાં જાય છે.

લંબમજ્જા

આ લંબ-મજ્જાનું સ્થાન રેલવેના મોટા જંક્શન સ્ટેશન જેવું છે. જતી-આવતી ગાડીઓ જેમ જંક્શન આગળ થોભીને જાય છે, તેમ મગજ ને જ્ઞાનરજ્જુમાં જતાઆવતા સંદેશા આ મજ્જામાં થઈને જ વહે છે. આ રીતે સંદેશાઓના વહનમાં આખા જ્ઞાનતંત્રમાં આ ભાગનું કાર્યક્ષેત્ર સૌથી વિશાળ છે.

વળી, તે જ્ઞાનરજ્જુની જેમ રિફ્લેક્સ ક્રિયાઓનું પણ કેન્દ્ર છે. જ્ઞાનરજ્જુ કરતાં પણ વધારે અટપટી નીચે દર્શાવેલી રિફ્લેક્સ ક્રિયાઓનાં કેન્દ્રો આ લંબમજ્જામાં આવેલાં છે. વળી શરીરનાં બન્ન પડખાં અનુસાર દરેકનાં બબ્બે કેન્દ્રો હોય છે: (૧) ગળવાનું કેન્દ્ર: તાળવું ગળું ને અન્નનળીની માંસપેશીઓનું વારાફરતી સમતોલ અને અનુકૂળ હલનચલન થવા માટેની ક્રિયા-આજ્ઞાઓ (Motor-impulses) અહીંથી મળે છે. આ ઉપરાંત બીજી ક્રિયાઓ જેવી કે (૨) ચાવવાની (૩) ચૂસવાની (૪) ઊલટી કરવાની (૫) ઉધરસ ને (૬) છીંક ખાવાની અને (૭) લાળ સ્રવવાની ક્રિયાઓનાં કેન્દ્રો અહીં આવેલાં છે.

આ બધી 'ઇચ્છાધીન ક્રિયાઓ' ઉપરાંત સ્વયંગતિક ક્રિયાઓનાં કેન્દ્રો પણ અહીં છે. આ છે: (૧) શ્વસનકેન્દ્ર (૨) હૃદયની તાલબદ્ધ ગતિનું નિયામક CarJio Inhibitory કેન્દ્ર (૩) હૃદયના વેગ વધારનાર કેન્દ્ર (૪) ધમનીની માંસપેશીઓ ઉપર અંકુશ રાખનાર કેન્દ્ર એ Vuso Motor Centre વળી મજ્જામાં એવું કેન્દ્ર છે કે જેની દ્વારા લોહીની નળીઓ પહોળી થાય છે. (૫) પ્રસ્વેદ-કેન્દ્ર. આ મુખ્ય કેન્દ્રો જ્ઞાનરજ્જુનાં ગૌણ કેન્દ્રો પર કાબૂ ધરાવે છે.

આ ઉપરાંત શ્રવણની (સાથે શરીરની સમતુલાની પણ) તેમજ સ્વાદની વિશિષ્ટ જ્ઞાનશક્તિઓનાં કેન્દ્રો પણ લંબમજ્જામાં જ છે.

નાનાં પ્રાણીઓ ઉપરના પ્રયોગો દ્વારા સાબિત થયું છે કે થોડું-થોડું કરીને આખું મોટું મગજ કાઢી લેવામાં આવે તોપણ તેનું જીવન લાંબો વખત ટકી શકે છે. આ જ રીતે મજ્જા સુધીની જ્ઞાનરજ્જુ કાઢી લેવામાં આવે તો પણ જીવન જોખમાતું નથી. મતલબ કે જ્યાં સુધી આ મજ્જા કાયમ હોય ત્યાં સુધી શ્વસનક્રિયા અને જીવન પણ ટકે છે. પરંતુ કોઇ પણ પ્રાણીમાં આ મજ્જાના મધ્ય ભાગને ઈજા પહોંચે કે તરત શ્વસનક્રિયા બંધ થાય છે અને શ્વાસાવરોધથી મૃત્યુ થાય છે. મજ્જા વિનાનું આખું જ્ઞાનતંત્ર અકબંધ હોય તોપણ આ દશા થાય છે.

માનવીમાં પણ મજ્જાને ઇજા કે રોગ થતાં તત્કાલ મૃત્યુ થાય છે. કોઇ ઊંચાણેથી પછડાતાં જો ગરદનના મણકા ખસી જઇને મજ્જાને ઇજા પહોંચે તો તેથી જાનહાની થાય છે. વળી આ મજ્જામાં સીધી ગોળી મારવાથી કે સળિયા ભોંકી દેવાથી પ્રાણીનું તાત્કાલિક અને વેદનારહિત મૃત્યુ થાય છે. કતલખાનાં અને પશુ-દવાખાનામાં આ જ હિકમત અજમાવાય છે.

મજ્જાસેતુ

લંબમજ્જાની ઉપર મજ્જાસેતુ (Pons) આવેલો છે. આ બન્ને ફૂલની દાંડીની જેમ મગજની દાંડી (Brain stem) રૂપ છે. સેતુ એટલે તંતુઓને જોડનારા તંતુઓ, જે નાના મગજના બે અડધિયાંને જોડે છે, જે જ્ઞાનરજ્જુ અને મજ્જાને મગજ સાથે જોડે છે.

નાનું મગજ (Cerebellum)

નાના મગજની રચના મોટા મગજના જેવી જ છે. એનાં યે બે અડધિયાં છે ને તેમને જોડનાર વચમાં પિંડ(lobe)છે. મોટા મગજની પેઠે નાનું મગજ પણ સફેદ ને ભૂખરા દ્રવ્યનું બનેલું છે, જે ઉપલી સપાટી ઉપર અને નિયત સ્થાનમાં સમાવા માટે ગડીઓ વળીને પડ્યું છે.

નાના મગજની ઉપયોગિતા જાણવા માટે થએલા અખતરાઓમાં નાના મગજનાં બે અડધિયાં કાઢી લીધેલા પ્રાણીઓની ગંધ, શ્રવણ, દર્શન, સ્પર્શ ને વેદનાની શક્તિઓ કાયમ રહેલી જણાઈ હતી. આથી નાનું મગજ જ્ઞાનના અવયવ નથી એમ સાબિત થયું. આ અખતરા-

આના પરિણામે પક્ષીઓની ચાલવાની, ઊભવાની, કૂદકા મારવાની અને સમતોલ રહેવાની શક્તિઓ તદ્દન નાબૂદ થઈ હતી. નાના મગજ-ના નાશથી ઈચ્છાઓ અને સંવેદનાઓ નષ્ટ નથી પામતી, પણ ફક્ત સમતોલ રહેવાની શક્તિ નાશ પામે છે.

પણ આ હકીકત ઊંચી કક્ષાનાં પ્રાણીઓને (માનવીને પણ ખરું) લાગુ પડતી નથી. એમનામાં તો નાના મગજનું કાર્ય ફક્ત ઐચ્છિક હલનચલનનું સહનિયમન કરવાનું છે, માંસપેશીઓની સહિયારી કામગીરી માટે ઉત્તેજના આપવાનું છે. અગાઉ જણાવી ગયા છીએ તેમ નાના મગજના દરેક અડધિયાનો કાબૂ શરીરની સામી બાજુની માંસપેશીઓ ઉપર છે. એટલે હલનચલનની દરેક ક્રિયા વખતે બન્ને અડધિયાંનું કામ અરસપરસમાં સમન્વય ભરેલું હોવું જરૂરી છે.

ઇજા કે રોગથી નાના મગજનાં બે અડધિયાંનો જો નાશ થાય તો 'ઍસાઇનર્જિયા'(Asynergia–ઐચ્છિક હલનચલનમાં સહનિયમન-નો અભાવ)ની દશા આવી પડે છે. આમાં શરીરનું ઝોલાં ખાવું, લથડતી ચાલ,માંસપેશીઓની ધ્રુજારી, થોથરાતી જીભ વગેરે ચિહ્નો હોય છે.


સુમેળભર્યા હલનચલન માટે નાનું મગજ મોટા મગજ સાથે ગાઢ-રીતે જોડાએલું હોવું જરૂરી છે.

સંદેશવાહક કૉર્પસ કૉલોઝમ

મોટા મગજનાં બે અડધિયાં વચ્ચે ઊંડો ચીરો (clafe) આવેલો છે, જેની નીચે બે અડધિયાંને જોડતો તંતુઓનો પુષ્ટ થોકડો આવેલો છે. એનું નામ કૉર્પસ કૉલોઝમ (Corpus Collosum). મગજના એક અડધિયામાં આવેલા સંદેશાઓનું એના દ્વારા જ ત્વરિત બીજા અડધિયામાં વહન થાય છે. પરિણામે આપણું દરેક કામ આખા મગજની દોરવણી નીચે જ થાય છે.

કૉર્પસ સ્ટ્રાએટમ

મગજના પાછલા ભાગમાં, બંને અડધિયાંના તળમાં ભૂખરા દ્રવ્યના બે અંડાકૃતિ પિંડો (Mass) આવેલા છે. એનું નામ છે ઊર્મિ-મગજ (Thalamus). તેની બહારની બાજુ ભૂખરા દ્રવ્યના 'કૉર્પસ સ્ટ્રાએટમ' (Corpus Striatum) નામના બીજા બે પિંડ આવેલા છે. તે મોટા મગજ, ઊર્મિમગજ, નાના મગજ તેમજ જ્ઞાનરજ્જુના તંતુઓ—સર્વ સાથે જોડાએલા છે. આમનું કામ માંસપેશીઓની દૃઢતા જાળવવાનું છે. નિરામય અવસ્થામાં માંસપેશીઓ ઢીલી–પોચી



મગજને વચ્ચેથી છેદતાં દેખાતા અંદરના ભાગ

કે નરમ નથી રહેતી, પણ જરા સંકોચાએલી એવી ઘટ્ટ અને સ્થિતિ-સ્થાપક રહે છે, કે જે વખત આવે સંકોચાવા માટે તત્પર હોય છે.

કૉર્પસ સ્ટ્રાએટમના આ બે પિંડો વચ્ચે સફેદ દ્રવ્યનો એક પટ્ટો છે. એનું નામ 'ઇન્ટર્નલ કૅપ્સૂલ' (Internal Capsule) છે. આ પટ્ટાની અગત્ય એ છે કે જ્ઞાનરજ્જુનો દરેક તંતુ તેમજ તે ભણી જતા બીજા તંતુઓ આ ભોગદા જેવા અવયવમાંથી જ પસાર થાય છે.

ઊર્મિમગજ

અગાઉ ઊર્મિમગજનો ઉલ્લેખ કેટલીક વાર આવી ગયો છે. ગંધ સિવાયની બધી સંવેદનાઓ વહી જતા તંતુઓ ઊર્મિમગજના કોષો સાથે સંપર્કમાં આવ્યા બાદ જ મગજમાં જાય છે. આનો અર્થ એ કે આપણી બધી સંવેદનાઓનું સ્થૂલ જ્ઞાન અહીં થાય છે. સામાન્ય સંદેશાઓ અહીં સ્વીકારાય છે. ખાસ ધ્યાન માગતા સંદેશાઓ મગજમાં જાય છે. અણખીલેલાં મગજવાળાં નીચી કક્ષાનાં પ્રાણીઓમાં બધી સંવેદનાઓનું જ્ઞાન આ ઊર્મિમગજમાં જ થાય છે. સ્પર્શ, દબાણ, ઉષ્મામાન, તથા માંસપેશીઓ ને સંધિબંધોની સ્થૂલ સંવેદનાઓનું જ્ઞાન અહીં થાય છે. આમાંની છેલ્લી બે સંવેદનાઓ નાના મગજમાં ગયા બાદ ત્યાં એમનું જ્ઞાન થાય છે. વળી એમ પણ નક્કી થયું છે કે વેદનાનું જ્ઞાનકેન્દ્ર પણ ઊર્મિમગજમાં છે. કોઈ ઈજા કે રોગથી એના કોઇ ભાગનો નાશ થતાં આપણને અસહ્ય ને અકલ્પ્ય વેદના થાય છે.

નાનું ઊર્મિમગજ

ઊર્મિમગજ આગળ પાછું એક 'નાના ઊર્મિમગજ' (Hypothalamus)નું સ્થાન છે. પ્રાણીસૃષ્ટિના વિકાસક્રમની યોજનાઓમાં આ જૂનામાં જૂનો ભાગ છે, એટલે તે તો દરેક પ્રાણીમાં અસ્તિત્વ ધરાવે જ છે. અહીં શરીરની ગરમી, ઊંઘ, જીવનક્રિયા (Metabolism) વગેરેનાં કેન્દ્રો છે. વળી ઈર્ષ્યા, દ્વેષ, પ્રેમ, ધિક્કાર, ચિંતા, ભય, ક્રોધ, અભિમાન આદિ વાસનાઓનું ઉદ્ભવ-કેન્દ્ર પણ આ જ છે. આ બધી પ્રાથમિક કે પાશવિક ભાવનાઓ (Primitive emotions) છે, જ્યારે બુદ્ધિ, વિવેક, તર્ક, શીલ વગેરે માનવ-સહજ ઉચ્ચ ભાવો છે. આનું સ્થાન મગજના કપાળના ભાગમાં હોવાનું આપણે જાણી ગયા છીએ. આમ હોવાથી મગજનો આગલો ભાગ 'માનવ મગજ' (Human Brain) કહેવાય છે, જ્યારે ઊર્મિમગજવાળો પાછલો ભાગ 'પ્રાણી-મગજ' (Animal Brain) તરીકે ઓળખાય છે.

ઊર્મિમગજ મગજના આગલા ભાગ સાથે તંતુઓથી જોડાયું હોઇ પાશવી ભાવનાઓનાં પૂરનાં પૂર માનવ મગજ ભણી ઠલવાયા કરે છે. જ્યાં બુદ્ધિ, મેધા, પ્રજ્ઞા, વિવેક આદિ ઉચ્ચ ભાવો એને દબાવે છે. પરંતુ પ્રબળ પ્રાથમિક ભાવો બુદ્ધિ વગેરેના કાબૂમાં નથી રહેતા. આથી મગજ-માં સદા આસુરી ને દૈવી વૃત્તિઓ વચ્ચે દ્વંદ્વ ચાલ્યા કરે છે. **इच्छाद्वेष समुत्थेन द्वंद्वमोहेन** (ઇચ્છા દ્વેષથી ઉદ્ભવતા મોહનું દ્વંદ્વ–ગીતા ૭-૨૭.)

નાડીઓ

હવે આપણે મગજમાંથી નીકળતી નાડીઓ વિષે જાણીએ. મગજ-માંથી બાર નાડીઓનાં જોડકાં નીકળે છે જે નાક, આંખ, દાંત, જીભ, લાળગ્રંથિઓ ને ચહેરા ઉપર સર્વત્ર પથરાએલી છે. આમાંની દસમી નાડી "વૅગસ" (Vagus) વિષે જાણવા જેવું છે. વૅગસ એટલે પરિ-ભ્રમક–Wanderer. એ નામ પ્રમાણે જ એનું કાર્યક્ષેત્ર છે. એના બહિર્વાહી તંતુઓ મજ્જામાંથી નીકળી, છેક અન્નનળી, કંઠનળી, હૃદય, હોજરી, નાનાં મોટાં આંતરડાં અને સ્વાદુપિંડની ગ્રંથિઓ સુધી વિસ્તરેલા છે, જ્યારે સંવેદનાવાહક અંતર્વાહી તંતુઓ ફેફસાં, કંઠનળીની આંતરત્વચા હોજરી તથા મુખ્ય ધમનીમાંથી આવે છે. (ચાલુ)

વેચાઈ ગયું છે



લેખક
પ્રબોધ જોષી

સવારે જ્યારે તેણે દાળમાં કોકમને બદલે શીંગોડાંનાં ફોતરાં નાખ્યાં ત્યારથી જ મને ખાતરી હતી કે આજ દિવસ બગડવાનો. અમે જ્યારથી તેની સાથે પરણ્યા ત્યારથી જ અમારો ભવ તો બગડેલો છે. તેમાં યે વળી તેને અથાણું કરતાં તેની પૈસાદાર બાપની પત્ની એવી માએ નથી શીખવ્યું, એટલે અમારું દરેક વર્ષે તો બગડે જ છે.

સાંજે હું ઑફિસેથી ઘેર આવ્યો કે તરત તેણે કહ્યું, ૨૯મીએ 'મમ્મીની વર્ષગાંઠ છે.'

અમે કૅલેન્ડર સામે જોયું. ૧૯મી થઈ હતી. અમને તેની મમ્મી પસંદ નથી, તોપણ તેને ખુશ કરવા કહ્યું, 'સરસ! સરસ!!'

તેણે તરત જ મૂળ વાત ઉપર આવતાં કહ્યું, 'મારે તેને કંઈક ભેટ આપવી પડશે.'

'તારે! તારાથી તે અપાતું હશે?!'

'હા, વળી; તમને ખબર નથી. આજકાલ તો છોકરીઓએ માને આપવી પડે છે.'

'ગાંડાવેડા ન કર! આપણે બંને ભેગાં થઈને એક સરસ હાર લઈ જઈને પગે લાગીશું!'

'મેં તમારી સાથે લગ્ન કર્યાં તે જ ભૂલ કરી! તમે તો લોભિયા છો. મારાં માબાપને લૂંટવા માગો છો.'

શું લૂંટું એનાં માબાપને? લૂંટવા ગએલો દલ્લો, ને મળી ગઈ આ! પડ્યું પાનું નિભાવી લેવું જ પડે ને? મેં સમાધાન કરતાં કહ્યું, 'ચાલ, હવે એ વાત જવા દે. બોલ, ચા તૈયાર છે કે?'

'ચાની વાત પછી. જુઓ, આપણને લગ્નમાં જે ભેટો મળી છે તેમાંથી હું કંઈ જ ઓછી કરીને મમ્મીને નહિ આપું. એમ કરો; મને થોડા પૈસા આપજો. હું કાલે લઈ આવીશ.'

હું એને બરાબર ઓળખું છું. મેં કહ્યું. 'તને આપું એટલે તું ભેટને બદલે તારે માટે જ કંઈ લાવેને?' પણ તેણે તો ઈન્કમટૅક્સ ભેગા કરનારા ને વીજળીનું બિલ ઉઘરાવનારાની પેઠે હાથ લંબાવ્યો. મેં ઓશિયાળું મોં કરીને તેના હાથમાં વીસ રૂપિયા મૂક્યા. પણ એ હાથ હાલ્યો નહિ. તેણે પીછેહઠ ન કરી, એટલે બીજી ત્રણ નોટો મૂકવી પડી. તે ખુશ થઈને અંદરના ખંડમાં ચાલી ગઈ.

૨૦મીએ સાંજે અમે ઘેર આવ્યા ત્યારે તે નહોતી. થોડી વાર પછી તે આવી. તેની સાથે એક પિત્તળની ટાલ હતી; સ્ત્રીઓને લગતાં સાત પુસ્તકો હતાં, પાઉડરના અને ચૉકલેટના ડબ્બા હતા. ચાર બ્લાઉઝ-પીસ હતા અને એક લેધરનું લૅમ્પશેઈડ હતું!

'આમાંથી મમ્મી માટે શું છે?'

તેણે કહ્યું, 'મને થયું કે ૫૦માં તો મમ્મી માટે કંઈ નહિ આવે; એટલે પછી આપણે જોઈતી ચીજો જ લેતી આવી!'

'ચક્કર છે તું!'

તેણે એક ચૉકલેટ મોંમાં મૂકતાં કહ્યું, 'શું કહ્યું?' અમે ગભરાઈ ગયા ને બાજી બદલતાં બોલ્યા, 'કહુંછું, એકલી જાય તો પૈસા ખૂટે જ ને? કાલે હું તારી જોડે પાકીટ લઈને જ આવીશ.'

બીજે દિવસે, ૨૧મી તારીખે સવારે અમે પૂછ્યું, 'તારી મમ્મીને શું ગમશે?'

'ચાંદીનું તરભાણું.'

'તરભાણું?'

'હા, હવે તે આચમની, પવાલી અને તરભાણાથી પૂજા કરે છે.'

'સારું. તો તું બેસ, હું જ લઈ આવું છું.'

હું બાજુના જ્વેલરને ત્યાંથી ૩૦ રૂપિયાનું કસીન તરભાણું લઈ આવ્યો. તો તે બોલી, 'હું યે ભૂલકણી છું ને? મમ્મીએ મને એ જ લગ્ન વખતે પ્રેઝન્ટ આપ્યું છે, એટલે હવે આ આપીશું તો પાછું આપ્યું એમ લાગશે.'

'તો હજુ વખત છે; પાછું આપી આવું.'

'ના રે, એ તો કામ લાગશે. અને પૂજાની વસ્તુ પાછી ન આપીએ.'

'જો. તારી મમ્મીને પ્રેઝન્ટની લાલચમાં ૮૦ તો વપરાઈ ગયા છે.'

'મને દુઃખ થાય છે કે હું તમારા જેવા નાલાયક અને કંજુસ જોડે પરણી. મહિને સાડા સાતસો કમાઓ છો, પણ મારા ઘરનાંનું નામ આવે છે ને ચિંગૂસ થઈ જાઓ છો!'

ચૂપ! હા જી, અમે ચૂપ!

તેણે કહ્યું, 'ચાલો આપણે જોડે જ નીકળીએ. રસ્તામાં દુકાનો યે જોઈશું.'

યુગલ બહાર પડ્યું. રસ્તામાં એક 'ઍન્ટિક્સ'ની દુકાન આવી. 'ઍન્ટિક્સ' એટલે તો ખબર છે ને? જૂની પુરાણી કલાત્મક ચીજો. અમે શો રૂમમાં જોયું. મેં કહ્યું, 'પેલું મીણબત્તી બાળવાનું સ્ટૅન્ડ કેવું સરસ છે?'

તે બોલી, 'મારે ત્યાં વીજળીના દીવા છે.'

હું તેની કલાની પારખને ગાળો દેતો હતો, ત્યાં તે બોલી, 'જુઓ, પેલી શેતરંજ! કેટલી સરસ છે? મમ્મીને શેતરંજ ગમે છે.'

'પણ તેની કિંમત શી હશે?'

'ચાલોને, અંદર જઈને પૂછીએ.'

દુકાનદારે કહ્યું, 'આવો, બહેન; શું બતાવું? એક સરસ અરીસો જૂના કાળના સ્ટૅન્ડ સાથે છે. એકે તિરાડ નથી...'

મેં કહ્યું, 'તો શું ઝખ મારવા તમને પેલો વેચી ગયો?'

એણે એની ચંપલની એડી મારા પગને મારીને સંજ્ઞા કરી કે હું ચૂપ રહું. દુકાનદાર તો જાણતો જ હોય છે કે પરસેવો પાડનાર પતિ કંઈ રળાવે નહિ. પોતેના પૈસા પાણી માફક તો પત્ની જ ખર્ચે. તેણે મને મૂકી મિસિસને પલાળવા માંડી: 'બોલો, બહેન; તમને તો કલાનો શૉખ છે.'

'હા; હું એમ પૂછું છું કે આ શેતરંજ...'

દુકાનદારને તો તક મળી: 'બહેન, એ તો ઘણી જ 'રૅર' છે. એ શેતરંજનાં પ્યાદાં વડે તો, કહે છે કે, વિલિયમ શેક્સપીઅર રમેલો. તે અને કીટ માર્લોવ 'મરમેઈડ' ખાતે આ જ શેતરંજ રમેલાં.'

'એમ કે? શી કિંમત છે તેની?' ઘરવાળી બોલી. અમે ચૂપ હતા. દુકાનદારે તેના પરની ચબરખી જોઈ, કપાળ કૂટી કહ્યું, 'હું યે મૂર્ખ છું ને? ભૂલથી દોઢસો લખ્યા છે; ચારસો લખવા જોઈએ. પણ ભૂલના ભોગ મારે બનવું જ પડશે. લખ્યું છે ભૂલથી, તો વળગી રહીશ. જાઓ, લઈ જાઓ ૧૫૦માં.'

મેં હવે એન્ટ્રી કરીને કહ્યું, 'ઊંહું, પાછી મૂકી દો. અમારે નથી જોઈતી.'

'આપને ભાવ વધારે પડે છે?'

'હા જી. અને હાં, પેલા પિત્તળના મીણબત્તીના સ્ટૅન્ડનું શું છે?'

દુકાનદારે કહ્યું, 'હું સાચે જ ભૂલકણો છું. જુઓ, અહીં ૧૪૫ લખ્યા છે અને હું ૧૫૦ બોલું છું. લઈ જાઓ બહેન, ૧૪૫માં.'

મેં કહ્યું, 'ભાઈ, પેલા...'

દુકાનદારે કહ્યું, 'હાં જી, આ મીણબત્તીનું સ્ટૅન્ડ કાર્ડિનલ વૂલ્ઝી વાપરતો હતો. પોતાની પથારીમાં સૂતેસૂતે તે આ સ્ટૅન્ડના પ્રકાશથી વાંચતો હતો. બહુ સસ્તું છે. ૬૦ રૂપિયાનું છે. આમ તો વધારે ઊપજે, પણ મારે ત્યાં નવી વસ્તુ માટે જગ્યા કરવાની છે.'

મેં તેને કસીને ૪૦ લગી ખેંચ્યો. પણ અમારી 'એ' તો શેતરંજને જ વળગી રહી. દુકાન-

દાર અને એ કસતાં કસતાં ૧૦૦ લગી પહોંચ્યાં ને દુકાનદાર એ ભાવે સ્થિર થઈ ગયો. મિસિસે આંખો દ્વારા તાર મોકલીને મને પૂછ્યું કે 'શું કરીશું?' મેં નાક દ્વારા સામો તાર કરીને ના કહી. દુકાનદાર તો વળગ્યો જ. મેં કહ્યું, 'મારે ચેક વટાવવો પડશે. ચેક વટાવીને લઈ જઈશું.' અમે બહાર નીકળવા લાગ્યાં. દુકાનદારે બારણા સુધી આવીને કહ્યું, 'જલદી આવજો, નહિ તો માગણી વધારે છે; વેચાઈ જશે.'

અમે બહાર નીકળ્યાં. તેણે કહ્યું, 'સરસ છે એ; મમ્મીને એ બહુ જ ગમશે.'

'મને લાગે છે કે કાર્ડિનલ વૃક્ષોવાળું મીણબત્તીનું સ્ટૅન્ડ...'

તે ખિજાઈ, એટલે મેં વાત પડતી મૂકી.

રાત્રે અમે સમાધાન કર્યું. મેં જમાને કહ્યું, 'જો, આ ચેક છે તે હું ગુણવંતને આપું ને રોકડા લઈ આવું; પછી તું સવારે લઈ આવજે. તેણે જિંદગીમાં પહેલી વાર મને રાત્રે એકલો બહાર જવા દીધો અને મારાં ખૂબ વખાણ કર્યાં.

ખરું કહું? ૧૦૦ રૂપિયા ખર્ચવાનો મારો વિચાર જ ન હોતો. આપણને સાસુ નથી ગમતાં એવું નથી, પણ સાસુની કિંમત ૧૦૦ રૂપિયાના શેતરંજને બદલે ૪૦ રૂપિયાના મીણબત્તીના સ્ટૅન્ડ બરાબર હું આંકું છું.

હું ગુણવંતને ઘેર ગયો. ચેક તેના ખાતામાં નંખાવવા સહી કરી દઈને દોઢસો લઈ લીધા. પછી કહ્યું, 'ગુણવંત, તારે એક કામ કરવાનું છે.'

'શું છે?'

'પેલી ઍન્ટિક્સની દુકાન જોઈ છે ને?'

'હા; પણ કોઈ દિવસ અંદર નથી ગયો.'

મેં તેને બધી વાત કહી સંભળાવી.

'પણ મારે શું કરવાનું છે ત્યાં જઈને?'

'તારે તે શેતરંજ ખરીદી લેવાની છે.'

'કેમ ભાઈ! શું કરવા? મને શેતરંજ જ નથી આવડતું અને હું શું જખ મારવા ૧૦૦ રૂપિયા બગાડું?'

'તું સમજ્યો નહિ. તારે ખરેખર ખરીદવાનું નથી. તું સવારે સાડા નવે એ દુકાનમાં જા અને કહે કે તને સંગ્રહનો સારો શોખ છે. પછી શેતરંજ જોવા માગ. પછી હા પાડ. પછી ખિસ્સામાં હાથ નાખીને કહે કે પૈસા ઓછા છે; બાર વાગ્યે આવીને લઈ જાઉં છું. પણ એ શેતરંજ ઉપર 'વેચાઈ ગયું છે' એવી ચબરખી લગાડે કે કોઈ બીજું લઈ ન જાય.'

'હં. ને પછી મારે બારે જઈને શું કરવાનું?'

'મૂર્ખ છે તું! તારે પછી જવાનું જ નથી. 'વેચાઈ ગયું છે' એ ચબરખી તો અમારાં મિસિસને તે લેતાં રોકવા માટે જ છે.'

ગુણવંતે હસીને કહ્યું, 'તું બી ભેજું છે.'

બીજે દિવસે સાડાદસે ઑફિસે જતાં અમે તે જ દુકાનમાં પેઠા. વેપારીએ કહ્યું, 'જુઓ સાહેબ, રહી ગયા ને? હમણાં જ એક જાણીતા સંગ્રહશોખી આવ્યા ને એ શેતરંજ વેચી નાખી. બાર વાગ્યે લઈ જવાના છે. જુઓ આ ચબરખી.'

'અરર...'

'બોલો, પેલો અરીસો...'

'ના, ના; કાર્ડિનલ વૃક્ષોવાળું સ્ટૅન્ડ.'

તેણે કાઢતાં કાઢતાં કહ્યું, 'બીજા અંદર ખર્ચો તો આ સ્ટૅમ્પથી કાર્ડિનલ જે ચોપડી વાંચતો હતો તે પણ આપું.' મેં તે ઑફર નકારી અને મીણબત્તીનું સ્ટૅન્ડ રોકડે લઈ લીધું.

સાંજે ઑફિસેથી ઘેર જઈ ચા પીતાં અમે પૂછ્યું, 'કેમ, શેતરંજ લઈ આવી ને?'

'હા.'

ચાનો આખો કપ એક ઘૂંટડામાં અમારા પેટમાં પહોંચી ગયો! 'શું?!!'

તેણે કહ્યું, 'શું આમ જલદી જલદી ચા પીઓ છો?'

'પેલી...'

'હા હું લઈ આવી. તેને ૫૫ રૂપિયા આપવાના બાકી છે. અગિયાર વાગ્યે હું ગઈ તો તે કહેવા લાગ્યો કે કોઈ સંગ્રહશોખીનને એ બહુ ગમતી હોઈ ૧૫૦માં નક્કી કરી ગયો છે. હવે સંગ્રહશોખીન જે ઘણું ખરીદે છે તે ૧૫૦ ખર્ચે તો આપણે તો મમ્મીની વર્ષગાંઠ માટે જ આપવાનું હતું. મેં તેને ખૂબ વીનવ્યો ત્યારે તે મહાપરાણે કબૂલ થયો અને ૧૫૫માં આપી દીધી. તેણે કહ્યું કે તે સંગ્રહશોખીનને કહેશે કે તેની ભૂલ હતી. બોલો, હું હોશિયાર છું ને? ન હોત તો શેતરંજ બીજું કોઈક લઈ જાત.'

વાચકમાંથી કોઈને પેલું મીણબત્તીનું સ્ટૅન્ડ જોઈએ છે કે?

અથાણું

'કેમ, મેં રમા જોડે વિવાહ કેમ તોડી નાખ્યો?'

'અરે, એ તે કંઈ છોકરી છે? આજ સુધી મને પસંદ કરતી હતી અને મારા માટે લાગણી છે એમ કહેતી હતી; અને છેલ્લે મને એક દહાડો કહેવા લાગી કે એને ન્હાનાલાલ, રમણલાલ, કનૈયાલાલ, ઉમાશંકર, ઝીણાભાઈ અને ઝવેરચંદ બહુ ગમે છે. આવી, બીજા છ માણસ માટે સ્નેહ ધરાવનારીને કોણ પરણે?'

(આવી બુદ્ધિવાળા માનવીને કોણ...?)

અને છેલ્લે

આજના જમાનામાં સુખી થવું હોય તો ચાર વસ્તુ હમેશાં ખોટી લખવી: ઉંમર, આવક, ભલામણની ચિઠ્ઠી અને નોંધપોથી.

નવા પુસ્તકો

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયના

અરેબિયન નાઇટ્સની જગપ્રસિદ્ધ વાર્તાઓમાંની કેટલીકનું સરળ સંપાદન—પ્રયોજક: શિવલાલ જેસલપુરા, ૩-૦-૦; **બનાવટી ફૂલો**: જાણીતા નવલેખક નટવરલાલ પ્રભુલાલ બૂચના હાસ્યરસિક લેખોનો સંગ્રહ, ૧-૦-૦; **ગોપીચંદ**: આજથી લગભગ ૭૦ વર્ષ પહેલાં લખાયેલું અપ્રાપ્ય નાટક—લેખકો: સોમાણી અને દુર્લભદાસ ધ્રુવ, ૦-૧૨-૦; **પુરોગામી ને પ્રવાસી**: ખલીલ જિબ્રાનની અમર કૃતિઓ 'ધ ફોર-રનર' તથા 'ધ વૉન્ડરર' ના અનુવાદો—કરનાર: ગજરાબેન નાયક, દરેકના ૦-૬-૦; **વડીલોની વાતો**: પેઢી દર પેઢી ઊતરતી આવતી કેટલીક બોધક લોકકથાઓ—લેખક: હીરાલાલ લ૦ કાજી, ૦-૧૨-૦; **બરાસ કસ્તૂરી**: કવિ શામળ ભટ્ટ રચિત બોધક કથા, ૦-૮-૦; **ભજનસાગર ભાગ ૨જો**: પ્રીતમથી માંડીને હોથી સુધીના ૯૨ ભક્તોનાં ૬૦૨ ભજનોનો સંગ્રહ, ૨-૦-૦; **શિશુસાથી-૩**: સચિત્ર વાચન-લેખનમાળા—લેખક: સોમાભાઈ, ૦-૬-૦; **કરવું અને ભરવું**: બાળકોને સશક્ત થવા પ્રેરતી હરીશ નાયકની બાલવાર્તા, ૦-૬-૦.

ઇતર પ્રકાશનો

ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન: ગુજરાતી સાહિત્યના પ્રાચીન, મધ્યકાલીન તથા અર્વાચીન કાળનાં ગદ્યપદ્યનાં ક્ષેત્રોમાં થએલાં વિશિષ્ટ ખેડાણોનો તથા ગુજરાતી સાહિત્યને પ્રત્યક્ષ કે પરોક્ષરીતે પોષક એવી અન્ય પ્રવૃત્તિઓનો ખયાલ આપતું એક ઉપયોગી પ્રકાશન—લેખકો: મનસુખલાલ મ. ઝવેરી તથા રમણલાલ શાહ, પ્રકાશક: વૉરા ઍન્ડ કં. પબ્લિશર્સ લિ, મુંબઈ-૨, ૨-૮-૦; લોકસેવક **દયારામ ગિદુમલ**નો પરિચય: ટી. એલ. વાસવાણીના લખાણનો ચંદુભાઈ શ. પટેલે કરેલો અનુવાદ—પ્રકાશક: નવજીવન કાર્યાલય, અમદાવાદ-૯; **મહાભારત ને ઉત્તરાધ્યયન સૂત્ર**નો સ્વાધ્યાય સાથે તુલનાત્મક અભ્યાસ—લેખક: ઉપેન્દ્રરાય સાંડેસરા, પ્રકાશક: ડૉ. ભોગીલાલ સાંડેસરા, અધ્યાપક નિવાસ, પ્રતાપગંજ, વડોદરા, ૧-૨-૦; **સામ્યયોગી વિનોબા**ની જીવનજાહ્નવી—પ્રયોજકો: પ્રબોધ ચોકસી ને નારાયણ દેસાઈ, પ્રકાશક: પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. રાવપુરા, વડોદરા, ૧-૮-૦.



ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

આપણે હવે '૩૮ની અધવચમાં છીએ. ઘણો ખરાબ વખત. ત્યારે, મુંબાઈમાં કાળા ઘોડા પાસે 'વે-સાઈડ ઈન' નામે એક નાનું રેસ્ટોરાં છે ત્યાં જૂના દોસ્ત ચિમનલાલ ચિનાઈ સાથે કોઈ-કોઈ વાર જતો. ત્યાં રોજ રાત્રે વચલા ટેબલ પર એક માદન કુટુંબ જમે. એની સાથે ચિનાઇએ ઓળખાણ કરાવી.

પીરોજશા માદન હમેશાં સફેદ લાંબો ડગલો, સફેદ પાટલૂન ને કાળી ફેંટાની ટોપી પહેરી કુટુંબ સાથે મોજથી ભાણું જમતા. કોઈ અમસ્થું આવી ચડતું તો પોતાના ટેબલ પર મહેમાન કરીને પધરાવતા.

શેર બજારમાં એ પી. એમ. માદન તરીકે ઓળખાય, ને એમની બહુ સારી શાખ. કોલાબામાં રહે, ગુજરાતીના સારા અભ્યાસી, રામાયણ-મહાભારત વાંચે, યુરોપનું સુનંદું સાહિત્ય વસાવે. સારી બાંધણીની ચોપડીઓ ઉપર બહુ પ્રેમ, ઍસ્ટ્રૉલૉજી—જ્યોતિષ જાણે, ને આરામ તથા આસાનીથી કલાકો સુધી ગપ્પાં મારવાં હોય તો કોઈ પણ વિષયમાં ઝંપલાવવા તૈયાર.

બહુ દુલ્લો દોસ્ત. હિમ્મત આપવામાં હોશિયાર. 'અરે ચન્દ્રવદન, એમ હિમ્મત સું હારોચ? તમારો બી સારો દિવસ આવસે ને તમારી ચડતી પણ થસે,—થસે જ જ!' એમ વારંવાર કહેતા. 'થસે જ જ'નો નવો પ્રયોગ હું એમની પાસેથી શીખ્યો. 'થશે જ' તો આપણે જાણીએ છીએ, પણ વધારે વિશ્વાસ પેદા કરવા, મક્કમતાથી પહેલા 'જ' પર ભાર મૂકી એને બેવડાવવો એ તો પિરોજશાનો જ પ્રયોગ.

'તમારું સેર બજારમાં કામ નહિ. તમે રહ્યા પોએટ દલા ઑરિજિનલ; પમજોચ કે? એટલે કોઈ બી તમુને આસાનીથી બનાવી જાય. અરે, સેર બજાર તો સું, પન કોઈ બી બજારમાં તમને બનાવી જાય.'

ચિમનલાલ ચિનાઈ વચ્ચે કીક ટાપશી પૂરતા કે 'પ્રેમના બજારમાં?'

'હા રે, હા, ચિનાઈ સેઠ, કોઈ બી બજારમાં. એવણુ તો પોએટ. લા ઑરિજિનલ, સમજ્યા કની? અમે લોકો કહીએ છ તેમ 'ગોટાળામાં ગોસ'—એટલેકે ખોદાયજીએ એવણને ઘડીઆ, તારે આય ખખરપૂસ કોથરામાં ભૂલથી જિગર ઓરતનું મૂકી દીધું, તે એવણ આસક બજાર કે માસુક બજાર, મચ્છી બજાર કે સબજી બજાર બધે જ બનવાના.'

ચિમનલાલ ચિનાઈ ટહુકો કરવામાં પાછી પાની તો કરે જ નહિ: 'તે, પિરોજશા શેઠ, ખોદાયજી એવી ભૂલ ઓરતના કોથળામાં...'

'અરે થાય છે જ જ; જરૂર જ. આવો બતાવું ક્યકઈ ઓરતના કોથરામાં માટીડાનું જિગર. પન બાપ રે, જવા દો, જમવા વખતે નામો કાં દઇએ? એવનને તો હું સંભાળસ. ચાલો, હવે કંઈ જમો'.

અરે એ ખાનદાન નબીરાએ એક સાચા દોસ્ત તરીકે મને જાળવ્યા કર્યો. 'વે-સાઈડ'માંથી પછી તો જમણ ઘરમાં થતાં. ત્રણે છોકરા મોટા થયા. ઠેકાણે પડ્યા. વહુ ભલી, સાલસ, ને નેક. તેને કૅન્સરનો જીવલેણ રોગ થયો, અને પિરોજશા શેઠે પોતાની મહોરદારની જે ચાકરી કરી છે તે જોઈ અમે તો દંગ જ થઈ જતા. અઠવાડિયે એક વાર તો અમે મળતા જ. જમવામાં મારે માટે કોઈ ખાસ મનપસંદ વાની કરાવતા. ત્રણે છોકરાઓ મને મુરબ્બી તરીકે માનતા—'પપ્પાના દોસ્ત.'

એક પતેતીની સવારે રમણિક સુખડિયા અને હું કોલાબા પર એમને ઘેર ચડી ગયા. રમણિકને ફૂલનો બહુ શૉખ, તે અમે બંનેએ હાથમાં ગુલાબનો એક અચ્છો ગુચ્છો પતેતી મુબારક કરવા લઈ લીધો હતો. નોકરે બારણું ઉઘાડ્યું, અને અમને દિવાનખાનામાં બેસાડ્યા. નાના દીકરાને અમે મમ્માની તબિયત પૂછી, તો કહે કે એ તો બે રોજ પર ગુજરી ગયાં! પિરોજશાને પગે આર્થ્રાઇટિસ થએલો, તે લાકડી લઇને આવ્યા: 'આવોજી, આવોજી, ભલે પધાર્યા. અરે રૂસી, જેની, સેઠ સકનનાં ફૂલ લાયાચ, તે મમ્માની સબી આગલ મૂકો તો. થૅંક્યૂ. જુઓની, એવણ તો ગીઆં, પન મને કંઈ છાપાંમાં કે એમ લખી હોહા કરવી ગમતી નહિજી. આપરા અંગદના હોસે તે આવસે, અને નહિ તો નહિ. ઓઠમણાની પન મેં તો જાહેરખબર નથી આપી. ચાલો, સું લેસો? ચા કે સરબત? લાઈફ મસ્ટ ગો ઑન.'

અમે તે પતેતી મુબારક કરીએ કે દિલાસો આપીએ? પણ અમારો આખો ક્ષોભ ક્ષણવારમાં પિરોજશાએ મટાડી દીધો. ત્યાર બાદ પણ હું તો અવારનવાર જતો જ. પણ થોડાં જ વર્ષો રહી, એના મોટા દીકરા રૂસીએ પણ, સવારના હું ગયો ત્યારે કહ્યું કે 'તમે મલી ગીઆ તેને ત્રીજે જ દિવસે પપ્પા તો સધાવ્યા. ચાલો, ચા લેસો કે કૉફી?... લાઈફ મસ્ટ ગો ઑન...તમે હમેશાં આવતા રહેજો.'

હા, '૩૮ની આસપાસ. ઘણો કપરો સમય. ઘેરાએલાં વાદળાં દૂર થવાનાં ચિહ્નો પણ દેખાય તો સારું. બેત્રણ નિશાળોમાંથી માગણી થઈ કે આવો. નોકરી તો હવે કરવી જ રહી. આડત્રીસ વરસ એમ ને એમ ચરી ખાધાં, એકના અગિયાર કરવા ગયા તેમાં ખતા ખાધી, તે હવે શું થાય! જરા ઉતાવળ ન કરી હોત, અને વરસેક દિવસ પછી વેપારમાં ઝંપલાવ્યું હોત તો '૩૯માં ઝબકેલી લડાઈમાં જાહોજલાલી માણી લેત. કોણ જાણે, જાહોજલાલી જોત કે વાવંટોળમાં પૂરા તણાઈ જાત, તે કોણ જાણે છે! એ 'હોત' ને 'ના હોત'ની લાહરીમાં ન પડીએ એ જ ઠીક છે.

દીવાન બહાદુર કેશવલાલ ધ્રુવ ૧૯૩૮માં માંદા ચાલતા. એમના જમાઈ ડૉ. ચોક્સીને ત્યાં એ માંદગી બિછાને સૂતા હતા. મારા છૂટાછેડાની ડિક્રીના સમાચાર આવ્યા, તે એ બુઝર્ગ વડીલને સંભળાવ્યા. આટલી મોટી ઉંમરે યે એ મહાપંડિતે 'બહુ સારું કર્યું' એમ કહ્યું ને આશીર્વાદ આપ્યા. હું તો એમની તેજસ્વી, જ્ઞાનસંપન્ન મુખમુદ્રા જ જોતો રહ્યો.

એ પછી થોડે દિવસે વહેલી સવારે હું ફેલોશિપ નિશાળમાં સૂતો હતો ત્યાં વિલોચન ધ્રુવે નીચેથી બૂમ પાડી અને મારા પેટમાં ફાળ પડી. નરસિંહરાવ તો ૭૭ મે વરસે જ સિધાવ્યા અને હવે આ ચાલ્યા!

મુંબાઈ યુનિવર્સિટીનાં 'ઠક્કર વસનજી માધવજી લેક્ચર્સ' નિમિત્તે ધ્રુવસાહેબે 'પદ્યરચનાની ઐતિહાસિક આલોચના'નાં ભાષણોમાં છંદોના પ્રારંભકાળનો ઇતિહાસ સમજાવ્યો ત્યારે નરસિંહરાવ પ્રમુખપદે હતા. અને કાલિદાસ સંબંધી કેશવલાલભાઇએ બે કાલિદાસની શંકા ઊભી કરી હતી, ત્યારે મીઠી ટકોરો ટંકારાએલી. નરસિંહરાવ કહે, 'હું એમનાથી છ મહિને મોટો છું, એટલે હું જે બોલીશ, એમને વચ્ચે નહિ બોલવા દઉં!' કેશવલાલભાઇએ ત્યારે કહેલું કે 'મોટાભાઇની આજ્ઞાને માન

મીઠું

એક કાળે સોનાના મૂલે વેચાતું મીઠું આજે તો એટલું સસ્તું થઈ પડ્યું છે કે એનાથી વધુ સસ્તા પદાર્થો બહુ ઓછા મળે. પરંતુ એ જેટલું સસ્તું થયું છે એટલું જ એ બીજી નજરે કીમતી બન્યું છે. એક માત્ર કોલસાને બાદ કરીએ તો મીઠા જેટલો બીજો કોઈ પદાર્થ રાસાયનિક ઉદ્યોગોમાં નથી વપરાતો. જો મીઠું ન હોય તો આજના ઘણાખરા ઉદ્યોગોનું અસ્તિત્વ જ ન હોય. ઊંચી જાતનું પોલાદ બનાવવામાં, બિનલોહ ધાતુઓ ગાળવામાં, તેલો શુદ્ધ કરવામાં, સાબુ બનાવવામાં, ચામડાં કમાવવામાં ને રાસાયનિક ખાતરથી માંડી દંતમંજન બનાવવા સુધીના તરેહવાર ઉદ્યોગોમાં એનો ખપ અનિવાર્ય છે. એના ઉપયોગની પૂરી યાદી કરતાં કદાચ પાનાંનાં પાનાં ભરાય.

મીઠું દરિયાના પાણીમાંથી બને છે; ને પૃથ્વી પર જમીનના કરતાં પણ દરિયાનો વિસ્તાર મોટો હોઈ મીઠાનો કદી પણ દુકાળ પડે એમ નથી. દરિયાની ખારાશ એમાં મીઠાનું પ્રમાણ વધતાં સતત વધતી જ રહી છે. અત્યારે પણ દરિયાના પાણીમાં કુલ એટલું મીઠું રહેલું છે કે પૃથ્વી પરની તમામ જમીન પર તેનો ૪૦૦ ફૂટ ઊંચો થર રચી શકાય. અને હજુ તો એ પ્રમાણ વધતું જ રહેવાનું, કારણ સૂરજના તાપથી દરિયાના પાણીનું જે બાષ્પીભવન થાય છે તેમાં મીઠાનું પ્રમાણ તો અત્યંત અલ્પ હોય છે. પાણી સાથે શોષાવાને બદલે દરિયામાં જ પડ્યા રહેલા મીઠાના પ્રમાણની વધઘટની આપણને ખાસ ખબર નથી પડતી, કારણ અત્યારે છે તે કરતાં પણ નવગણું મીઠાનું પ્રમાણ ધરાવવાને દરિયો શક્તિમાન છે.

દરિયાકિનારાથી દૂર આવેલા પ્રદેશો માટે મીઠું એક કીમતી પદાર્થ છે, ને આજે ય એવાં કોઈ કોઈ સ્થળે નાણાં તરીકે મીઠાની લગડીઓ જ વપરાય છે. આજે તો દુનિયામાં વરસદિવસે બધું મળીને ૨ કરોડ ટન જેટલું મીઠાનું ઉત્પાદન થાય છે, પરંતુ પ્રાચીન કાળે તેનું ઉત્પાદન આટલું વિપુલ નહોતું. એ દુર્લભ નહિ તો યે અસુલભ હતું એમ કહીએ તો ચાલે. રોમન સૈનિકોને તેમનો પગાર મીઠામાં જ અપાતો. ઘણાને ખબર નહિ હોય કે અંગ્રેજી ભાષાના 'સોલ્જર' (સૈનિક) તથા સૅલેરી (દરમાયો) એ શબ્દો મીઠા સાથે સંકળાએલા લાટિન શબ્દો ઉપરથી ઊતરી આવ્યા છે. 'સોલ્જર'નું મૂળ 'સૉલ-ડૅર' શબ્દમાં રહેલું છે, જેનો અર્થ થાય 'મીઠું આપવું.' 'સૅલેરી'નું મૂળ છે 'સૅલેરમ' જેનો અર્થ થાય મીઠાનાણું —Salt money. આફ્રિકાના કેટલાક ભાગ-

આપી મીન સેવું છું.' કોણ કેટલું મોટું. અને ક્યાં મોટું? બંને ચાલ્યા ગયા. મોટા પહેલા ગયા, એમની પાછળ આ પણ ચાલ્યા!

વિલોચને તો પિતા ગુમાવ્યા, પણ ગુજરાતે—અને એ ગુજરાતી ન હોત તો ઘણા કહેત કે હિન્દે—એક સાચા સંશોધક સાક્ષરને ગુમાવ્યા.

મારા કામમાં કશા ઢંગ જ નહિ. રચવાયો તે કેવો? ચિતાદાહ મકવાની અગ્નિવાળી દોણી નાના પૌત્ર ગૌરાંગ પાસે ઊંચકાવી ઘરની બહાર નીકળ્યા. પણ નાનો ગૌરાંગ બરાબર ઊંચકી ન શકે તે આખે રસ્તે સમાલીને ઝાલવાની જવાબદારી મેં લીધી. પણ થોડેક જ જતાં રસ્તે દોરી છટકી, અને એ પડી ને ફૂટી ગઈ! એવી તે કેવી અનુચિત રીતે મેં ઝાલી હશે? વહેમ બાજુએ રાખતાં પણ એનો મને મનમાં બહુ કચવાટ થયો. પુત્ર વિલોચન કે જમાત્ર ભાસ્કર યોધ બંનેમાંથી કોઈએ મનમાં કશું આણ્યું નહિ, પણ બાણગંગા પર ચિતા પ્રજ્વળી રહી ત્યાર પછી પણ મારા મનમાં ભારેનો ચણચણાટ થયા જ કર્યો.

લગભગ વીસની આસપાસ આપણે ગોટીની શેરીમાં ગયા હતા, યાદ છે! સુમતિને ત્યાં, પ્રિયંવદાની સાથે. અને પછી તો ધ્રુવ સાહેબના ઘરના મજલે મજલાની અભરાઈઓ ખૂંદી વળ્યા હતા. ગુજરાતી સાહિત્યના દાયકેદાયકાના થરો આહીં જોવા-જાણવા મળ્યા હતા. અખાનું 'અનુભવબિન્દુ' આહીં ચાખ્યું હતું, નરસિંહ મીરાં અને ગીતગોવિંદની સરખામણીઓ આહીં માણી હતી. પ્રેમાનંદના લલકાર, દયારામના ગરબીગુંજાર, દલપતશાઈ રચનાના પ્રકાર આહીં સાંભળ્યા હતા. અમસ્થો મનમાં તુક્કો આવે, તો ચલો ત્રીજે માળે, પૂછીએ ધ્રુવ સાહેબને. અને ચીવટાઈથી, ખંતથી, રસભરી માવજતથી ચારે પડખાંની છણાવટ સાંભળવાની મજા પડતી. આ નાટક ભાસનું નહિ? આ શ્લોકમાં યતિભંગ ખરો? આ શૂદ્રકનું જ નાટક? ઉત્તરરામચરિતનો પેલો શ્લોક ક્ષેપક? રાજશેખર, ભટ્ટનારાયણ, મુરારિ કોણ?... સવાલો પૂછ્યા જ કરીએ, અને એ સૌજન્યમૂર્તિ ઉત્તર દીધા જ કરે. 'તમે વેદમાં ઈન્દ્ર અને વસુક તેમજ ઈન્દ્રની દૂતિ સરમા ચોરાએલી ગાયોની શોધમાં પણિ નામના અસુરો પાસે જાય છે તે સમયનો જુસ્સાદાર વિવાદ જરૂર વાંચજો. અશ્વઘોષ તો જોજો જ.' એમ કંઈકંઈ કહેતા; કંઈકંઈ પ્રાકૃત, માગધી, શૌરસેનીમાંથી કાઢી બતાવતા. પણ અભ્યાસકની વૃત્તિ વિનાના ને ચંચળ મનના વિદ્યાર્થી અમે, તે ન રાખી કશી નોંધ, ન કર્યા કશાના ઉતારા.

અને આંગણામાં દાખલ થતાં દેખાતો એ હીંચકો. ત્યાં ડાહ્યાભાઈ દેરાસરી અને કેશવલાલ ધ્રુવની જોડી રોજ સાંજે ઝૂલતી. 'સાઠીના સાહિત્ય'થી પર થઈ ડાહ્યાભાઈ દેરાસરી સૂરતી ફિશાનમાં ચટકદાર ટુચકાઓ સંભળાવતા ત્યારે અમે જમવાનું પણ ભલી જતા. સૂરતના નવલરામ એમના દૂરના મામા થાય, એટલે જબાનમાં સૂરતી સિક્કો બરાબરપરખાતો આવતો. કંઈ કંઈ આસમાનીસુલ્તાની એ ઉથલાવતા. એકવાર કહે, 'અંબાલાલ સાકરલાલ અમારા માસ્તર; ત્યાં બે છોકરા લડતાવઢતા આવ્યા અને એકે કહ્યું કે સાહેબ મને આણે માર્યો. પૂછે, કેમ? તો પેલો કહે, મને ગધેડો કહ્યો. બીજો કહે ના સાહેબ, પહેલાં એણે મને ગધેડા કહ્યો. અંબાલાલે તરત બંનેને સમજાવી પાછા મોકલી દીધા: જુઓ અમારે મન તો કની, તમે બંને ગધેડા છો!' દલપતરામ કવિ પાસે કેશવલાલ અને ડાહ્યાભાઈ કવિતા કરવાનું શીખવા જતા અને ઘેર આવી છંદમાં કવિતા બનાવવા બેસતા તેના, તેમજ લાખા પટેલની પોળની મારામારી, કોઈની ચોરેલી પાઘડીઓ, પોતે લખેલા 'ચમેલી' 'બુલબુલ'નાં કાવ્યો વગેરે વિષે કંઈકંઈ તુક્કાઓ કહેતા. પોતે કાઢેલા 'વિધવા પુનર્વિવાહ મંડળ'ના મંત્રી થઈ બેઠા હતા, એ દિશામાં એમના ભારે રમૂજના અનુભવો કહી હસાવતા.

મૂળ તો દેરાસરી કેશવ હર્ષદના ભાઈ સુમનસના મિત્ર, પણ પાછળથી ધ્રુવસાહેબ સાથે ભારે મૈત્રી—હૃદયની એકતા સંધાઈ હતી. ધ્રુવ સાહેબના અવસાનના ખબર એમને પહોંચ્યા કે તરત જ એ શનમૂન થઈ ગયા અને એ મિત્રવિયોગનો આઘાત એવો લાગ્યો કે બીજે જ દિવસે એમણે પણ માયા સંકેલી લીધી.

ધ્રુવ સાહેબના અવસાનના દિવસે રાત્રે, ઑલ ઇન્ડિયા રેડિયોના મુંબાઈમાં બૅલાર્ડ ઍસ્ટેટના જૂના સ્ટુડિયોમાંથી મારું 'પ્રેમનું મોતી' નામનું નાટક બ્રૉડકાસ્ટ થવાનું હતું. નાટક લખવા શરૂ કર્યાંને દસ ઉપર વર્ષો થઇ ગયાં હશે. આ 'પ્રેમના મોતી'ને જ લ્યોની; દસ ઉપર વર્ષ; 'અખા'ને અગિયાર; અને આટલે વર્ષે—એટલેકે આડત્રીસમે વર્ષે રેડિયો પર પહેલી વાર જવાનું એટલે સ્વાભાવિક ખુશી થતી હતી. પણ સવારે આવો માઠો પ્રસંગ બની ગયો હતો, એટલે મન કચવાતું હતું. જવું કે ન જવું? એમાં વળી સલાહ કોની લેવાની?

માં તો આજે ય મીઠાના બદલામાં માનવ-વ્યક્તિઓના સોદા ચાલુ છે!

મીઠું જે બે તત્ત્વોનું બનેલું છે એ અલગ અલગ સ્વરૂપે ઝેર હોવા છતાં તેમના સંયુક્ત સ્વરૂપે તે જીવન માટે અનિવાર્ય છે. આ બે તત્ત્વો તે ઝેરી રંગની ચળકતી ધાતુ સોડિયમ ને લીલાશ પડતો ઝેરી ગૅસ ક્લોરાઈડ. મધ્ય યુગમાં હૉલૅન્ડ દેશમાં ગુનેગારને કરવામાં આવતી સજાનો એક પ્રકાર એ પણ હતો કે તેને મીઠું બિલકુલ ખાવા ન દેવું. આવી હળવી લાગતી સજા પણ ઘણી વાર ગુનેગારોનું મોત નીપજાવતી. વનસ્પતિને પણ મીઠું પોષણદાયી છે. ખાતરમાં એના લાભદાયી ઉપયોગ જાણીતા છે. મીઠું માણસની માનસિક પ્રક્રિયાને વધુ વેગ આપે છે. કારણ જ્ઞાનતંતુઓને એ ઉત્તેજિત કરે છે. એટલા માટે જ અનિદ્રાના દર્દીઓએ મીઠું ન ખાવું અથવા બહુ ઓછા પ્રમાણમાં ખાવું એ હિતાવહ છે. બૉસ્ટનની સેન્ટ એલિઝાબેથ હૉસ્પિટલના ડૉ. માઈકલ મુલરે તો દર્દીઓ પર પ્રયોગ કરી આ હકીકત સિદ્ધ કરી બતાવી છે. રોજના માત્ર ૭૫ ગ્રામ મીઠા પર રાખીને અનિદ્રાના ૨૦ દર્દીમાંથી ૧૭ દર્દીને તેમણે સાજા કરેલા.

ન્યૂ ઝીલૅન્ડે તાજેતરમાં પોતાને ત્યાં મીઠાના 'નવા' ઉદ્યોગ શરૂ કરવાની જાહેરાત કરેલી. ને તે સૂરજના તાપ વડે જ મીઠું પકવવાના ઉદ્યોગની. પરંતુ એમાં 'નવું' શું છે? હિંદ અને ચીનમાં ઈસુ પૂર્વના હજારો વરસથી એ જ પદ્ધતિએ મીઠું પકવવામાં આવ્યું છે. ને આજે ય અનેક સ્થળે તે ચાલુ છે.

દુનિયાની સૌથી પ્રસિદ્ધ મીઠાની ખાણ પોલૅન્ડમાં વિલિસ્કા મુકામે આવેલી છે. તેરમા સદીથી એ સાફ ઢોઈને ખોદાઈ ખોદાઈ ને એમાં ઊંડી બખોલો પડી ગઈ છે. જેમાં

આ તમે જાણતા હતા?

મોટામાં મોટી બખોલ ૬૫ માઈલની છે. જેને બખોલને બદલે ગુફા જ કહી શકાય. સ્પેનમાં કૅટેલોનિયામાં આવેલા કાર્ડોના મુકામે ૩ માઈલ જેટલા ઘેરાવાનો ને ૪૦૦ થી ૫૦૦ ફૂટ ઊંચો મીઠાનો જ બનેલો ડુંગર આવેલો છે. ત્યાંના લોકો એમાંથી ખોદી કાઢેલા મીઠાનાં રમકડાં, વગેરે બનાવે છે. આબીસીનિયામાં એક આખું ય મેદાન મીઠાનું બનેલું છે. અમેરિકાએ ન્યૂ યૉર્ક શહેર અને ઈથાકા હવાઈ મથક વચ્ચેના આખા રસ્તા મીઠાના જ બાંધ્યા છે! આસ્ફાલ્ટ કરતા મીઠાના રસ્તા ઓછા ઘસાય છે અને એનું ખર્ચ પણ આસ્ફાલ્ટના રસ્તા કરતા ત્રીજા ભાગનું આવે છે.

મનને ઠીક લાગે તો જવું, નહિ તો નહિ. રીહર્સલના તો ઠેકાણાં હતાં જ નહિ. બધા બારોબાર આવવાના હતા; અને બધાને એકાએક ખબર પણ કેમ આપવી! અંતે મોડી સાંજે નક્કી કર્યું કે જવું. થાકતો ખૂબ જ લાગ્યો હતો. મનમાં સ્મશાનના વિચારો ઘોળાતા હતા. ને ભજવવાનું હતું 'પ્રેમનું મોતી' રાત્રે દસ વાગ્યે નાટક. ને એ જમાનામાં એક જ લેન્થ પર એક જ પ્રોગ્રામ. ત્યાં જઈ, એકાદ રીહર્સલ કરીને ત્યાંના વડા ઝેડ. એ. બુખારીને મળવાની મેં વિનંતી કરી. હું તો એને ઓળખતો નહોતો, પણ એણે મારે માટે કંઈક સાંભળ્યું હતું. જનાબ બુખારીને મેં કહ્યું, કે આજે અમારું મન ભારે ગ્લાનિમાં છે. ધ્રુવસાહેબ તો અમારે મન બહુ મોટા સાક્ષર; એટલે આપ રજા આપો તો નાટકની શરૂઆતમાં પાંચેક મિનિટ એમના સંબંધી બે શબ્દો હું બોલું: પછી નાટક કરીએ.

ઝુલ્ફિકાર બુખારી એટલે બ્રૉડકાસ્ટિંગના આજતરી. માઈક્રોફોનના બાદશાહ. એની નસેનસના જાણકાર. એક ભારી અદાકાર. તરત એના મગજમાં વાત ઊતરી ગઈ. હા તો પાડી, પણ આ સમાચાર એના ધ્યાન પર લાવવા બદલ એણે સામો આભાર માન્યો! કહ્યું, બને તો લખી નાંખો. પણ દસમાં સાત જ મિનિટ બાકી હતી, એટલે લખવાની તો શી વાત? મન સ્વસ્થ કરી અમે બેઠા. અને લાલ બત્તી આવતાં પાંચેક મિનિટ કેશવ હર્ષદ ધ્રુવ ઉપર મને જે સૂઝ્યું તે હું બોલ્યો. સેન્ટિમેન્ટલ તો બારોબાર જ; બોલતાં ગળગળો તો થઈ જ ગયો હતો. પછી નાટક રજૂ કર્યું.–બરાબર કાંપીકૂંપી વખતસર પૂરું કર્યું.

એ 'પ્રેમનું મોતી'નું ગુજરાતી નાટક સાંભળવા અમદાવાદમાં મારા પિતાના સ્નેહી અને તે વખતની 'ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી'ના–આજની 'ગુજરાત વિદ્યાસભા'ના–જાણીતા સાહિત્યરસિક મંત્રી સ્વ. હીરાલાલ ત્રિ. પારેખ પોતાને ત્યાં કાન માંડી સાંભળવા બેઠા હતા. એમણે આ શરૂઆતના જ પ્રવચનમાં દુઃખદ સમાચાર મારે મોઢે સાંભળ્યા! પહેલાં તો એ તરત ડઘાઈ જ ગયા. અને પછી રડી પડ્યા! ધ્રુવસાહેબ એ સોસાઈટીના પ્રમુખ. અને એમને મન તો વડીલ જેવા હતા. પાછળથી એમણે લખ્યું હતું કે નાટક તો પછી ના સાંભળ્યું, પણ રાતોરાત ચિઠ્ઠીઓ ફેરવી, અને 'ગુજરાત સમાચાર'માં ખબર આપી. એથી સવારના છાપામાં હકીકત પ્રગટ થઈ અને સાહિત્યરસિકો શોકમાં ડૂબી ગયા. જિંદગીમાં બહુ મોડા. પણ બ્રૉડકાસ્ટિંગનો આ પહેલો અનુભવ મહત્ત્વનો લાગ્યો.

તે રાતે બુખારીએ મારી પરીક્ષા કરી લીધી હતી. એની નજરે હું ચડી ગયો હતો. એટલે ત્યાંના એક અફસર આનંદરાવ ઘોળેકર મારફત મારી શોધ ચાલી રહી હતી.

મુંબાઈમાં '૨૭ની સાલથી બ્રૉડકાસ્ટિંગ ચાલે છે. લલિતજી અને સુંદરાબાઈને કદીક સાંભળતો. પણ એ દિશામાં ફરક્યો નહોતો.— ફરકવું થયું નહોતું. એક દિવસ એમ જ હું રસ્તે રખડતો ચાલતો હતો, ત્યાં પાછળથી એક મોટર આવી ઊભી રહી. હાંકનારે દરવાજો ખોલી હુકમ કર્યો, 'બેઠ જાઓ!' અને હું બૅલાર્ડ પીઅરની બ્રૉડકાસ્ટિંગની ઑફિસમાં ઘસડાયો. રસ્તામાં બુખારી મને એમાં જોડાવા સમજાવી રહ્યા હતા. એણે દફ્તરમાં એક લાંબા ગોરા અફસર સામે મને ખડો કરી દીધો: 'મારે આને આપણા ખાતામાં નોકરીએ રાખવો છે!'

એ અફસર તે લાયોનલ ફીલ્ડન, બ્રૉડકાસ્ટિંગના શ્વાસોચ્છ્વાસના માહિતગાર, અસરકારક કલમબાજ, હૈયે હિંદનું પૂરું હિત ધરાવનાર, અત્યંત સ્વતંત્ર દિમાગના અફસર. એની સાથે બેત્રણ મુલાકાતો થઈ અને '૩૮ની સાલના જૂનમાં બ્રૉડકાસ્ટિંગખાતામાં પ્રોગ્રામ આસિસ્ટન્ટ તરીકે દોઢસો રૂપિયાના પગારે હું નોકરીએ રહ્યો.

ત્યાં બૅલાર્ડ પીઅરના જૂના દફ્તરમાં. ખૂણામાં. એક ઠસ્સાદાર બાઈને જોઈ. એણે પણ પ્રોગ્રામ આસિસ્ટન્ટ તરીકે મારી માફક બેત્રણ મહિના પહેલાં જ નોકરીની શરૂઆત કરી હતી.

ઠસ્સા ઉપરાંત ઠાવકાઈ પણ એની. ડંફેરો કંઈ નહિ. પણ પતલી સિટી તેજીલી. વ્યક્તિત્વ તરત છાપ પાડે એવું. અંગ્રેજી ભારે રુઆબથી બોલે. ટૂંકાં વાક્યો અને ચોક્કસ જવાબ. એકાએક સાતેક વર્ષ પાછળના સંસ્મરણો સંકોરાયાં. લંડન યાદ આવી. રાસ્પુટીન ક્લબના પેલા આપણા કૉલેજના દોસ્ત મીનુ મસાણી યાદ આવ્યા. આ તો તેની બહેન! પણ એને મોઢે જો કોઈએ એમ કહ્યું, તો તો બાર જ વાગી ગયા સમજવા: 'વૉટ નૉન્સેન્સ! કોઈની બહેન તો ખરી. પણ હું પોતે જ શું કંઈ નથી?' એમ જ એ કહે.

'૩૯માં પેલા ભોંયરે સંતાઈને અમે કૉંગ્રેસ બુલેટિનો ચલાવતા ત્યારે વચગાળે અંગ્રેજી બુલેટિન મીનુ લખતો, અને અંગ્રેજી ગુજરાતી

વચ્ચે સમાનતા રાખવા અમે બે છાનાછપના મળતા. નહિ તો કોઇ ત્રીજી વ્યક્તિ મારફત લખાણની આપલે કરતા. ત્યારે આ બાનુ મ્હેરાં મસાણી એલ્ફિન્સ્ટન કૉલેજમાં ભણે. ત્યાંથી સામેના 'વે-સાઇડ ઈન'માં મીનુનું લખાણ આપી જાય. ત્યાં બીજી કશી લાંબી વાતચિત નહિ. પછી તો એ મોટી થઈ, ખૂબ ભણી, વિલાયત જઈ ભણવામાં સારી નામના કાઢી, અહીં બ્રોડકાસ્ટિંગમાં દાખલ થઇ. મોટા ભાઇના દોસ્ત તરીકે જે માન આપવું જોઇએ તે એ હમેશાં મને આપતી રહી.

બુખારીએ ફીલ્ડન આગળ મને ફરી એક વાર ઊભો કરી ફરિયાદ કરી: 'આ માણસ કામ પર આવે છે, ચાર દિવસ રહી રાજીનામાં આપે છે, અને અમે એ ફાડી નાખીએ છીએ! નોકરી માટે એણે અરજી પણ નથી કરી, પણ અમારે એને અહીં રાખવો જ છે; શું કરીએ?'

ફીલ્ડને હસીને કહ્યું કે 'અરજી-બરજી અને રેફરન્સીઝનું તો થયા કરશે. પહેલાં એને એક કલાક કામ પર બોલાવો, પછી બે કલાક, પછી ત્રણ કલાક... અને વચ્ચે એકાદ ચૉકલેટ બૉક્સ આપજો, અને પછી જોજો કે એ બ્રોડકાસ્ટિંગમાં કેમ પચી જાય છે તે.'

પણ એ બુખારી, એ ફીલ્ડન અને એ બ્રોડકાસ્ટિંગ વિષે તો હવે જીવતા રહ્યા તો ભવિષ્યમાં જ ઠીક વાતો કરીશું.

૧૯૩૯ની સાલમાં લડાઈ સળગી. આપણે એ લડાઇ હાલ કુદાવી જઈએ? ૧૯૪૨માં 'ક્વિટ ઇન્ડિયા' (તમે ટળો)નો ઠરાવ, હિટલરિયા ચડતી–પડતી, મુસૉલિનીના ફુગ્ગા–ભુક્કા, રશિયન કુનેહ ને વીરત્વ, લડાઇનો અંત, ભારતનું સ્વાતંત્ર્ય, બાપુની હકીકત, એવી એવી વિગતો હમણાં જતી કરી એક દાયકા દૂર આવી પહોંચીએ? ચાળીસથી પચાસનો એ અનેકરંગી દાયકો જરા નિરાંતે જોઈશું. હમણાં તો પચાસના બે માસમાં સીધો ભુસ્કો મારીએ. (ચાલુ)

કથાકાર રોજ કથા કરતો હતો અને પછી આરતીની થાળી ફેરવતો, પણ થાળીમાં પૈસા બહુ ઓછા આવતા. એક દિવસ કથાકારે કાળાં બજારના અપવિત્ર ધનની ખૂબ નિંદા કરી. પછી આરતીની થાળી ફેરવતાં પહેલાં કહ્યું: 'જેમણે ભૂલેચૂકે પણ કદી કાળાંબજારનો પૈસો મેળવ્યો હોય તેઓ કૃપા કરીને આ થાળીમાં કંઈ ન ધરે. કાળાં બજારનું ધન સત્કાર્યમાં નથી ખપતું!'

રખે પોતે કાળાંબજારિયો ઠરે એ બીકે તે દિવસે સૌ શ્રોતાએ આરતીની થાળીમાં પૈસા ધર્યા. પહેલી જ વાર તે દિવસે થાળી ભરાઈ ગઈ!

રામરાજ્ય

રામરાજ્ય આજે પણ છે. આપણી આંખે પડળ ચડી ગયાં હોઈ આપણે જોઈ શકતા નથી. પવિત્ર દૃષ્ટિ ધરાવતા એક જણ પાસેથી જે જાણવા મળ્યું છે તે સુજ્ઞ વાચકો સમક્ષ રજૂ કરું છું.

'બનફૂલ'

અનુવાદક : શ્રીકાન્ત

શ્રી રામચન્દ્રના રાજ્યમાં સંપૂર્ણપણે શાંતિ પથરાએલી હતી. પરંતુ એક દિવસ એકાએક તેમણે સાંભળ્યુ કે કોઈ દુષ્ટ આવીને તેમના રાજ્યમાં બેધડકરીતે લૂટફાટ ચલાવતો હતો. રૈયતે દરબારમાં ફરિયાદ કરી જોઈ હતી, પણ કંઈ વળ્યું નહોતું. એટલે સુધી કે તેમની ફરિયાદ સાંભળવામાં જ આવતી નહોતી.

તેમણે અમાત્યને બોલાવ્યા. બધું સાંભળ્યા બાદ અમાત્ય માથું ખંજવાળવા લાગ્યા. એ પછી બોલ્યા: 'મહારાજ, એવા કોઈ દસ્યુની વાત તો અમે જાણતા નથી.'

મેઘગંભીર કંઠે દાશરથીએ આજ્ઞા કરી: 'વિના વિલંબે તપાસ કરો.'

અમાત્ય નમન કરીને બહાર નીકળી ગયા.

છ મહિના વીતી ગયા, પરંતુ કંઈ ફળ આવ્યું નહિ. લૂટફાટના સમાચાર રોજ આવવા ચાલુ જ રહ્યા. પ્રજાવત્સલ રાઘવનું ચિત્ત દિન-પ્રતિદિન અસ્થિર બનતું ગયું. ફરીવાર અમાત્યને બોલાવવામાં આવ્યા. ખરીરીતે અમાત્યની સહાય વગર કોઈ પણ રાજકીય બાબતમાં હસ્તક્ષેપ કરવાનું કોઈ પણ રાજા માટે શક્ય નથી,—જાનકીવલ્લભ માટે તો નહિ જ. અમાત્ય જ તેમનો સઘળો આધાર હતા.

'અમાત્યજી, દસ્યુના કોઈ ખબર મળ્યા કે?'

'હજી સુધી મળ્યા નથી. તપાસ ચાલુ છે.'

'કેટલા દિવસ તપાસ ચાલશે?'

'બહુ થોડા દિવસમાં પૂરી થઈ જશે, એમ જણાય છે. દક્ષ કર્મચારીઓ સર્વત્ર તપાસ કરી રહ્યા છે.'

'જરા ઉતાવળ કરો.'

'જેવી આજ્ઞા, મહારાજ!' અમાત્ય નમન કરીને બહાર નીકળી ગયા.

બીજા છ મહિના વીતી ગયા. બીજા ઘણા નનામા કાગળો આવવા લાગ્યા. કૌશલ્યાનંદનું પ્રજાપ્રાણ હૃદય વ્યગ્રતા અનુભવી રહ્યું.

અમાત્યને ફરી બોલાવવામાં આવ્યા: 'દસ્યુના ખબર મળ્યા?'

'તપાસ ચાલે છે. વધુ દક્ષ કર્મચારીઓ નીમ્યા છે.'

રઘુવીર વ્યસ્ત બની ગયા. કોણ હતો એ દસ્યુ? જે લોકોની તેમની પાસે ફરિયાદો આવતી હતી, તેમાંથી કોઈ પણ લૂટારાનું નામ આપતા નહોતા. ક્રૂર, દયાહીન, દુર્ધર્ષ, દુર્દાન્ત વગેરે વિશેષણોથી જ તેને ઓળખાવતા હતા. તે સિવાય બધી ફરિયાદો નનામી હતી. સીતાપતિને થયું કે તેમના રાજ્યમાં જે શાંતિ પથરાએલી હતી એ દેખાવની જ હતી. અંદરથી દરેક જણ અશાંતિ અનુભવી રહ્યું હતું.

દુર્મુખને બોલાવવામાં આવ્યો. દુર્મુખે આવીને નત મસ્તકે કહ્યું: 'મહારાજ, હું બધું જાણું છું.'

'જાણે છે? તો કહેતો કેમ નથી? કોણ છે એ દસ્યુ?'

'ક્ષમા કરો મહારાજ, હું નામ આપી શકું એમ નથી.'

'કેમ?'

'મને ક્ષમા કરો.'

'મારી આજ્ઞા છે, તારે કહેવું જ પડશે.'

'મને ક્ષમા કરો પ્રભુ! નામ તો હું કોઈ રીતે કહી શકું એમ નથી. પરંતુ આપનો અત્યંત આગ્રહ હોય, તો હું આપને દેખાડી શકું.'

રાવણારિ રાઘવે ખડ્ગ સહેજ બહાર કાઢ્યું અને પાછું મૂકી દીધું. એ પછી બોલ્યા: 'ભલે, દેખાડ જોઉં!'

'આપ મારી સાથે પધારો.'

'ચાલ.'

નગર બહાર આવીને રઘુનંદનનો રથ અટકી ગયો. દુર્મુખે વિનયપૂર્વક કહ્યું: 'હવે મહારાજે થોડે સુધી પગે ચાલતા જવું પડશે.'

'ભલે, ચાલ.'

થોડે દૂર ગયા બાદ બંનેએ એક અરણ્યમાં પ્રવેશ કર્યો. કેટલેક સુધી ગયા પછી દુર્મુખ હળવા સાદે બોલ્યો: 'પ્રભુ, જુઓ! ત્યાં...'

દુર્મુખની આંગળીની દિશા તરફ રામચન્દ્રે દૃષ્ટિ ફેંકી અને બીજી જ પળે તેઓ કૃતજ્ઞતાથી ગદ્ગદ્ બની ગયા!


ઝાડની ડાળ ઉપર સ્વયં પવનસુત હનુમાન બેઠા હતા!

લક્ષ્મણબંધુનો એ ગદ્ગદ્ ભાવ હજી આજે પણ દૂર થયો નથી.

જે તારાઓ ઊલટાનો ભ્રમ ઉપજાવતા હતા એમને થતું હતું કે અમે પ્રકાશદાન કરીએ છીએ; જ્યારે મન મોકળું મૂકીને ચાંદની રેલાવી રહેલો ચંદ્ર વિચારતો હતો કે હું કેટલો બધો અપૂર્ણ છું? તેથી જ દીવા બળે છે!

—ગૌરીશ્વર ભટ્ટાચાર્ય

રૂપનગરી ઉદયપુર



પિછોલા સરોવરની વચ્ચે આવેલું જગમંદિર

અરવલ્લીની ટેકરીઓ વચ્ચે કુદરતી ને માનવનિર્મિતસરોવરોથી વીંટાએલુંઉદયપુર કુદરતની કૃપા ને માનવની કારીગરી બંનેના સુભગ સુમેળથી ખરેખર કોઈ સ્વપ્નદેશની રૂપનગરી જેવું લાગે છે. 'ફ્રાન્સનો વાઘ' નામે ઓળખાતો ત્યાંનો મુત્સદ્દી અમાત્ય ક્લૅમેન્શો તેના જગતપ્રવાસ દરમિયાન હિંદ આવેલો ત્યારે તાજમહાલ એને નહોતો આકર્ષી શક્યો (એને એ બેહૂદો લાગેલો), પણ ઉદયપુર જોઇને તે એના પર મુગ્ધ બની ગએલો. પિછોલા સરોવરના કાંઠે,રમણીય પ્રાકૃતિક વાતાવરણમાં વસેલું એ શહેર ત્યાંની મરુભૂમિનું એક રત્ન કહી શકાય. એને વસાવવા ને વિકસાવવા પાછળ એના વસાવનારની ને તેના વંશજોની સૌન્દર્યદષ્ટિ ખરેખર આફરીન પોકરાવે તેવી છે. એની બાંધણી જુઓ તો પણ કોઇ બે મકાન એકસરખાં ન લાગે. દરેકમાં કંઈ ને કંઈ વિશેષતા હોવાની. ગ્રીસના સ્પાર્ટનોની પેઠે મેવાડીઓનો પણ યુદ્ધ એ જ વ્યવસાય થઇ પડેલો, પરંતુ સ્પાર્ટનો જે સૌંદર્યપ્રેમ નહોતા કેળવી શક્યા એ મેવાડીઓએ કેળવેલો છે.

ઉદયપુરનો ઇતિહાસ બહુ પ્રાચીન નથી. ચિતોડના રાણા સાંગાના મોટા પુત્ર વિક્રમાદિત્યના સમયમાં ગુજરાતના સુલતાન બહાદુરશાહે પાટનગર ચિતોડને ઘેરો ઘાલી તે જીતી લીધેલું. ગઢ તરીકે ચિતોડની બરાબરી કરી શકે તેવા ગઢ ભાગ્યે જ મળશે. એટલે તો કહેવાય છે કે, 'ગઢ મેં ગઢ ચિતોડગઢ ઓર સબ ગઢૈયાં.' આમ છતાં તે જે પહાડ પર આવેલો છે તે આજુબાજુની પર્વતશ્રેણીથી તદ્દન અલગ પડી જતો હોઇને કોઇ પણ આક્રમણકાર એને સહેલાઈથી ઘેરી લઈ શકે તેમ છે. વિક્રમાદિત્યનો નાનો ભાઇ ઉદયસિંહ આ વસ્તુ સમજી ગયો અને ચિતોડ છોડીને તેણે પોતાના નામ પરથી આ નવું શહેર વસાવી તેને મેવાડનું પાટનગર બનાવ્યું.

ઉદયપુરની ચારે બાજુની ટેકરીઓ જંગલથી છવાએલી છે, જેમાં જંગલી ભૂંડ, સાબર, નીલગાય (રોઝ), ચિત્તા વગેરે જંગલી જાનવરોનો વાસ હોવાથી ત્યાં શિકાર માટે ઠેરઠેર ઊંચી સફેદ રંગની ચાવડીઓ ઊભી કરવામાં આવેલી છે. ત્યાંનાં લગભગ બધાં મકાનોનો રંગ સફેદ છે, અને નીલ આકાશની પિછવાઈ સાથે પિછોલા પરથી તેનું દશ્ય ઘણું રમણીય લાગે છે. ત્યાંના વતનીઓની વેશભૂષામાં ઘેરા રંગો વધુ નજરે પડે છે અને સૂરજના પ્રખર તેજમાં એવા જ રંગો વધુ સૌન્દર્યોચિત ગણાય. ઉદેપુરી પાઘડી અને કાતરા પાડેલી દાઢીવાળા મેવાડીઓની વેશભૂષામાં હિંદના બીજા કોઈ પણ શહેર કરતાં ઓછામાં ઓછો ફેર પડ્યોછે. સ્ત્રીઓની વેશભૂષામાંપણ રાણા પ્રતાપના સમયથી માંડી આજ સુધીમાં કશો તફાવત નથી પડ્યો. મેવાડના ઈષ્ટદેવ મહાદેવની મૂર્તિવાળું માદળિયું ત્યાંના ઘણાખરા પુરુષોને ગળે આજે પણ લટકતું દેખાશે.

ઉપરજેનો નિર્દેશ કર્યો એ વિશાળ પિછોલા તળાવ ઉદયપુરની પશ્ચિમ બાજુએ આવેલું છે. બાકીની ત્રણે બાજુએ પાકો કોટ ચણેલો છે. કોટ–જેને ત્યાંના લોકો 'શહરકોટ'ના નામે ઓળખે છે–માં સ્થળે સ્થળે બુર્જ બાંધવામાં આવેલા છે. કોટ બાંધવાની શરૂઆત તો કરેલી મહારાણા અમરસિંહે, પરંતુ એ પૂરો કર્યો ઇ.સ. ૧૭૯૦માં મહારાણા સંગ્રામસિંહ બીજાએ. ઉત્તર તથા પૂર્વમાં શહેર તથા પર્વતમાળા વચ્ચે વધુ અંતર આવેલું હોઇને કોટને પડખે એક લાંબી ખાઈ ખોદાવેલી છે, જેમાં જરૂર પડ્યે સરોવરનું પાણી વાળી લઈ શકાય. આક્રમણ સામે સંરક્ષણની દષ્ટિએ જ આમ કરવામાં આવ્યું છે: જંગલો ને પહાડો વચ્ચે થઇને ઉદયપુર પહોંચવાનો મુખ્ય માર્ગ દેબારી (ઉદેબારી-ઉદયબારી?)નો છે. એ એક માર્ગ બંધ કરી દીધો એટલે ઉદયપુર પહોંચવું



અરવલ્લી ગિરિમાળાના પશ્ચાદ્ભૂમિકા ધરાવતા પિછોલા સરોવરને તીરે એક ઢળતા ટેકરા પર વસેલું ઉદયપુર, ભારતની શ્રેષ્ઠ રૂપનગરી ગણાય છે. તેમાં સૌથી ઊંચો દેખાતો મહારાણાનો મહેલ તથા સરોવરમાં જમણી તરફ દૂર બે બેટ પર આવેલા જગમંદિર તથા જગનિવાસ મહેલો આકર્ષક છે.


મુશ્કેલ થઇ પડે. આજે એ મુખ્ય માર્ગ રેલમાર્ગ બની ગયો છે, છતાં હજુ યે ઉદયપુરથી સાત માઇલ પર આવેલા મજકૂર દેબારી સ્ટેશન-થી સાંજની ટ્રેન પસાર થઈ ગયા પછી તેના દરવાજા બંધ કરી દેવાય છે તે બીજી સવારે ઊઘડે છે. આમ દેબારી એ ફ્રાન્સના વર્દૂનની પેઠે 'ધે શૅલ નૉટ પાસ'ના આદેશ આપતું મેવાડનું વર્દૂન બની રહે છે.



સરોવરતીરેથી મહેલનું દશ્ય (સ્કેચ : ન્યૂસમ)


ગિરિરાજ અરવલ્લીને મેવાડીઓ લાડમાં 'ગિરવા' તરીકે ઓળખે છે અને એમના સદીઓનાં સુખદુઃખના એ સાથી પ્રત્યે એમને અજબ મમતા રહેલી છે. એ ગિરવાએ જ 'હિંદના સૂરજ' રાણા પ્રતાપની ટેક જાળવેલી. ઈ. ૧૫૭૬ના હલદીઘાટના યુદ્ધ પછી બીજાં ૩૭ વર્ષ એ મહાન મુઘલ સત્તા સામે આ જ ગિરવામાં રહીને લડતો. શ્રી રામચંદ્રજીના પુત્ર કુશમાંથી ઊતરી આવેલો મેવાડનો રાજવંશ એ હિંદનો જૂનામાં જૂનો રાજવંશ ગણાય છે અને સૌ ક્ષત્રિયો તે પ્રત્યે આદર ધરાવે છે. દિલ્હીના તખ્તને નમતું ન આપનાર કે મુઘલ જમાનામાં પોતાની પુત્રીઓ ન આપનાર કોઈ રાજવંશ હોય તો તે કેવળ મેવાડનો એ સિસોદિયા વંશ. કર્નલ ટૉડ આ રાજવંશની તવારીખ પર બેહદ મુગ્ધ હતો. ઇ. સ. ૧૮૧૬ માં બ્રિટિશ એજન્ટ તરીકે તે પહેલવહેલો ઉદયપુર આવેલો. આશ્ચર્યની વાત એ છે કે ત્યાંના ઇતિહાસથી મુગ્ધ ટૉડ ત્યાંના પ્રકૃતિ-સૌન્દર્યથી જરાયે આકર્ષાઈ નહોતો શક્યો, બલ્કે પાંચેક મહિના રહીને કંટાળી ગએલો.

ચિતોડની નૈઋત્યે સિત્તેર માઇલ પર આવેલા આ શહેરે ઇતિહાસની અનેક વીર-કરુણ ગાથાઓ રચી છે. જયપુર અને જોધપુર બંને જેના હાથના ઉમેદવાર હતા ને પિંઢારાનાયક અમીરખાનની ઉશ્કેરણીથી ઉદયપુર સામે યુદ્ધમાં ઊતરવાની તૈયારીમાં હતા, એ રાજકુંવરી કૃષ્ણાકુમારીએ એની જ ગોદમાં અફીણ ઘોળીને જીવનનો અંત આણેલો. એણે જેમ લોહે-લોહું ઘસાતું જોયું છે, તેમ શરણાગત પ્રત્યે સાચા દિલની લાગણી પણ અનુભવી છે. મુઘલ શાહજાદા ખુર્રમે—પાછળથી શાહજહાંએ પિતા જહાંગીર સામે ઉઠાવેલું બંડ નિષ્ફળ ગયા બાદ ઉદયપુરે જ પુરાણું વેર ભૂલીને એને આશ્રય આપેલો. ઇ. ૧૮૫૭માં બ્રિટિશ સત્તા સામે પ્રકટેલા



અરવલ્લી ગિરિમાળાના પશ્ચાદભૂમિકા ધારીને પિછોલા સરોવરને તીરે એક ઢળતા ટકરા પર વસેલું ઉદયપુર, ભારતની શ્રેષ્ઠ રૂપનગરી ગણાય છે. તેમાં સૌથી ઊંચો દેખાતો મહારાણાનો મહેલ તથા સરોવરમાં જમણી તરફ દૂર બે બેટ પર આવેલા જગમંદિર તથા જગનિવાસ મહેલો આકર્ષક છે.

મુશ્કેલ થઇ પડે. આજે એ મુખ્ય માર્ગ રેલમાર્ગ બની ગયો છે, છતાં હજુ યે ઉદયપુરથી સાત માઈલ પર આવેલા મજકૂર દેબારી સ્ટેશન-થી સાંજની ટ્રેન પસાર થઈ ગયા પછી તેના દરવાજા બંધ કરી દેવાય છે તે બીજી સવારે ઊઘડે છે. આમ દેબારી એ ફ્રાન્સના વર્દૂનની પેઠે 'ધે શૅલ નૉટ પાસ'નો આદેશ આપતું મેવાડનું વર્દૂન બની રહે છે.



સરોવરતીરેથી મહેલનું દૃશ્ય (સ્કેચ : ન્યૂસમ)

ગિરિરાજ અરવલ્લીને મેવાડીઓ લાડમાં 'ગિરવા' તરીકે ઓળખે છે અને એમના સદીઓનાં સુખદુ:ખના એ સાથી પ્રત્યે એમને અજબ મમતા રહેલી છે. એ ગિરવાએ જ 'હિંદના સૂરજ' રાણા પ્રતાપની ટેક જાળવેલી. ઈ. ૧૫૭૬ના હલદીઘાટના યુદ્ધ પછી બીજાં ૩૭ વર્ષ એ મહાન મુઘલ સત્તા સામે આ જ ગિરવામાં રહીને લડતો. શ્રી રામચંદ્રજીના પુત્ર કુશમાંથી ઊતરી આવેલો મેવાડનો રાજવંશ એ હિંદનો જૂનામાં જૂનો રાજવંશ ગણાય છે અને સૌ ક્ષત્રિયો તે પ્રત્યે આદર ધરાવે છે. દિલ્હીના તખ્તને નમતું ન આપનાર કે મુઘલ જમાનામાં પોતાની પુત્રીઓ ન આપનાર કોઈ રાજવંશ હોય તો તે કેવળ મેવાડનો એ સિસોદિયા વંશ. કર્નલ ટૉડ આ રાજવંશની તવારીખ પર બેહદ મુગ્ધ હતો. ઇ. સ. ૧૮૧૯માં બ્રિટિશ એજન્ટ તરીકે તે પહેલવહેલો ઉદયપુર આવેલો. આશ્ચર્યની વાત એ છે કે ત્યાંના ઇતિહાસથી મુગ્ધ ટૉડ ત્યાંના પ્રકૃતિ-સૌન્દર્યથી જરાયે આકર્ષાઈ નહોતો શક્યો, બલ્કે પાંચેક મહિના રહીને કંટાળી ગએલો.

ચિતોડની નૈઋત્યે સિત્તેર માઇલ પર આવેલા આ શહેરે ઇતિહાસની અનેક વીર-કરુણ ગાથાઓ રચી છે. જયપુર અને જોધપુર બંને જેના હાથના ઉમેદવાર હતા ને પિંઢારાનાયક અમીરખાનની ઉશ્કેરણીથી ઉદયપુર સામે યુદ્ધમાં ઊતરવાની તૈયારીમાં હતા, એ રાજકુંવરી કૃષ્ણાકુમારીએ એની જ ગોદમાં અફીણ ઘોળીને જીવનનો અંત આણેલો. એણે જેમ લોઢે-લોઢું ઘસાતું જોયું છે, તેમ શરણાગત પ્રત્યે સાચા દિલની લાગણી પણ અનુભવી છે. મુઘલ શાહજાદા ખુર્રમે–પાછળથી શાહજહાંએ પિતા જહાંગીર સામે ઉઠાવેલું બંડ નિષ્ફળ ગયા બાદ ઉદયપુરે જ પુરાણું વેર ભૂલીને એને આશ્રય આપેલો. ઇ. ૧૮૫૭માં બ્રિટિશ સત્તા સામે પ્રકટેલા




મેવાડના ઇષ્ટદેવ મહાદેવની મૂર્તિવાળું માદળિયું ઘણાખરા પુરુષોને ગળે આજે ય લટકતું દેખાય છે.

નીચેથી પસાર થઇ શકે. પૂલ પરથી સરોવરનું દક્ષિણ બાજુનું દશ્ય ખૂબ રમણીય લાગે છે. ચાંદપોલનો પૂલ વટાવી ઉત્તર તરફ થોડા અંતરે અંબાપોલ આવેલ છે, જ્યાંથી બીજા એક પૂલ પર થઇને અંબામાતાના મંદિરે પહોંચાય છે. ચાંદપોલના પૂલ પર સીધા ચાલ્યા જતાં બ્રહ્મપુરીનો દરવાજો-બ્રહ્મપોલ આવે છે.


દક્ષિણમાં આવેલ કિશનપોલથી શહેરનો કોટ પિછોલા તળાવના કિનારા સુધી પહોંચે છે, જ્યાં એક જલબુર્જ બાંધેલો છે. આ દરવાજા બહાર દોઢેક માઈલ પર ગોવર્દ્ધનવિલાસ નામક પ્રાચીન રાજમહેલ આવેલો છે, જ્યાં પહેલાં મહારાણાની ગાયો રાખવામાં આવતી. આ મહેલ તથા તેની પાસેનું નાનું જળાશય મહારાણા સ્વરૂપસિંહે બંધાવેલાં.

શહેરમાં પ્રવેશવાનો સૌથી સારો માર્ગ હાથીપોલ દરવાજે થઇને છે. આ દરવાજામાં પેસતાં જ મુખ્ય બજાર શરૂ થાય છે. બજારમાં ડાબા હાથ પર આવેલું લૅન્સડાઉન ઑસ્પિટલનું ભવ્ય મકાન પ્રવાસીનું ધ્યાન ખેંચ્યા વિના નથી રહેતું. આગળ વધતાં આશરે સોએક ફૂટ ઊંચું ઘંટાઘર આવે છે. આ ઘંટાઘર અથવા ટાવર તથા હાથીપોલની વચ્ચેનો ભાગ મોતી-ચોહટ્ટાના નામે ઓળખાય છે. અહીંથી એક સડક પૂર્વ તરફ સૂરજપોલ સુધી જાય છે. ત્યાંથી આગળનો રસ્તો ચઢાણવાળો છે ને તે પર થોડે દૂર જતાં જગદીશચોક આવે છે, જ્યાંથી એક માર્ગ રાજમહેલ તરફ, બીજો ચાંદપોલ તથા ગનગોરઘાટ તરફ તથા ત્રીજો સજ્જનવિલાસબાગ તરફ જાય છે. જગદીશ ચોકની પશ્ચિમે જગદીશ અથવા જગન્નાથનું વિશાળ, સુંદર, શિખરબંધ મંદિર આવેલું છે. એ એવા ઊંચા સ્થાને બાંધેલું છે કે સડક પરથી મંદિરમાં પહોંચતાં સુધી અનેક પગથિયાં ચડવાં પડે છે. પગથિયાંની બંને બાજુ પથ્થરમાં કોરેલા મોટા હાથી મૂકવામાં આવ્યા છે. દ્વારમાં પ્રવેશ કરતાં જ સામે વિષ્ણુવાહન ગરુડની પિત્તળની વિશાળ મૂર્તિ નજરે પડે છે. આ મંદિર પંચાયતન છે, એટલે કે તેની મધ્યમાં વિષ્ણુનું મુખ્ય મંદિર અને ચાર બાજુએ ચાર બીજાં મંદિરો આવેલાં છે: ઇશાનમાં મહાદેવનું, અગ્નિખૂણે ગણપતિનું, નૈર્ઋત્યે સૂર્યનું તથા વાયવ્યે દેવીનું. મંદિર બહારની દીવાલ પર ભારતીય શિલ્પપ્રણાલી અનુસાર ગજથર, અશ્વથર, સંસારથર વગેરે પટ્ટાઓમાં પથ્થરની સુંદર કોતરણી છે. આમાંથી ગજથરના કેટલાક હાથીઓ તથા બહારના દરવાજા પાસેનો કેટલોક ભાગ ઔરંગઝેબની ચડાઈ વખતે તોડી પાડવામાં આવેલા, જે નવા બનાવવામાં આવ્યા છે. આ મંદિર મહારાણા જગતસિંહ પહેલાએ લાખો રૂપિયાના ખર્ચે બંધાવી સંવત ૧૭૦૯ના અધિક વૈશાખ સુદ ૧૨ના રોજ તેની પ્રતિષ્ઠા કરેલી.

જગદીશ મંદિરથી દક્ષિણ તરફ આગળ વધતાં દરબારગઢનો દરવાજો 'બડી પોલ' આવે છે. એમાં થઇને આગળ વધતાં ત્રિપોલિયાં નામે ઓળખાતા ત્રણ દરવાજા આવે છે. બડી પોલ અને ત્રિપોલિયાં વચ્ચે પૂર્વ બાજુએ આઠ તોરણોની એક શૃંખલા છે જે તોરણો જુદાજુદા મહારાણાઓએ આપેલાં સોના તથા ચાંદીના તુલાદાનનાં સ્મારક છે. સુંદર કોતરણીવાળા બબ્બે થાંભલા પર મહરાબ મૂકીને આ તોરણો બનાવવામાં આવ્યાં છે. એથી આગળ જતાં 'રાય આંગન' નામનો સુંદર ચોક આવે છે, જ્યાં થઇને જુદાજુદા મહેલોમાં પહોંચાય છે. આ મહેલોમાં કાચ તથા ચીનીનું કામ તથા પ્રાચીન તસ્વીરો જોવા જેવાં છે. મોતીમહલમાં આયના તથા સુંદર ચિત્રોની સારી સજાવટ છે. મહારાણા કર્ણસિંહે બનાવેલા 'દિલખુશાલ' મહેલની દીવાલો પર સોનાનું કામ જોવા જેવું છે. દિલખુશાલ મહેલથી એક માર્ગ વાડીમહલ તરફ જાય છે જે એના બંધાવનાર મહારાણા અમરસિંહના નામ પરથી અમરવિલાસ તરીકે પણ ઓળખાય છે. પર્વતના અસમાન ભાગ પર આ મહેલ બાંધેલો છે અને એની આસપાસ એક નાનો બગીચો હોઈ તે વાડીમહલના નામે ઓળખાય છે. એનાં કમાડો પર હાથીદાંતની સુંદર કોતરણી છે. વાડીમહલ અને બગીચામાંના જલાશયની વચ્ચે કર્ણવિલાસ નામનું ભવન આવેલું છે, જેની અગાશીમાં પિત્તળનું વિશાળ ગોળાકાર જ્યોતિષ-યંત્ર મૂકેલું છે. જયપુરના મહારાજા સવાઈ જયસિંહે તેમની ઉદેપુરની મુલાકાત વખતે આ યંત્ર ત્યાં મુકાવેલું. આવી વેધશાળાઓ એમણે જયપુર તથા ઉદેપુર ઉપરાંત દિલ્હી, મથુરા, ઉજ્જૈન તથા કાશીમાં પણ બનાવડાવેલી. લોકોની માન્યતા પ્રમાણે રાજા આ યંત્ર નીચે ભોજન લે તો ખોરાકમાં ભેળવેલા ઝેરની અસર તેના પર નથી થતી, અને આ કારણે તે 'જંતરમંતર'ના નામે પણ ઓળખાય છે. રાજમહેલમાં એક વિશાળ શસ્ત્રાગાર આવેલું છે જે 'સિલહખા-



પિછોલા સરોવરનાં પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોઇ રહેલી કોઇ રૂપવતી રમણી જેવો મહારાણાનો રાજમહેલ



રૂપનગરી ઉદયપુરનાં અસંખ્ય રમણીય સ્થાનોમાં શહેરની વચ્ચે આવેલું જગન્નાથનું આ વિશાળ સુંદર અને શિખરબંધ મંદિર એવા ઊંચા સ્થાને આવેલું છે કે સડક ઉપરથી મંદિરમાં પહોંચતાં સુધી અનેક પગથિયાં ચડવાં પડે છે. દ્વાર પાસે જ પગથિયાંની બંને બાજુએ બે મહાકાય હાથી મૂકેલા છે. ભારતીય શિલ્પપરંપરાની મનોહર અને સમૃદ્ધ કોતરણીથી સભર એવું આ મંદિર મહારાણા જગતસિંહે લાખો રૂપિયાના ખર્ચે બંધાવી સંવત ૧૭૦૯ના અધિક વૈશાખ સુદ ૧૨ના રોજ પ્રતિષ્ઠા કરેલી, એ ગણતરીએ આ વર્ષે એને બરાબર ત્રણસો વર્ષ પૂરાં થયાં.

ના' તરીકે ઓળખાય છે. મહારાણા પ્રતાપનાં શસ્ત્રો પણ તેમાં છે જ્યારે કેટલાંક પ્રાચીન કાળનાં શસ્ત્રાસ્ત્રો એવાં છે કે આજના લોકો તે જાણતા પણ નથી. શહેરના સૌથી ઊંચા ભાગ પર મોટા વિસ્તારમાં આ રાજમહેલો આવેલા છે અને તેની નીચે જ વિશાળ સરોવર આવેલું હોઈ એ સમગ્ર દૃશ્ય બહુ રમણીય છે. આ પ્રાચીન રાજમહેલો ઉપરાંત શંભુનિવાસ, શિવનિવાસ વગેરે નવા મહેલો છે, જેમાંના શિવનિવાસ પર સોનાના કળશ છે.

શહેરના દક્ષિણ છેડે કોટની અંદર સજ્જનનિવાસ નામનો મોટો બગીચો તળાવની પશ્ચિમ પાળ સુધી આવેલો છે. એમાંનાં પુરાવસ્તુસંગ્રહ તથા પ્રાણીસંગ્રહાલય જોવા જેવાં છે. પુરાવસ્તુસંગ્રહમાંના શિલાલેખો પરથી જણાય છે કે પહેલાં માંડલગઢ સુધીનો મેવાડનો પૂર્વ ભાગ અજમેરના ચોહાણોને અધીન હતો. મજકૂર સંગ્રહમાં શાહજાદા ખુર્રમની પાઘડી પણ છે. રાજસ્થાનમાં આજ સુધી એવો રિવાજ ચાલ્યો આવે છે કે અધિક સ્નેહપ્રદર્શન માટે પરસ્પર પાઘડી બદલવામાં આવે છે. અગાઉ જણાવ્યા મુજબ ખુર્રમ એના પિતા સામે બળવો ઉઠાવીને ઉદેપુરમાં રહેતો હતો ત્યારે મહારાણા કર્ણસિંહ અને તેની વચ્ચે આ રીતે પાઘડીની અદલબદલ થએલી.

રાજસ્થાનની દક્ષિણે આવેલા ઉદયપુર રાજ્યની ઉત્તરે અજમેર, મારવાડ તથા શાહપુરાની જાગીર, પશ્ચિમે જોધપુર અને શીરોહી, નૈર્ઋત્યે ઇડર, દક્ષિણે ડુંગરપુર, વાંસવાડા અને પ્રતાપગઢ, પૂર્વમાં બુંદી–કોટા ને વાયવ્યે




સરોવરતીરે સોહતા ઉદયપુરના રાજ્યમંદિરનો વૈભવ (ફોટો : આબીદમિયાં સંચદ)


જગપુર રાજ્ય આવેલાં છે. ૧૨,૬૯૧ ચોરસ માઈલના એના પ્રદેશનો ઉત્તર અને પૂર્વ ભાગ સપાટ ઊંચાઈનો છે, જ્યારે દક્ષિણ ને પશ્ચિમ ભાગ ડુંગરો અને ગીચ જંગલોથી છવાએલો છે. આ ડુંગરાળ પ્રદેશ જ મેવાડના નામે ઓળખાય છે. ચંબલ તથા તેની શાખા બનાસ એ ઉદયપુર રાજ્યની મુખ્ય નદીઓ છે.


ઉદયપુરનો રાજવંશ શ્રી રામચંદ્રના પુત્ર કુશમાંથી ઊતરી આવેલો મનાય છે એ હકીકત ઉપર આવી ગઈ. એ ઇતિહાસ મુજબ અયોધ્યા પર રાજ કરનાર કુશનો છેલ્લો વંશજ સુમિત્ર હતો. એની કેટલીક પેઢીઓ બાદ એના એક વંશજ કનકસેને સૌરાષ્ટ્રમાં વલભી રાજ્યની સ્થાપના કરી. વલભીનું પતન થયું અને એનો શાસક શીલાદિત્ય હણાયો. તેના મૃત્યુ બાદ અવતરેલા તેના પુત્ર ગુહિલાદિત્યે ઇડર તથા મેવાડની નૈઋત્યના પાર્વત્ય પ્રદેશ પર પોતાનું રાજ્ય સ્થાપ્યું ને એ વંશ ગુહિલોત કે ગહલોત કહેવાયો. એનો છઠ્ઠો વંશજ મહેન્દ્રજી બીજો અથવા 'બાપા' થયો જેણે નાગદામાં રાજધાની સ્થાપી ને પછી ચિતોડના મોરી વંશના માનસિંહને ઈ. ૭૩૪માં હાંકી કાઢી રાવલનો ખિતાબ ધારણ કરી ચિતોડની ગાદીએ બેઠો. પરંતુ એ રાજ્યનો ઇતિહાસ તેના સાચા અર્થમાં તો ચૌદમી સદીથી રતનસિંહ પહેલાના સમયથી જ પ્રાપ્ત થાય છે. ઈ. સ. ૧૩૦૩માં અલ્લાઉદ્દીને છ મહિના ચિતોડને ઘેરો ઘાલેલો ને એ યુદ્ધમાં રતનસિંગ હણાયા બાદ ચિતોડ પોતાના પુત્ર ખિજરખાનને સોંપી તેનું નામ તેણે ખિજરાબાદ રાખેલું. રતનસિંગ પછી કરણસિંગ પહેલાના




ઉદયપુરમાં મહારાણાના વિશાળ મહેલનું પ્રવેશદ્વાર











મથાળે ડાબી બાજુ : પ્રાચીન શોભન-પરંપરા અનુસાર શણગારેલો રાજદરબારનો હાથી–તેની પશ્ચાદ્ભૂમિમાં ઉદયપુરના મહારાણાઓએ આપેલાં તુલાદાનના સ્મારકો રૂપ તોરણોની હારમાળા. નીચે : ઉદયપુર-ના સ્થાનદર્શક નકશો. જમણી બાજુ મથાળે : સહેલી બાગનું એક દૃશ્ય. વચ્ચે : સરોવરની વચ્ચોવચ્ચ બેટપર આવેલો જગનિવાસ નામના રાજમહેલ; નીચે : વિશાળ જગમંદિર મહેલની અગાશીનું એક દૃશ્ય.

વખતમાં મંડોર (મારવાડના જૂના પાટનગર)નો પડિહાર રાણો મોકળસિંહ મેવાડ પર ચડી આવ્યો. કરણસિંગે પ્રથમ પોતાના મોટા પુત્ર માહુપને તેની સામે લડવા મોકલ્યો, પણ તે નિષ્ફળ જતાં નાના પુત્ર રાહુપને મોકલ્યો. રાહુપ પડિહાર રાણાને હરાવી કેદ કરી લાવ્યો, આથી કરણસિંહે તેને જ રાણાનો ખિતાબ આપી પોતાનો રાજવારસ નીમ્યો. આથી માહુપ રાજ્ય છોડી ગયો ને હાલના ડુંગરપુર રાજ્યનો પ્રદેશ જીતી લઈ ત્યાં રાવલનો ખિ-તાબ ધારીને તેણે જુદું રાજ્ય સ્થાપ્યું. આમ, રાહુપ એ મેવાડનો પહેલો 'રાણો' રાજવી હતો. એણે પોતાના વંશની અટક 'ગુહિલોત' બદલાવીને પોતે જ્યાં રહેતો હતો એ સીસોદા ગામ પરથી સીસોદિયા રાખી.

મુસલમાનોના હાથમાં ગએલું ચિતોડ મેવાડના છ રાજવીઓના અમલ દરમિયાન છોડાવી ન શકાયું. ત્યાર બાદ રાણા ભુવનસિંહે તે જીત્યું ખરું, પરંતુ થોડા જ સમય બાદ રાણા લક્ષ્મણસિંહના અમલ દરમિયાન, ચૌદમી સદીના મધ્ય ભાગે મુહમ્મદ બિન તુઘલકે એ પાછું જીતી લીધું. યુદ્ધમાં રાણો તથા તેના સાત પુત્રો હણાયા. ત્યાર બાદ રાણા હમીર-સિંહે તુઘલક સુલતાનને હરાવીને તે હાથ કર્યું એટલું જ નહિ, પણ તુઘલકને કેદ પકડી સિંગોલી મુકામે રાખ્યો. સુલતાને ૫૦ લાખ રૂપિયા, ૧૦૦ હાથી તથા કેટલીક પ્રદેશ આપ-

વાની શરતોએ એ કેદમાંથી મુક્તિ મેળવેલી. એ પછી રાણા કુંભાએ(૧૪૩૩–૬૮)માળવાના મહમૂદ ખિલજીને હરાવી છ મહિના સુધી ચિતોડમાં કેદમાં રાખેલો. નાગોરના મુસલમાન સૂબા તથા ગુજરાતના કુત્બુદ્દીનને પણ તેણે હરાવેલા. આ વિજયોના સ્મારક રૂપે તેણે ચિતોડનો જયસ્તંભ તથા બીજા કેટલાક કિલ્લા બંધાવેલા, જેમાં કુંભલગઢ મુખ્ય છે. એ પછીના રાણા સંગ્રામસિંહ (સાંગા) ને તેના વંશજોની મુઘલ સત્તા સાથેની અથડામણો તો ઇતિહાસમાં જાણીતી છે.

રાણા સાંગાના પુત્ર ઉદયસિંહે ઈ. ૧૫૫૯-ના અરસામાં વસાવેલું આ ઉદયપુર શહેર રાજસ્થાનમાં પાંચમા નંબરનું શહેર છે. શહેરની–અને રાજ્યની પણ–વસતિનો મોટો ભાગ હિંદુઓનો છે. શહેરનો સામાન્ય પરિચય ઉપર આવી ગયો. એમાં વર્ણવેલાં સ્થળો ઉપરાંત શહેરથી ૧૨ માઈલ ઉત્તરે આવેલું એકલિંગજીનું મંદિર તથા કેટલાંક સરોવરો ખાસ જોવા જેવાં છે, જેમાં, આગળ જેનું વર્ણન આવી ગયું એ જયસમંદ ઉપરાંત ઉદયપુર કાંકરોલી નજીકનું રાજસમુદ્ર અથવા રાયસમંદ ખાસ ઉલ્લેખનીય છે. ચાર માઈલ લંબાઈ અને એક માઈલ પહોળાઈનું એ સરોવર મહારાણા રાજસિંહે એક કરોડ રૂપિયા કરતાં પણ અધિક ખર્ચે બંધાવેલું.

પીછોલા તળાવ સવા બે માઈલ લાંબું અને દોઢ માઈલ પહોળું છે. એના બંધની લંબાઈ ૩૩૪ ગજ અને પહોળાઈ ૧૦૧ ફૂટ છે. લોકોક્તિ અનુસાર રાણા લાખાના સમયમાં એક વણઝારાની પોઠ અહીંથી નદી પાર ન કરી શકી એટલે નદીનાં પાણી વાળી લેવા તેણે આ બંધ બંધાવેલો જેને પાછળથી મહારાણા ઉદેસિંહે વધુ પાકો બનાવ્યો. તળાવને સામે કિનારે કેટલાંક મંદિરો આવેલાં છે, જ્યારે તળાવની અંદરના ટાપુઓ પર જગનિવાસ, જગમંદિર આદિ મહેલો આવેલા છે. આમાંના જગનિવાસમાં રંગબેરંગી પથ્થરના ટુકડાઓનું જડતરકામ ('મોઝેઈક વર્ક') જોવા જેવું છે. જગમંદિર મહેલ મહારાણા કર્ણસિંહે ખાસ શાહજાદા ખુર્રમ માટે બનાવેલો. સંવત ૧૯૫૨-માં તળાવનો બંધ કેટલાક ભાગમાં તૂટી જતાં શહેરના પૂર્વ ભાગને જબરું નુકસાન થએલું, પરંતુ પછી મહારાણા જવાનસિંહે (૧૮૮૫–૧૮૯૫) તે એટલો મજબૂત બનાવ્યો છે કે હવે તેના તૂટવાનો ભય નથી રહેતો.

ઉદેપુર હિંદનાં અત્યંત રમણીય સ્થળોમાંનું એક છે. એની સુંદરતા ને ભવ્યતાને લૉર્ડ કર્ઝને 'the most beautiful among the beauties, the grandest even amid all the grandeur of Rajputana' (રાજપુતાનાનાં સૌન્દર્યસ્થાનોમાં સુંદરતમ અને ત્યાંની સઘળી ભવ્યતાઓમાં યે સૌથી ભવ્ય) એ શબ્દોમાં અંજલિ આપેલી છે.







ચિત્રબોધ : વિવિધ ધર્મોનાં પ્રતીકો

મદ્રાસ પાસે અડ્યાર નદીને કિનારે એ જ નામના પરામાં વિશાળ જમીન પર થીઓસૉફીની સુંદર વસાહત આવેલી છે, જ્યાં એ સંપ્રદાયનું મુખ્ય કેન્દ્ર છે. તેના મોટા ને મનોહર મકાનની પરસાળની ભીંતો પર વિવિધ સંપ્રદાયોનાં પ્રતીકો તથા તેની નીચે તે તે ધર્મનો એક પ્રસંગ નિર્દેશતાં ભીંતચિત્રો છે, તેમાંથી પ્રતીકોનાં આલેખન અમદાવાદ થીઓસૉફિકલ સોસાએટીના સૌજન્યથી અત્રે આપીએ છીએ. મથાળેથી ડાબી બાજુથી (૧) હિંદુ (૨) બૌદ્ધ (૩) શીખ (૪) યહૂદી (૫) ઝરથુસ્ત્ર (૬) ફ્રીમેસન (૭) ઈસ્લામ (૮) જૈન (૯) ઈસાઈ (૧૦) થીઓસૉફી.

ગુજરાત સાહિત્ય સભા (અમદાવાદ) તરફની વાર્ષિક વાઙ્મય-સમીક્ષા

અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી કરાવવામાં આવતી વર્ષોવર્ષનાં પ્રકાશનોની સમીક્ષાનું કામ ઈ. ૧૯૫૩ની સાલ સારુ લલિત વાઙ્મય માટે શ્રી રામપ્રસાદ પ્રે. બક્ષી (ગોપાળ ભવન, ટાગોર રોડ, સાન્ટાક્રુઝ, મુંબઈ-૨૩) તથા લલિતેતર સાહિત્ય માટે પ્રો. જયન્તીલાલ દે. ઓઝા (૮૧, પ્રીતમનગર, એલિસબ્રિજ, અમદાવાદ-૬)ને સોંપવામાં આવ્યું છે. એટલે સૌ લેખકો તથા પ્રકાશકોને સાહિત્ય સભાની વિનતિ છે કે તેઓ પોતાનાં પ્રકાશનો, બહાર પડે કે તરત જ, ઉપરના સમીક્ષકોને મોકલી આભારી કરે, કે જેથી તેઓના કામમાં સરળતા થાય.

શાસ્ત્રીય સંગીત વિષે ટૂંકી અશાસ્ત્રીય નોંધ

લખનાર **બકુલ ત્રિપાઠી**

વ્યાયામના અનેક પ્રકાર છે. કુસ્તી એ વ્યાયામનો એક ઉત્તમ પ્રકાર છે. દંડબેઠક પણ વ્યાયામનો એક બીજો ઉત્તમ પ્રકાર છે. મલખંભ પણ વ્યાયામનો એક ત્રીજો ઉત્તમ પ્રકાર છે. મગદળ પણ...આ રીતે હું પંદરેક પાનાં જેટલો લાંબો લેખ લખી શકું એમ છું; પણ ટૂંકાણમાં પતાવવા અત્રે એટલું જ કહીશ કે શાસ્ત્રીય સંગીત પણ વ્યાયામનો એક ઉત્તમ પ્રકાર છે.

જુદાજુદા પ્રકારના વ્યાયામથી શરીરનાં જુદાજુદાં અંગો ઘડાય છે. વજનદાર મગદળથી મગજ સુધરે છે, કેમકે વારંવાર એની સાથે માથું ટિચાવાથી મગજના સ્નાયુઓ મજબૂત બને છે. એ જ રીતે આલાપ-વિલાપ સાથે ગવાતા શાસ્ત્રીય સંગીતથી એમાં આવતા ડોલનને લીધે હાથના સ્નાયુ, કરોડરજ્જુ, ખભાના સ્નાયુ, ફેફસાં વગેરે મજબૂત બને છે. શાસ્ત્રીય સંગીત સાંભળતાં હાથનાં આંગળાંથી અપાતા તાલને લીધે રુધિરાભિસરણ તીવ્ર બને છે તથા સંગીતનો આસ્વાદ લેતી વેળા કપાળે કરચલીઓ પાડીને ભવાં ચડાવવાનો સંગીતપ્રેમીઓમાં જે રિવાજ છે એથી આંખોનું તેજ વધે છે અને મોંનો ઘાટ સુધરે છે. આ રીતે જનતાને કલાકારોનું આરોગ્યનું ધોરણ ઊંચું જાય એ ઉદ્દેશથી ઑલ ઇન્ડિયા રેડિયો પણ શાસ્ત્રીય સંગીતને ઉત્તેજન આપી રહ્યો છે.

પ્રાચીન સમયમાં શાસ્ત્રીય સંગીત વ્યાયામ ઉપરાંત બીજા પણ અનેક ઉપયોગમાં લેવાતું હતું. ઘણા આળસુ માણસો દીવો પેટાવવા ઊઠવું પડે એ આળસે માત્ર દીપક રાગ ગાઇને સંગીત દ્વારા દીવા પ્રગટાવતા. ગામોમાં વૉટરવર્ક્સ બંધાયાં ન હોવાને કારણે મલ્હાર રાગ ગાઇને પાણી મેળવવામાં, તથા પ્રાણીસંગ્રહસ્થાનમાં હરણાં જોવા જવાનો કંટાળો આવે ત્યારે તોડી રાગ ગાઈને એમને ઘેર બોલાવવામાં, વગેરેમાં પણ શાસ્ત્રીય સંગીતનો ઉપયોગ થતો. વળી, કહે છે કે, જુદાજુદા રાગોનો ઉપયોગ કાચનાં હાંડીઝુમ્મર ફોડવામાં, પથ્થરની મૂર્તિની આંખમાંથી આંસુ પડાવવા તથા અપંગોને ચાલતા કરવા જેવા જાદુના ખેલ કરવામાં, તથા રડતાં છોકરાં છાનાં રાખવા જેવાં અનેક કાર્યોમાં પણ થતો. મારું શાસ્ત્રીય સંગીતનું જ્ઞાન અમર્યાદિત ન હોવાને કારણે હું આના વધુ દાખલા નહિ આપવા માટે અશક્તિમાન નથી.

પરંતુ જેમજેમ માનવી આગળ વધતો ગયો તેમતેમ એણે જોયું કે શાસ્ત્રીય સંગીતનો આવાં નાનાવિધ કાર્યોમાં ઉપયોગ કરવાથી ગાનારને દિવસ દરમ્યાન વધુપડતો વ્યાયામ મળી જતો, અને એથી ઘણા કલાકારો જોઇએ તે કરતાં વધારે આયુષ્ય ભોગવતા, અને ઘણા જોઈએ તે કરતાં ઓછું આયુષ્ય ભોગવતા. આથી શાસ્ત્રીય સંગીતનો ઉપયોગ અન્ય કાર્યો માટે થતો અટકી ગયો. હવે એનો ઉપયોગ માત્ર એક જ ખાસ કાર્ય માટે થાય છે—અને એ કાર્ય તે ઊંઘ લાવવાનું! આ ઊંઘ આવવાનો લાભ સમગ્ર જનતાને મળે એ માટે જ ઑલ ઇન્ડિયા રેડિયો શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમો મોડી રાત્રે આપે છે.

શાસ્ત્રીય સંગીતમાં રસ હોવો એ સંસ્કારિતાનું લક્ષણ ગણાય છે. આથી જ્યારે તમને કોઈ પૂછે કે 'શાસ્ત્રીય સંગીતમાં તમને રસ છે?' ત્યારે 'હા, મને ગાવામાં નહિ પણ સાંભળવામાં તો રસ છે જ' એમ કહેવાનો રિવાજ છે. અને બદલામાં પેલા ભાઇએ પણ 'મને તો શાસ્ત્રીય સંગીતનો ખૂબ શૉખ છે' એમ કહેવાનું હોય છે, ને તમારે સામે 'મને પણ એનો અત્યંત શૉખ છે' એમ કહેવાનું હોય છે. આ પછી એ કહેશે, 'મને આ ફિલ્મી મ્યૂઝિક જરા ય નથી ગમતું', એટલે તમારે પણ જવાબમાં, 'અરે, ભાઈ એની તો વાત છોડો ને! ફિલ્મી સંગીતથી તો માથું પાકી જાય છે માથું!' એમ કહેવાનો રિવાજ છે.

આમ એકબીજાને કહ્યા પછી હમેશાં ઘેર જઇને તરત રેડિયો પર ફિલ્મી સંગીત સાંભળવું શરૂ કરી જાતનું માથું પકાવવાનો રિવાજ સંસ્કારી લોકોમાં હોય છે.

શાસ્ત્રીય સંગીત વિષે આટલું વિચાર્યા પછી અંતે એક જ પ્રશ્ન રહે છે: શાસ્ત્રીય સંગીત એ શી ચીજ છે? એની વ્યાખ્યા આપવી હોય તો આમ આપી શકાય: શાસ્ત્રીય સંગીત એટલે એવું સંગીત કે જે શાસ્ત્રીય હોય. અથવા તો શાસ્ત્રીય સંગીત એટલે અશાસ્ત્રીય સિવાયનું બીજું બધું સંગીત. અને એ બે વ્યાખ્યાઓ પૂરતી ન હોય તો હું ઉમેરું કે શાસ્ત્રીય સંગીત એટલે શાસ્ત્રીય સંગીતના ગાનારાઓ જે ગાય તે. આટલી વ્યાખ્યાઓ પૂરતી હોવાનું ઘણા માને છે એમ મારું માનવું છે. પણ આવું મારું માનવું છે એટલે તમારું માનવું પણ એવું હોવું જોઇએ એમ મારું માનવું નથી. મારું માનવું એમ છે કે જે મારું માનવું છે તે જ તમારું માનવું હોવું જોઇએ કે જે તમારું માનવું હોય તે જ મારું માનવું હોવું જોઇએ એવું ન હોવું જોઇએ; એટલે કે એકનું માનવું હોય તે જ બીજાનું માનવું હોવું જોઇએ અથવા તો જે બીજાનું માનવું હોય તે જ...

પણ હવે આગળ લંબાવવું એ યોગ્ય નથી એમ મારું માનવું છે. શાસ્ત્રીય સંગીત એ અખૂટ રસનો વિષય છે. પણ હું હવે આગળ નહિ લખું, કારણકે મને સમય નથી. મારે હજી તો આ લેખ વાંચીને મારા પર તૂટી પડનારા મારા શાસ્ત્રીય સંગીતપ્રેમી મિત્રોથી મારો બચાવ કેમ કરવો એ વિચારવાનું છે, એટલે અત્રે આટલું જ બસ છે.

સુભાષિત

(અનુષ્ટુપ)

जिह्वे प्रमाणं जानीहि भोजने भाषणेऽपि च।
अतिभुक्तिरतीवोक्तिः सद्यः प्राणापहारिणी॥

અનુવાદ

ભોજને, ભાષણે, રાખો જીભ હે! સુપ્રમાણને
બોલવું બહુ ને ખાવું ખૂબ, એ પ્રાણને હરે.

[વિવરણ: **અતિ સર્વત્ર વર્જયેત** એ સૂત્ર જીવનના દરેક ક્ષેત્રમાં મુદ્રાલેખ જેવો હોવો જોઇએ એ આપણે પહેલાં જોઈ ગયા છીએ. એમાં યે જીભ જ્યારે પોતાનું પ્રમાણ છોડી 'અતિ'માં જાય છે ત્યારે તો મહા અનર્થ બને છે, કેમકે એ એક જ ઇન્દ્રિય એવી છે કે જે બેવડો અનર્થ કરે છે! બહુ બોલવાથી ઘરમાં કે બહાર દેશમાં કે રાજકારણમાં કેવા અનર્થ થયા છે તેના દાખલા ભેગા કરી જો પુસ્તકો રચવામાં આવે તો એકાદ પુસ્તકાલય ભરાય! તે જ પ્રમાણે આરોગ્યશાસ્ત્ર કહે છે કે બધા રોગોનું મૂળ પેટ છે, અને જીભ વશ ન રહે તેથી જ પેટ બગડે છે. પછી તો બૉઈલર બગડવાથી આખી મિલ અટકે તેમ આખું શરીર અટકે છે. 'ગૅસ', 'બ્લડપ્રેશર' વગેરે આજના સામાન્ય થઈ પડેલા રોગો આહારમાં 'અતિ' થઇ જવાનાં પરિણામ છે. હૃદયરોગનું પણ એ જ કારણ છે. આમ, જીભ મર્યાદા મૂકે ત્યારે પ્રાણને જોખમ આવે છે. **ર. ભી.**]

પચ્ચીસ વર્ષ પહેલાં



ભાદરવો ૧૯૮૪
અંક ૫૭મો

ભારતીય કલારત્નોની પરખ ગુજરાતને કરતાં શીખવવાનો નમ્ર દાવો 'કુમાર'નો છે. પચ્ચીસ કરતાં પણ વધુ વર્ષથી એ કાર્ય કેટલી સંગીન ને એકધારીરીતે ચાલ્યા કર્યું છે તેની પ્રતીતિ આ સાથે આપેલી પ્રજ્ઞાપારમિતાની મૂર્તિ તથા તેની નીચેની સમજણ કરાવશે.

બને તેટલી જીવનની જરૂરિયાતો ઓછી કરીને સ્વદેશીધર્મ અપનાવવાનું ઉદ્‌બોધન એ કાળે પરદેશીઓની કબજાગીરીમાં પડેલા દેશ માટે જેટલું જરૂરી હતું તેટલું જ આજે પગભર થવા માટે મથી રહેલા સ્વતંત્ર રાષ્ટ્ર માટે પણ છે. એવો 'મિજલસ'નો એક ફકરો :

કેટલી નકામી જરૂરિયાતો આપણે હાથે કરીને ઊભી કરી હોય છે? બાવળના લીલા દાતણ વડે કોલસો અને મીઠું ઘસી દાંત સાફ કરવા સામે હજી સુધી કોઇ દાક્તરે વાંધો નથી ઉઠાવ્યો; કરકરા લોટની ઘઉંની ખરી શેકેલી ભાખરી અને દૂધનો નાસ્તો ખોરાકનાં ઊંચામાં ઊંચાં પોષક તત્ત્વો ધરાવે છે તેની વિરુદ્ધ કોઇપણ આહારશાસ્ત્રીનો વાંધો નથી; સફેદ કપડાંનો પોષાક સૂર્યનાં કિરણોને જોઈતા જ પ્રમાણમાં આકર્ષી શરીરનું આરોગ્ય જાળવે છે, અને ખાદીમાં શિયાળે મધુરી હૂંફ આપવાની ને ઉનાળે પરસેવો ચૂસી ઠંડક આપવાની શક્તિ છે એની કોઇ આરોગ્યશાસ્ત્રીએ હજી સુધી ના નથી કહી.

દેશનાં તાજાં શાકભાજી ને ઘરની મીઠી ભાખરી છોડી ચાહ-કૉફી, બિસ્કિટ-ચેવડા, મીઠાઈ-મલીદા ને પાન-સિગરેટથી શરીર વણસાડવાની શી જરૂર છે? સાદાઈની સુવાસ અને સુઘડતાની ફોરમનું નૈસર્ગિક સૌંદર્ય મળતું હોય છતાં મઘમઘતાં સેંટ-પાઉડર ને તેલ-અત્તરની ખર્ચાળ કૃત્રિમતાની શી જરૂર છે? નકામી જરૂરિયાતો વધારીને પોતાની જાત, કુટુંબ ને દેશ પર બોજા રૂપ બની રહેલો એકેએક માણસ આ સવાલ પોતાના અંતરને પૂછી જુએ ને નિખાલસપણે તેનો ઉત્તર મેળવે: પોતાની જાતને ફોસલાવીને નહિ.

જરૂરિયાત એ શી ચીજ છે? જરા ઊંડો વિચાર કરીશું તો જણાશે કે જેના વિના આપણે ન ચલાવી શકીએ એમ માનીએ છીએ એવી પોકળ જરૂરિયાતની કેટલી યે જાળો આપણે આપણી મેળે ઊભી કરેલી હોય છે. જરૂરિયાત એ કાંઈ ઈશ્વરે માણસજાત પર ફેંકેલી વસ્તુ નથી. કુદરતે ખોરાક પોષાક ને આશ્રયની જ જરૂરત માણસ માટે રાખી છે; બાકીનો બોજો માણસે આપમેળે સુધારાને નામે પોતાની જાત પર લાદ્યો છે.

શા માટે માણસ એ વસ્તુઓને માટે બીજા પર આશા રાખી ફર્યા કરે છે, ને એ બોજો ખેંચીખેંચીને પોતાની જાતને ભારે મારે છે? શા માટે આપમેળે ઊભાં કરેલાં એ બંધનોના પાશમાં જકડાઈ હાથે કરી પામર બને છે? જગતમાં એક પણ ચીજ એવી શા માટે હોવી જોઈએ કે જેના વિના માણસજાતને ન ચાલે?

એક મિત્ર ચલાવી લેવાની કળા વિષે એક દિવસ વાત કરતાં કહે 'મુસાફરીમાં પણ હું બહુ બોજો સાથે રાખતો નથી.




પ્રજ્ઞાપારમિતા: પ્રાચીન ભારતીય કલામાં માત્ર સ્થૂલ સૌંદર્ય દર્શાવવાને નરદેહની યોજના નહોતી થતી, પરંતુ બ્રહ્માંડવ્યાપી આત્માનાં વિવિધ સ્વરૂપો બતાવવાને ફક્ત સાધન પૂરતો જ ઘાટ લેવાતો. તે જ પ્રમાણે નારીદેહમાં પણ જગતની અનંત શક્તિઓનાં સ્વરૂપો બતાવવામાં આવતાં, યુરોપની હેલન, એફ્રોડાઈટ વગેરે જેવી વાસનાપ્રેરક આકૃતિઓ કરતાં સરસ્વતી-ઈશ્વરી બુદ્ધિ-પ્રજ્ઞાપારમિતા જેવું સ્વરૂપ ઘડવામાં ભારતીય કલા ગૌરવ લે છે. આ સુંદર મૂર્તિ જાવામાંથી મળી આવેલી. હાલ જર્મનીના લાઇડન શહેરના માનવવંશ-વિજ્ઞાનના સંગ્રહસ્થાનમાં એ છે ને યુરોપ કે એશિયાની ઉત્તમોત્તમ ભાવનાના મૂર્ત સ્વરૂપ તરીકે તથા કલાની આધ્યાત્મિક પ્રેરણાકૃતિ તરીકે એ અદ્વિતીય લેખાય છે.

કપડાં ને એકાદ પુસ્તક. રાત્રે સૂવા માટે બિસ્તર વિના હું ચલાવી લઉં છું: ન્યુસપેપર પાથરીને ઓશીકે પુસ્તક મૂકી હું નિરાંતે ઊંઘ લઈ શકું છું.' દરેક માણસે આમ ઓછામાં ઓછી જરૂરિયાતોથી ચલાવી લેવું જોઈએ; અને ખાસ કરીને પરદેશીને સ્થાને ગમે તેવી ગરીબડી, જાડી-ખરબચડી, કાચીપાકી દેશી ચીજથી ચલાવી લેતાં શીખી લેવું જોઈએ. અંતરની ખરી ધગશથી આચરેલા આ કણ જેટલા કાર્યમાં પણ અનંત શક્તિ રહેલી છે. એમાં રહેલી સ્વદેશીધર્મની મર્યાદા, સંયમનાં તપ અને દેશપ્રેમથી પ્રેરિત આત્મબળ વડે, એ કણકણ જેટલા નાના કાર્યથી પણ દેશનાં અસંખ્ય માણસો દેશની સંપત્તિ જાળવવાના રચનાત્મક કાર્યમાં ફાળો આપી તેને પાર ઉતારી શકે,-રામચંદ્રજીને સેતુ બાંધવામાં ખિસકોલીઓએ કાંકરી કાંકરી કરીને સહાય કરી હતી તેમ.

આહાર ઉપરના એક અતિ ઉપયોગી લેખમાંના બે કોઠા તેનાં અનુષંગી લખાણ સાથે નીચે આપ્યા છે, તે પોતે જ પોતાનું મહત્ત્વ કહેશે: ઘઉંના દાણાનું પૃથક્કરણ કરતી નીચેની આકૃતિમાં, ડાબી તરફ, જેમાંથી થૂલું બને છે (અને જે આપણે ફેંકી દઇએ છીએ) તે, દાણા પરનાં છ પ્રકારનાં પડમાં રહેલા વિવિધ ગુણ દર્શાવ્યા છે, અને જમણી તરફ તેની મૂછો, મેંદો ધરાવતો મધ્ય ભાગ તથા ફણગાની સમજણ આપી છે.

ઘઉંના દાણા ઉપરનાં થૂલાનાં છ પડના ગુણો

(૧) શરીરને નીરોગી રાખનારાં વિટામિન મોટા પ્રમાણમાં પૂરાં પાડે છે.
(૨) લોહી તથા સ્નાયુ માટે ઉત્તમ જાતનું પ્રોટીન આપણને પૂરું પાડે છે.
(૩) વચલા ભાગ કરતાં દસ ગણા વિધવિધ ક્ષાર આપણા શરીરને પૂરા પાડે છે.
(૪) જ્ઞાનતંતુ તથા હાડકાં માટે ફૉસ્ફરસ પૂરો પાડી ખડતલપણું આપે છે.
(૫) કાળી દ્રાક્ષ કરતાં પણ બમણા પ્રમાણમાં લોહીમાં રતાશ લાવનારું લોહ પૂરું પાડે છે. (પછી આપણને લોહભસ્મ ખાવાની જરૂર રહે ખરી!)
(૬) કબજિયાત અટકાવવામાં જરૂરી એવો ઉત્તમ કૂચો પૂરો પાડે છે.



મૂછ અથવા સરવલાં, કે જે કાઢી નંખાય છે.

આ વચલા સફેદ ભાગમાં મુખ્યત્વે મેંદો હોય છે. જે ફક્ત ગરમી પૂરી પાડે છે. ખોરાક તરીકે એકલા મેંદાની કિંમત મલાઇ કાઢી લીધેલા દૂધ જેટલી જ ગણાય.

ફણગો, જેમાંથી ઘઉંની ડૂંડી ઊગે છે. તેમાં પુષ્કળ વિટામિન તથા શક્તિદાયક તેલ હોય છે, અને તેમાં રહેલું પ્રોટીન દૂધના પ્રોટીન જેવું ઉત્તમ ને પૌષ્ટિક હોય છે.

કેટલાક અખતરાઓ પછી એમ માલૂમ પડ્યું છે કે જેટલો ખોરાક લઈએ તેના અમુક પ્રમાણમાં વિટામિન 'બી'ની જરૂરત છે. એ અનાજના થૂલા તથા ફણગામાં તેમજ કઠોળના થૂલા તથા ફણગામાં મોટા પ્રમાણમાં રહેલું છે. આપણા શ્રીમંત વર્ગમાં લોટને ચાળીને (થૂલું કાઢીને) રોટલી બનાવવાનો રિવાજ છે તેથી કેટલું નુકસાન છે તે આ પરથી સમજાશે. આપણી લોટ દળવાની રીત એવી છે કે કેટલુંક થૂલું દળાઈને લોટમાં ભળી જાય છે તેથી આપણે ત્યાં બેરીબેરી જેવું અંતિક દરદ ભાગ્યે જ દેખાય છે; છતાં થૂલું અને ફોતરાં કાઢી નાખવાથી આપણામાં અનેક રોગ થાય છે એ વાત નિઃસંદેહ છે. લોટમાંથી થૂલું ચાળીએ નહિ તો સારી અને પાતળી રોટલી થઈ શકે નહિ એ માન્યતા ભૂલભરેલી અને અનુભવ વિનાની છે. રોટલી કરતાં પહેલાં એકબે કલાક કણેક બાંધી રાખી હોય તો થૂલું પલળીને કણેક સાથે એકરસ થઈ જાય છે અને પાતળી રોટલી વણી શકાય છે. વળી આ પ્રમાણે પલાળી રાખવાથી તેમાં યીસ્ટ (yeast) પેદા થાય છે જે પાચનશક્તિને મદદ કરે છે.

શ્રીમંત વર્ગમાં ખીચડી બનાવતી વખતે મગની દાળનાં ફોતરાં કાઢી નાખવાનો રિવાજ હોય છે તે પણ આવાં કારણોને લીધે નુકસાનકારક છે. લોહીને શુદ્ધ રાખવા સારુ તથા બીજી કેટલીક ક્રિયાઓ માટે શરીરને મોટા પ્રમાણમાં કૅલ્સ્યમ, મૅગ્નેસ્યમ, સોડિયમ, પોટાસ્યમ, ફૉસ્ફરસ, ક્લોરીન, સલ્ફર અને આયર્ન એ આઠ જાતના ક્ષારની જરૂરત હોય છે. ઘઉંમાં આ આઠે જાતના ક્ષાર સારા પ્રમાણમાં છે, અને શરીરને તે થૂલા તથા ફોતરાં દ્વારા પૂરાં પાડી શકાય છે. વળી કબજિયાત અટકાવવા અને આંતરડાંના ખોરાકને ગતિ આપવા 'કૂચા' અથવા રેસાવાળા પદાર્થની જરૂરત છે. તે કૂચા પૂરા પાડનારા પદાર્થોમાં પણ થૂલું તથા ફોતરાં ઉત્તમ છે, કારણ કે તે આંતરડાંને છોલતાં નથી. ઘઉંમાં પૌષ્ટિક તત્ત્વ કેવી રીતે વહેંચાએલું છે તે, ઉપરનું ઘઉંના દાણાનું ચિત્ર જોવાથી સમજી શકાશે. એ ચિત્ર પરથી સ્પષ્ટ માલૂમ પડે છે કે થૂલું તથા ફોતરાં કાઢી નાખવાથી તેમાંથી એવી જાતનાં ઉપયોગી તત્ત્વો નીકળી જાય છે કે જેની ઊણપ બીજી કોઈ પણ જાતના ખોરાકથી ન પૂરી શકાય.

પુષ્કળ વિટામિન પૂરાં પાડે તેવા કેટલાક પદાર્થો

વિટામિન 'એ' (વૃદ્ધિપોષક)	વિટામિન 'બી' (જ્ઞાનતંતુ-પોષક)	વિટામિન 'સી' (રક્તશોધક)	વિટામિન 'ડી' (અસ્થિપોષક)	વિટામિન 'ઇ' (સર્જક)
ઘી	યીસ્ટ	સંતરાં મોસંબી	સૂર્યનો પ્રકાશ	દૂધ
માખણ	થૂલાવાળું અનાજ	કેરી, ટમેટાં		
ટમેટાં	ફોતરાંવાળું કઠોળ	વગેરે મધુરાં ફળ	કૉડ લિવર ઑઈલ	અનાજના ફણગા
લીલા વટાણા	બદામ, પિસ્તાં અખ-			
ભાજીપાલો	રોટ વગેરે સૂકો મેવો	ભાજીપાલો		ભાજીપાલો
દૂધ દહીં	ભાજીપાલો			
કૉડ લિવર ઑઈલ	મધુરાં ફળ			શ્રીફળનાં બી

ટિકિટસંગ્રહ

આ યુગનો એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષેની તથા ટિકિટો વિષે બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ

માઉન્ટ એવરેસ્ટના આરોહણની માનવ-સિદ્ધિના ધન્ય પ્રસંગને સ્મરણાંકિત કરવા માટે ભારત સરકાર ખાસ ટિકિટો કાઢનાર હોવાના સમાચાર પ્રકટ થઇ ચૂક્યા છે. એના ઉપર, ભારતીય વિમાની દળે ઉડ્ડયન કરીને લીધેલા એ શિખરના ફોટોગ્રાફોમાંથી ચૂંટેલી છબિ ઉપરાંત કદાચ તેનસિંગ અને હિલેરીની પણ છબિઓ આવે. આ પ્રસંગે, એવરેસ્ટને નિમિત્ત રાખીને આજ સુધીમાં ટિકિટ-ઇતિહાસમાં થએલી પ્રવૃત્તિની નોંધ અસ્થાને નહિ ગણાય.

એમાં મુખ્ય નોંધપાત્ર બીના તો, ૧૯૨૪માં કૅપ્ટન ઇ. એફ. નૉર્ટનની આગેવાની નીચે થએલા આરોહણ-પ્રયાસ નિમિત્તે નીકળેલી આ સાથે આપેલી ટિકિટ જ છે. એના ઉપર એવરેસ્ટના શિખર ઉપરાંત નીચેની તળેટીની છાવણીના સ્થાને રૉંગબક-ગ્લેશ્યરનું ચિત્ર હતું. કિનારની ત્રણ પટ્ટીઓ ઉપર એ આરોહણનાં સહાયક ત્રણ રાજ્યો-સિક્કિમ, તિબેટ અને નેપાળનાં નામ તથા નીચેની પટ્ટી ઉપર આરોહણની સાલ ૧૯૨૪ લખેલી હતી, અને વચ્ચોવચ 'માઉન્ટ એવરેસ્ટ એક્સ્પીડિશન' એવા શબ્દો હતા. એ ટિકિટનું આલેખન, આરોહણ-ટુકડીના જ એક સભ્ય કૅપ્ટન જૉન નૉએલે કર્યું હતું અને બ્લ્યુ રંગના ત્રણ પ્રકાર વડે, ૩૬-૩૬ ટિકિટોના તાવમાં તે છાપવામાં આવી હતી. એનો ઉપયોગ માત્ર આરોહણની છાવણીથી ભારત સરકારની પોસ્ટ ઑફિસે પહોંચાડવાના સ્થાનિક ગાળા પૂરતો જ મર્યાદિત હતો. એ ટપાલ પગપાળા હલકારાઓ મારફત પહોંચાડાતી અને દરેક પત્ર પર એક એક ટિકિટ લગાડાતી.

તેને અંગે રદ્દીકરણ માટે જુદાજુદા પ્રકારના સિક્કા પણ યોજવામાં આવ્યા હતા: 'માઉન્ટ એવરેસ્ટ એક્સ્પીડિશન ટ્રેક્ટર પાર્ટી, તિબેટ-૧૯૨૪'; 'માઉન્ટ એવરેસ્ટ એક્સ્પીડિશન ૧૯૨૪ રૉંગબક ગ્લેશિયર બેઇઝકૅમ્પ' વગેરે જેવા ચારેક પ્રકાર એમાં હતા. એવાં રદ્દીકરણવાળી કવર પર ચોડેલી ટિકિટો આજે મોંઘી અને વિરલ છે અને બે કે ત્રણ પાઉન્ડની કિંમતે વેચાય છે, પણ વગર વપરાએલી કોરી ટિકિટો અઢી શિલિંગે મળી શકે છે.


આ પછી એવરેસ્ટ પર આરોહણ-પ્રયાસો તો ઘણા થયા, પણ આ રીતે ટિકિટો ફરી કદી નીકળી નથી; માત્ર કાગળો પર મારવાના જુદા જુદા સિક્કા જ ત્યાર બાદ યોજાયા છે. તેમાં ઇ. ૧૯૩૩ અને ૧૯૩૬ના આરોહણના આગેવાન રટલેજે, ૧૯૩૩માં હાઉસ્ટને, ૧૯૩૩ના ઉડ્ડયન-આગેવાન બ્લૅકર અને ફેલોઝે કાઢેલા જુદીજુદી આકૃતિઓ ને લખાણોવાળા બ્લ્યુ, લાલ, કાળી તથા જાંબલી શાહીથી છાપેલા. રબરસ્ટૅમ્પનો સમાવેશ થાય છે. ભારતની ટિકિટો હવે એ ઇતિહાસની પૂર્ણાહુતિ કરશે.



૧૯૨૪માં નીકળેલી એવરેસ્ટની પહેલી ટિકિટ

પોર્ચુગીઝ ઈસ્ટ આફ્રિકાના કબજાના મોઝામ્બિક ટાપુના પાટનગર લૉરેન્સો માર્કિવસ મુકામે એ શહેરના 'સિટી-ડે' (નગરદિન)-ની ઊજવણી નિમિત્તે ત્યાં ટિકિટોનું એક ખાસ પ્રદર્શન ભરાયું હતું. એ પ્રસંગે નીકળેલી વિશિષ્ટ ટિકિટ તથા તેના ખાસ રદ્દીકરણવાળું 'ફર્સ્ટ-ડે કવર' શ્રી હર્ષદ શેઠે મોકલ્યાં છે, તે આ સાથે આપ્યાં છે. એ નગરદિનની ઊજવણી પાછળ એક ઐતિહાસિક હકીકત રહેલી છે. પોર્ચુગીઝોના કબજાના એ શહેર પર ઈ. ૧૮૭૫માં અંગ્રેજોએ પોતાનો દાવો કરેલો; અંતે ફ્રાન્સને તેમાં લવાદ નીમ્યું અને તે સમયના ફ્રેન્ચ વડા પ્રધાન માર્કમોહ્વેએ શહેર પોર્ચુગીઝોનું હોવાનો ચુકાદો આપ્યો. પરિણામે ૧૮૭૫ની ૨૪મી જુલાઈએ પોર્ચુગીઝોને એ શહેરનો કબજો મળ્યો. ત્યારથી વર્ષોવર્ષ એ દિવસ નગરદિન તરીકે ઊજવાય છે.






ગઈ ૨૪મી જુલાઇએ મોઝાંબિકના પાટનગર લૉરેન્સો માર્કિવસના નગરદિન નિમિત્તે એ શહેરમાં ભરાએલા પહેલા ટિકિટપ્રદર્શન અંગે કાઢેલી ટિકિટ તથા ફર્સ્ટડે કવર

ગઈ ૨૪મી જુલાઈના ઉત્સવમાં ભરાએલું આંતરરાષ્ટ્રીય ટિકિટોનું પ્રદર્શન ત્યાં સૌ પ્રથમ પ્રદર્શન હતું અને એ નિમિત્તે બહાર પડેલી ટિકિટ ઉપર, આજ સુધી ત્યાં બહાર પડેલી વિવિધ ટિકિટો પૈકીની મુખ્ય મુખ્ય ટિકિટોની જ આકૃતિઓ આપેલી છે. ૩૩૬મા અંકમાં પ્રકટ કરેલી વિવિધ રંગીન માછલીઓની છાપવાળી ત્યાંની ટિકિટો વાચકોને યાદ હશે. એ જ રીતે ત્યાં વિવિધરંગી પતંગિયાંની છાપવાળી પૂર્ણરંગી ટિકિટો પણ બહાર પડેલી.

જગતભરનું લક્ષ ખેંચી રહેલું કાશ્મીરનું પ્રકરણ

બ્રિટિશ સરકારે હિંદના બે ભાગ પાડી હિંદુસ્તાન અને પાકિસ્તાન એવા નામે એ બંનેની સ્વતંત્રતા જાહેર કરી તેની સાથે આ ઉપખંડનાં સઘળાં દેશી રાજ્યો પરનું સાર્વભૌમત્વ પણ ઉઠાવી લીધું અને એમને બેમાંના ગમે તે એક ભાગ સાથે જોડાઈ જવાની યા સ્વતંત્ર રહેવાની છૂટ આપી. આ એક ખતરનાક ચાલ હતી અને હિંદનું વિશેષ અંગચ્છેદન થવાનો એમાં સંભવ રહેલો, પરંતુ સરદાર વલ્લભભાઈની કુનેહે કાશ્મીર અને હૈદરાબાદ સિવાયનાં બધાં રાજ્યો હિંદી સંઘમાં વિલીન કરી દેવામાં અપૂર્વ સફળતા મેળવી. અલગ રહેલા હૈદરાબાદ સામે નછૂટકે પોલીસ-પગલું લઈ તેમણે એ રાજ્યનો સવાલ તો ઉકેલ્યો, પરંતુ કાશ્મીરનો પ્રશ્ન એમના કાર્યક્ષેત્રની બહાર રહેલો, અને એ પહેલેથી જ ગૂંચવાડાભર્યો બની ગએલો હોઈ તેનો ઉકેલ આજ સુધી લાવી શકાયો નથી. એ નિસર્ગરમ્ય પ્રદેશની અગત્ય હિંદને ઓછી નથી, કારણકે પાકિસ્તાનના નિર્માણ પછી એ પ્રદેશ જ હિંદની વાયવ્ય સરહદ બની રહેલ છે. પાકિસ્તાને એના પર દરોડો પાડી એનો બે તૃતીયાંશ ભાગ કબજે કર્યો છે—જો કે દુનિયાને બતાવવા માટે તેણે એ ભાગને 'આઝાદ કાશ્મીર'ના નામે માત્ર કહેવા પૂરતો અલગ રાખ્યો છે, બાકી એ પર સમગ્રપણે એનો જ કબજો છે. કાશ્મીરના વડા પ્રધાન શેખ અબ્દુલ્લાએ પાકિસ્તાન ને સંયુક્ત રાષ્ટ્રસંઘ સાથે મળીને નવો પેતરો રચતાં તેની સરકારનું પતન થયું અને બક્ષી ગુલામમહમદની નવી સરકાર અસ્તિત્વમાં આવી એ સાથે એ પ્રદેશનો પ્રશ્ન પાછો મોખરે આવ્યો છે.

વર્ણ, જાતિ, ભાષા અને ધર્મની વિવિધતા ધરાવતા એ પ્રદેશનો પ્રાચીન ઇતિહાસ હજુ જોઈએ તેટલો સ્પષ્ટ નથી. એક દંતકથા મુજબ બ્રહ્મદેવના પૌત્ર અને મરીચિના પુત્ર કશ્યપે જલોદ્ભવ અથવા જલદેવ નામના અસુરનો બારામુલ્લા (વરાહમૂલ) મુકામે અંત આણીને એ



કાશ્મીર અને તેના પાકિસ્તાને પચાવી પાડેલા કહેવાતા આઝાદ કાશ્મીરનો નકશો. ડાબી બાજુ તીર વડે દર્શાવેલ ભાગ સંયુક્ત રાષ્ટ્રસંઘે નિર્ણીત કરેલી શસ્ત્રવિરામ-રેખા દર્શાવે છે.

પ્રદેશ વસવા યોગ્ય બનાવેલો. ત્યાં વસતી કાસ જાતિ પરથી એ પ્રદેશનું નામ કાસુકમીર અને એ પરથી કાશ્મીર પડયું એવી એક ઉપપત્તિ છે. ચીની યાત્રીઓના હેવાલોમાંથી તેને લગતો કેટલોક હેવાલ મળે છે. ચીની યાત્રી સ્યેનચંગ (હ્યુએનસંગ) ઈ. સ. ૬૩૧થી ૬૩૩ સુધી કાશ્મીરમાં રહેલો અને તેણે પોતાની નોંધમાં કાબુલ અને પંજાબનો પણ કાશ્મીર(કિયા-ચી-મીલો)માં સમાવેશ કરેલો છે. ૧૧૪૯-૫૦માં રચાએલા કલ્હણકૃત 'રાજતરંગિણી'માં શ્રીકૃષ્ણ સામે જરાસંઘની મદદે ગએલા ગોનંદને કાશ્મીરનો પહેલો સમ્રાટ ગણાવ્યો છે. આ ગોનંદ કોણ હતો એ વિષે કશી માહિતી ઉપલબ્ધ નથી. રાણી દિદ્દા [ઈ. સ. ૯૦૫થી ૧૦૦૩] પછી કાશ્મીર પરનું હિંદુ શાસન નબળુ પડતું ગયું અને ઈ. સ. ૧૧૨૮માં જયસિંહ અથવા સિંહદેવના વખતમાં તાતાર ખાન ડાલચાએ ચડાઈ કરીને પાટનગર શ્રીનગરને ભસ્મીભૂત કરી દીધું. ચડાઇ બાદ પાછો વળતાં ખાન રસ્તામાં જ મરણ પામ્યો અને સેનાપતિ રાયચંદે તિબેટના રૈંચનશાહ તથા સ્વાતના શાહ મિરઝા સાથે મળી કાશ્મીરનો કબજો મેળવ્યો.

રૈંચનશાહે લદાખીઓની મદદથી રાયચંદનો ઘાત કરી કાશ્મીરની ગાદી પચાવી પાડી અને એની પુત્રી સાથે લગ્ન કર્યાં. એણે ઈસ્લામનો સ્વીકાર કર્યો અને કાશ્મીરનો એ પહેલવહેલો મુસ્લિમ સમ્રાટ બન્યો. એના મરણ પછી કાશ્મીરનું રાજ્ય થોડો સમય રાયચંદના ભાઇ ઉદયનદેવના હાથમાં રહ્યું, પરંતુ એના મૃત્યુ પછી શાહ મિરઝાએ ગાદી હાથ કરી શમ્સુદ્દીન નામ ધારણ કર્યું. કાશ્મીર પરના 'સલાતીને કાશ્મીર' નામથી ઓળખાતા રાજવંશનો એ સ્થાપક. એના વંશમાંના છેલ્લા શાસક યાકુબખાન પાસેથી અકબરે ઈ. સ. ૧૫૮૬માં તે જીતી લીધું અને હર પર્વત પર મજબૂત કિલ્લો બાંધ્યો. અકબરનો પુત્ર જહાંગીર તો કાશ્મીર પર એટલો મુગ્ધ હતો કે તેને પૃથ્વી પરનું સ્વર્ગ ગણાવતો. પરંતુ ઔરંગઝેબ પછી મુઘલ સત્તા નબળી પડી અને ઇ. સ. ૧૮૧૯માં પંજાબકેસરી રણજીતસિંહે તે જીતી લીધું. આ યુદ્ધમાં રણજીતસિંહના સેનાપતિ મિશ્ર દીવાનચંદ સાથે જમ્મુનો ગુલાબસિંગ પણ રહેલો. રણજીતસિંહની સેવામાં રહીને એણે તેના દુશ્મન રાજૌરીના રાજાને કેદ કરતાં રણજીતસિંહે એને જમ્મુની ગાદી આપી. ત્યારબાદ રણજીતસિંહના બીજા એક સેનાપતિ જોરાવરસિંગે બે યુદ્ધો બાદ લદાખ જીત્યું, સ્કાર્દુના રાજાને કેદ કરી બાલ્ટીસ્તાન જીત્યું અને એ પછી તિબેટ પર આક્રમણ લઈ ગયો, પણ રસ્તામાં જ તેનું અવસાન થયું.

રણજીતસિંહ પછી શીખો અને અંગ્રેજો વચ્ચે ચાલેલા વિગ્રહમાં ગુલાબસિંગે તક જોઇને અંગ્રેજોને સાથ આપ્યો. એ વિગ્રહને કારણે અંગ્રેજોને પૈસાની જરૂર પડતાં તેણે ૭૫ લાખ રૂપિયા તેમને આપ્યા. અને એના બદલામાં કાશ્મીરનો પ્રદેશ એણે માગ્યો. ઈ. સ. ૧૮૪૬ના માર્ચની ૧૬મીએ અંગ્રેજોએ એની સાથે કરારો કરીને સિંધુની પૂર્વે અને રાવીની પશ્ચિમે આવેલો બધો મુલક એને સોંપી દીધો. આ રીતે કાશ્મીરનો સોદો અંગ્રેજોએ પતાવ્યો. જો કે એ સોદો પત્યા પછી ગુલાબસિંગને તો અફસોસ જ થયો હતો કે પોતે મેળવેલો મુલક નકામો હતો કારણકે એનો ત્રીજો ભાગ પહાડોથી અને ત્રીજો ભાગ પાણીથી છવાએલો હતો જ્યારે બાકીના ત્રીજા ભાગ પર શાસન ચલાવી (અનુ૦ પૃ. ૩૯૨મે)

કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરની આત્મકથાનો આગળ હપતો

મા ગંગાને ખોળે

શ્રીમતી રાણી ચંદને લખાવેલાં સંસ્મરણો ઉપરથી અનુવાદક · રમણિક મેઘાણી


વહેલી સવારથી ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. બેઠાં બેઠાં ગંગાનું રૂપ યાદ આવ્યું: વર્ષામાં કદાચ અત્યારે તો એ બેઉ કાંઠે છલકાતી હશે એટલે એ વખતે અહીંથી કલકત્તા જઈને દક્ષિણેશ્વર ગયો હતો, ગંગાને નિહાળવા. પણ અગાઉ નિહાળેલી ગંગા ફરી ક્યાંય જોવા ન મળી. ક્યાં ગયું એનું એ રૂપ? એવું લાગ્યું કે જાણે ગંગાના પાલવમાંથી કોઇક મોટો એવો ટુકડો કાપી, એની જગ્યાએ, જોવું યે ન ગમે એવું છીંટનું થીગડું મારી ગયું છે! ચારે બાજુ થોડી વાર તાકીતાકીને પાછો ઘેર ચાલ્યો આવ્યો. પરંતુ ગંગાનું એ સ્વરૂપ મેં એક વાર જોયું હતું: "વન્દે માતા સુરધુની, પુરાણે મહિમા સુનિ, પતિતપાવની પુરાતની." 'શિશુબોધક'માં એ વાંચેલું. અજબ ચોપડી છે એ. એનો જોટો મેં જોયો નથી. આજકાલનાં છોકરાંઓને એ વાંચવા મળી નથી.

એ સુરધુની ગંગાને મેં દીઠી છે. બાળપણમાં કોનનગરની વાડીમાં બેઠોબેઠો જોતો: છલકાતી ગંગા બેઉ કિનારાને અદૃશ્ય કરતી કલકલ નાદે વહ્યે જાય છે. એનો એ નાદ સાથેસાથ સાંભળવા પામ્યો છું. ઘાટ પાસે જ બેસતો. કાનમાં એના સૂર સંભળાતા; કુલ્કુલ–ઝુપ. કુલ્કુલ–ઝુપ. ને આ જ આંખોથી એની એ શોભા નિહાળી છે. શી અજબ હતી એ શોભા! ભરપૂર ભરી છલકાતી ગંગાના વક્ષ પર મોટા ઉઘાડા શઢ સાથે માછીમારોની હોડીઓ સંચરતી, રાત્રિવેળાએ હારબંધ હોડીઓમાં પ્રગટતા દીવાઓનું પ્રતિબિંબ ગંગાનાં પાણીમાં પડતું, ને પાણીમાંના દીવા હોડીમાંના ઝળહળતા દીવાઓ સાથે નાચી ઊઠતા. કોઈ કોઈ હોડીમાં નાચ ગાન થતાં હોય, તો ક્યાંક બીજી હોડીઓમાં રસોઈ થતી હોય: દૂરથી એનાં ઇંધણાંની શિખાઓ નજરે પડતી.

સ્નાનાર્થીઓની હોડીઓ કતારબંધ વારાફરતી રાત્રિના અંધકારમાં ચાલી જતી હોય એ પણ એક સુંદર દૃશ્ય બની રહેતું. છતાં ગંગા સાથે મારો બહુ નિકટનો સંબંધ નહોતો. અવારનવાર નોકરો મને ગંગા નવડાવવા લઈ જતા, પણ એ ગમતું નહિ. એમના હાથ પકડીને પાણીમાં એકબે ખંખોળિયાં ખાઇને ધરતીનો જીવ ધરતી પર પાછો આવી નિરાંત કરતો. છતાં મેં બાળપણમાં ગંગા ધરાઇને જોઈ, અને એવી કે એ જોયા વાટે હું એને બહુ નિકટ પામી શક્યો છું.

તે પછી, મોટો થયા બાદ ફરી એક વાર એને જોઈ છે એક બીજા જ સ્વરૂપે. ત્યારે આકરી માંદગીમાંથી બેઠો થયો હતો. આપમેળે બેસવા-ઊઠવાની યે શક્તિ શરીરમાં નહોતી. સવારે છ વાગ્યે જગન્નાથ ઘાટથી ફેરી સ્ટીમર ઊપડતી, અને શિવતલ્લા ઘાટ ફરીને સાડા નવ વાગ્યે એ પાછી ફરતી. સાંજે પણ એ જતી ને ઑફિસના બાબુઓને પહોંચાડી આવતી. બે અઢી કલાક લેતી. દાક્તરોએ સલાહ આપી કે ગંગાની હવા ખાશો તો જલદી સારા થઈ જશો. નિર્ગોળ મને હાથ ઝાલીને એ સ્ટીમરના તુતક ઉપર ખુરશીમાં બેસાડી જતો. મનમાં થતું જાણે ગંગાયાત્રાએ જઈ રહ્યો છું, એટલી ખરાબ શરીરસ્થિતિ હતી. પણ સાત દિવસ થયા ન થયા ત્યાં તો એની હવાએ એવો લાભ કર્યો કે મેં નિર્ગોળને કહી દીધું કે હવે તારે આવવાની જરૂર નથી.

ગંગાનું એવું એ રૂપ મેં જોયું છે! ઉનાળો, ચોમાસું, શરદ, હેમન્ત, શિયાળો, વસન્ત એક પણ ઋતુના અપવાદ વિના સર્વે ઋતુઓમાં મા ગંગાને મેં નિહાળી છે. આ ચોમાસાના દિવસોમાં બેઉ કાંઠે છલકાતી ગંગાનાં નીર વહ્યે જતાં હશે. લાલ પાણીનો રંગ,—તમે ખાડાટેકરા ધોવાઇને વહેતાં પાણીની વાત કરો છો ને, તેવો જ એ હોય છે,—એના ઉપર ગુલાબી શઢ સાથે ડોલતી ડોલતી સંચરતી માછીમારની હોડીઓ



ગંગા પર
ચિત્રકાર : [illegible] ભટ્ટ

શું સરસ દૃશ્ય હોય છે એ! પછી શિયાળામાં સ્ટીમરના તૂતક ઉપર શરીરે ચાદર વીંટી બેઠો હોઉં, ઓતરાદો વાયરો હૂ-હૂ કરતો ફુંકાતો હોય, સામે ગાઢ ધુમ્મસ સિવાય કંઇ જ દેખાય નહિ, ને એને ચીરતી સ્ટીમર એકધારી આગળ જઈ રહી હોય. સામેનું જ્યારે કંઇ જ ન દેખાય તેવી એ સ્થિતિમાં એવું લાગતું કે જાણે વીતી ગએલા જમાનામાં થઇને આપણે કોઈ રહસ્ય ભેદવા નવયુગ તરફ જઈ રહ્યા છીએ. રહીરહીને એકાદ-બે હોડી એ ગાઢ ધુમ્મસને ચીરીને કોઈ સ્વપ્નની જેમ સરી આવતી દેખાતી.

મેં જોયું છે, ગંગાનું ઘણુંઘણું વિવિધ રૂપ મેં જોયું છે; અને એથી જ હું પૂછું છું કે આજકાલ ભારતીય કળાકાર તરીકે ઓળખાતા ભારતીઓ ક્યાંના છે? ભારતનું અસલ સ્વરૂપ તેમણે જોયું-ઝીલ્યું છે ખરું? એમનાં સર્જનમાં હકીકતમાં ભારત દેખાતું જ નથી, કારણ એમણે ભારત જોયું નથી—જોતાં શીખ્યા જ નથી. આ વાત હું ભારપૂર્વક કહી રહ્યો છું. મેં વિવિધ રૂપે પુણ્યસલિલા ગંગાને જોઈ છે. તેથી જ આ લોકો શું ગુમાવી રહ્યા છે તે જાણીને, જોઇને વેદના થાય છે. ગંગાના વક્ષે કેવીકેવી મઝા માણી છે! માણવાની, વધુ ને વધુ માણવાની ઈચ્છા એટલી પ્રબળ હતી કે એક દિવસનો પણ આંતરો એને જોવા જવાના—માણવાના કાર્યક્રમમાં મેં પડવા દીધો નહોતો.

એ કાળે ગંગાના પટ પર અમે ઓછી ધમાલ કરી છે? સંગાથી મિત્રો પણ ભળી જતા. એમાં કેટલાક ગવૈયા ને બજવૈયા પણ હતા. એક વાર વિચાર્યું કે આ કંઈ ખોટું નથી. ગાતાં-વગાડતાં અમારું ગંગાભ્રમણ સરસ થશે. ને વળતે જ દિવસે હારમોનિયમ, તબલાં વગેરેથી સજ્જ થઈ સ્ટીમર ઉપર ચડ્યા. આ સ્ટીમર ઉપર ફરવા જનારા વધુ ભાગના લોકો માંદા અને માંદાની સેવામાં રહેનારા જ હતા. દાક્તરની સૂચના હોઇને કોઇ પણ ઉપાયે ગંગાની હવા ખાવા લોકો સ્ટીમરમાં જેમતેમ ગોઠવાઇ જતા. સ્ટીમર થોડાક કલાક ફરીને પાછી ઘાટે આવીને ઊભી રહે એટલે તેઓ ઊતરીને પોતપોતાને ઘેર પાછા ફરે. બાકીના મુસાફરોમાં મોટા ભાગના કલકત્તાની ઑફિસોમાં કલાર્ક તરીકે કામ કરનારા હતા. સવારે તેઓ આવતા અને સાંજે પાછા ફરતા. એ એકધારા સ્ટીમર-પ્રવાસમાં અમે થોડાક મિત્રોએ ગાયનવાદનનો ઉમેરો કર્યો. અમારો ઉત્સાહ ખૂબ જ હતો, એટલે બે દિવસમાં તો વાતાવરણ બહુ જ જામી ગયું. રાય બહાદુર વૈકુંઠ બોઝ નામના એક વૃદ્ધ સજ્જન પણ સ્ટીમર ઉપર ફરવા આવતા. તાજા જ માંદગીમાંથી ઊઠેલા, પણ એક જમાનામાં તબલાં બહુ સારાં વગાડી જાણતા. અમારી ટોળીમાં એ પણ તબલાં લઇને આવી ગયા. એમને કાને જરા યે સંભળાતું નહિ, પણ એ તબલાં કંઈ અજબ વગાડતા! મેં પૂછ્યું કે 'કઈ રીતે તમે આટલાં સરસ તબલાં વગાડી શકો છો?' તો કહે કે 'ગાયકનાં ચહેરા-મોં પરથી જ એની વાત સમજી લઉં છું. ગીતો પણ ગવાતાં. નિધુબાબુના ટપ્પા, ગોપાલ ઊડની ભવાઈ, એ અને એવું બધું જ. ગાયનવાદનની ધમાલ સાથે ગંગાદર્શન ચાલુ હોય. આ કાંઠે ને પેલે કાંઠે ઊભેલી સ્ટીમરો પર મુસાફરોની ચડઊતર ચાલતી હોય, ફેરી બોટ પણ ચાલતી હોય. ગંગામાં વચ્ચે નાના બેટ જેવી જગ્યાઓ હતી: હવે તો એવું કંઈ દેખાતું નથી. ઘુસુંડી નજીકની એવી જગ્યા મને બરાબર યાદ છે. બાપુજીના વખતમાં તેઓ જ્યારે પલતાના બગીચાવાળા ઘેર જતા ત્યારે એ બેટ-ભૂમિ ઉપર ઊતરી નહાતા ધોતા, રસોઈ પણ ક્યારેક ક્યારેક ત્યાં થતી, અને ખાવા કરવાનું પતાવી પછી ફરીથી બોટને મારી મૂકતા. આ એમની કાયમી ગોઠવણ હતી. હમણાં છોકરાઓને પૂછ્યું કે પેલી બેટ જેવી જગ્યાઓ હવે કેમ દેખાતી નથી? ગંગા શું એકદમ બદલાઇ ગઈ? આ મેં જોએલી એ જ ગંગા છે એવું લાગતું જ નથી. આમ કેમ?

તે દિવસોમાં જોએલું એક દૃશ્ય હજુ યે યાદ છે. કિનારા પરથી લોકોને લઇને સ્ટીમર ઊપડી હતી. વચ્ચે બેટ જેવી જગ્યા. આ બાજુએ ગંગા અને પેલી બાજુએ પણ ગંગા, અને વચ્ચે છે બેટ. એમાં બેઠો છે સુભેટ. પેલી બાજુના ઘાટે એક નાનકડી હોડી ઊભી છે. નાનકડા ગામની છાયા હતી એ ઘાટ ઉપર. નાનકડી હોડી ઉપર એક નાનકડી વહુ લાલ ચોળી પહેરીને બેઠી છે. એ સાસરિયે જાય છે. એ રડી રહી છે. લાલ સાળુવતી આંખો લૂછતી જાય છે ને રડતી જાય છે. બાજુમાં બેઠેલી દાઈ એને શરીરે હાથ ફેરવતી એને ધીરજ આપી સમજાવી રહી છે. નદીને આ કાંઠે એના બાપનું ઘર છે ને સામે કાંઠે સાસરું છે. નાની વહુ આખે રસ્તે આંસુ સારતી રડતી રહી છે. એવું સરસ એ દૃશ્ય હતું! શું કહું? માનસપટ પર એનું ચિત્ર આલેખાઈ ગયું છે, જે આજે પણ એવું ને એવું જ નજરે ચડે છે. આવાં તો કેટલાંયે દૃશ્યો ગંગાના પટ પર ફરતાં ફરતાં નિહાળ્યાં છે. ગંગાની બંને બાજુએ કેટકેટલાંયે ઘર, કાચા-પાકા ઘાટ, ક્યાંક વળી દ્વાદશ મંદિર, ચૈતન્ય-ઘાટ—ગંગાના વક્ષ ઉપર ઝૂકી પડેલા વડદાદા ને એની નીચે જ આવીને બેઠા હતા ચૈતન્યદેવ—ગદાધરની જગ્યા, આ બધું વટાવતી સ્ટીમર આગળ વધતી, ગાયન-વાદનની ધમાલ વચ્ચેથી આ બધું જોવાનું પણ ચાલ્યા કરતું.

આને અંગે નાનપણમાં એક મિત્રને કેવો હેરાન કર્યો હતો તે સાંભળો. એ મિત્રનું નામ બલાઈ. નાનપણમાં અમે સાથે ભણતા. માંદગી પછીના એક દિવસે જોયું તો એ પણ સ્ટીમર ઉપર આવ્યો છે. એને જોઈને ખૂબ આનંદ થયો. થોડીક વાતો પછી એણે ગજવામાંથી એક ચોપડી કાઢી અને ઉઘાડીને આંખ સામે ધરી. જોયું તો એ ગીતા હતી. એ તો વાંચવા જ લાગ્યો. એનાં પાનાંમાંથી આંખ ઊંચી કરે જ નહિ. કહે કે 'બાએ કહ્યું છે કે ગીતા વાંચજે. માટે મને હેરાન કરશો નહિ.' મેં કહ્યું. 'બલાઈ, એ ભાઈ બલાઈ, થોડી વાર તો ચોપડી બાજુએ મૂક. શું થવાનું છે એ વાંચ્યે? જો તો ખરો—આ આકાશ અને પાણીનાં બે પાનાં કેવાં ઉઘાડાં પડ્યાં છે કુદરતનાં? એમાંથી તને ગીતાનું બધું સત્ત્વ સાંપડી રહેશે. જો તો, જરા જો તો ખરો ભાઇ.' પણ એ તો માથું ઊંચું કરે જ નહિ. મહા મુશ્કેલી થઈ!

ધર્મ કર્મ મને સદતાં નથી. કોઇ કાળે ય મેં એવું કંઈ કર્યું નથી. એ તરફ મને રુચિ જ નથી. સ્ટીમરયાત્રાની શરૂઆતમાં એક વાર પાછળ સેકન્ડ કલાસમાં બેઠેલા કેટલાક કલાર્ક અંદરોઅંદર એકબીજાને કોણી ભરાવતા આંખના ઈશારા કરતા પૂછતા કે 'અલ્યા, આ કોણ છે?' કોકે કહ્યું કે એ તો 'અવન ઠાકુર, ઠાકુર-ઘરવાળા.' ત્યાં બીજું કોક બોલી ઊઠ્યું કે 'એમ? ત્યારે, જુવાનીમાં ઘણા અત્યાચાર કર્યા પછી હવે આવતા ભવનું ભાથું બાંધવા ગંગાનું પુણ્ય લેવા આવ્યા લાગે છે!' એ સાંભળીને હું મનોમન હસ્યો હતો. છતાં વાત યાદ તો રહી જ ગઈ.

અમારી ટોળીમાં અવિનાશ દુન્ડા ગુંડા જેવો હતો. મારી સાથે આવતો, ગાયનવાદનની મહેફિલ જમાવતો. એને જરા ઠેલો મારીને મેં કહ્યું, 'જો તો ખરો અવિનાશ, પેલી બાજુ પેલો બલાઇ ગીતામાંથી માથું જ ઊંચું કરતો નથી?' આટલું કહેતાં જ એ તો કૂદકો મારતોક ને ઊભો થઈ બલાઇ જ્યાં સંકોચાઇને બેઠોબેઠો ગીતામાં માથું ધુણાવતો હતો ત્યાં પહોંચ્યો, અને ધીરેકથી હાથ લંબાવી ઝપ કરતાંક ને બલાઈના હાથમાંથી ગીતા લઈ લઈ પોતાના ગજવામાં નાખી દીધી. બલાઇ બૂમ પાડી ઊઠ્યો કે 'આ શું કરો છો—શું કરો છો? બાએ કહ્યું છે કે સવારસાંજ ગીતાપાઠ કરજે. અરે મારી ગીતા...!'

'વધુ રકઝક કરીશ તો તારી ગીતા સીધી પાણીમાં જ જશે.' કહેતાં અવિનાશે એને ધમકાવ્યો. બલાઈ બિચારો શું કરે? આખરે એણે પણ અમારી સાથે ગાયનવાદનમાં હિસ્સો પુરાવ્યો. જે કલાર્ક

તે દિવસે આવતા ભવની વાત કરીને મને આઘાત પહોંચાડ્યો હતો તે એક દિવસ સ્ટીમરમાં ચડવા જતાં પગ ફસકતાં નીચે પાણીમાં પડી ગયો. અમે તુરત સારંગ વગેરેને કહી એને ઉપર ખેંચી લીધેલો. પછી તો એ મારો દોસ્ત બની ગયો હતો. ત્યારે જે કોઇ આવતું તે અમારી ટોળીમાં ભળ્યા વિના રહી શકતું નહિ.

એક વાર એક અતિ સનાતની ડોસા આવ્યા. એમનું નામ નહિ કહું. માંદગી પછી શરીર વહેલું વળે તે ખાતર એ સ્ટીમરના પ્રવાસે આવ્યા હતા. એમને જોતાં જ અમારાં મોં સુકાઈ ગયાં. જીભ તાળવે ચોંટી જતી હોય એમ લાગ્યું. અવિનાશને કહ્યું, 'અવિનાશ, હવે આપણું આ ગાયનવાદન બંધ કરી દેવું પડશે; ટપ્પા-ખયાલ નહિ ચાલે; ધાર્મિક સંગીત સિવાય કંઇ જ કેમ ચાલે?' અમે બધા જ બેઠાબેઠા વિચાર કરતા હતા. પણ અમારું હારમોનિયમ જોઈને એ વૃદ્ધે પૂછ્યું, 'તમે અહીં ગાયન-વાદન ચલાવતા હશો ખરુંને? તો ચાલવા દો-ચલાવો ચલાવો!' અને મેં માથું ખંજવાળીને ઉત્તર આપ્યો કે 'પણ એ ગીતો જુદી જાતનાં છે.' એમણે કહ્યું: 'તે ભલેને રહ્યાં; ચાલવા દો ચાલવા દો, એને'. અને અમે બીતાંબીતાં શરૂ કર્યું. તેઓ બહુ આનંદમાં હતા ને ખુશમિજાજથી ગીતો સાંભળતા હતા. એમનો ઉત્સાહ જોયા પછી અમારે બાકી શું હોય? જોતજોતાંમાં ટપાટપ ટપ્પા જામી ગયા. અને માત્ર ગીતો જ નહિ, જાતજાતની રમૂજો પણ ચાલતી. આખી સ્ટીમર—કૅપ્ટનથી માંડી નાના નાવિકો પર્યંત એમાં સાથ પુરાવતા.

માછીમારોની હોડીઓને બોલાવીબોલાવી અમે માછલી પણ ખરીદતા. એક દિવસ રાખાલ ઘણી બધી તપસે માછલી ખરીદીને ઘેર લઈ ગયો. વળતે દિવસે એને પૂછ્યું કે 'માછલી કેવી લાગી?' તો કહે કે 'વધુ પૂછો મા ભાઈ. મને ઠીક બનાવ્યો. એ તપસે નહિ પણ ભોલામાછ હતી. એ મને છેતરી ગયો.' અને અમે પેટ ભરીને હસ્યા હતા. એ જ રાખાલ કહેતો કે 'અવનભાઈ, તમે તો બહુ કરી. દિલ્લીમાં ચાંદ મેળવ્યો, ખિતાબ મેળવ્યો, ચિત્રો ચીતરીને ઇતિહાસમાં નામ કર્યું.'

અમારા સ્ટીમર-પ્રવાસી-સંઘને મેં 'ગંગાયાત્રી કલબ' નામ આપ્યું હતું. રીતસરની એક મોટી મંડળી જેવું જ જામી ગયું હતું. એક વાર અમે એ કલબને નામે ડરબીની લૉટરીની ટિકિટ લીધી હતી. સહુએ એકએક રૂપિયો આપ્યો અને ઈનામ લાગ્યે સહુના સરખા ભાગ કરવાનું નક્કી કરેલું. વૈકુંઠબાબુ સૌના વડીલ જેવા હતા એટલે બધા રૂપિયા એમને આપવામાં આવ્યા હતા. એમણે નિયમસરની વિધિપૂર્વક ટિકિટ લઈ લીધી. પછી અમે સૌ રોજ એક વાર એમને પૂછતા કે વૈકુંઠબાબુ ટિકિટ તો બરાબર લીધી છે ને? એ કહેતા કે 'હા, બધું બરાબર છે; ચિન્તા કરો મા. ઈનામ લાગ્યે સહુને સમાન ભાગ મળશે.' એ તો થશે જ. પણ બધી વાતો મોઢાની હતી. કંઈ લખાણ થયું નહોતું. અવિનાશને વાત કરી. એ તો તડ ને ફડ કરનારો માણસ. વળતે દિવસે વૈકુંઠબાબુ સ્ટીમર ઉપર આવતાં જ એમને પકડી એણે વાત શરૂ કરી: 'વૈકુંઠબાબુ, તમારે એક વિલ કરવું પડશે.'

'વિલ? એ શા માટે?'

'શા માટે શું? તમારે એ કરવું જ પડશે.'


વૈકુંઠબાબુ ગજબના ગભરાઈ ગયા. 'શાનું વિલ? શા માટે એ કરવું જ પડશે?' એમને કંઇ સમજાયું નહિ. અવિનાશે એમને ખુલાસો કર્યો કે 'ઈનામ લાગે અને તમે અમને એના ભાગ ન આપો કે મરી-બરી જાઓ તો શું થાય? ટિકિટ તો તમારી પાસે છે ને? પછી શું થાય? આજે જ તમારે વિલ કરવું પડશે!'

અને વૈકુંઠબાબુએ હસતાંહસતાં જવાબ આપ્યો, 'આની જ વાત કરના હતા શું? બરાબર છે, બરાબર; લાવો કલમ ને કાગળ.' અને તરત જ ક્યાંકથી કાગળ-કલમ લાવી તેમને આપ્યાં. અમે સૌ ચારે બાજુ ગોળાકારે તેમને ઘેરીને બેઠા. વિલમાં કઈ રીતે લખાય એ જાણવા વકીલની જરૂર હતી. અમારી 'ગંગાયાત્રી કલબ'માં એક વકીલ પણ હતા. ડિસ્પેપ્સિયાથી પીડાતા એ સાવ હાડપિંજર જેવા થઇ ગયા હતા. એને જ પકડી પાડ્યા. એમણે મુસદ્દો ઘડ્યો. વિલ તૈયાર થયું: 'ગંગાયાત્રી કલબને નામે લેવાએલી ટિકિટને ઈનામમાં જેટલા રૂપિયા આવે તે તેના બધા જ સભ્યોના સમાન હિસ્સે વહેંચી દેવામાં આવશે. અને મારી ગેરહાજરીમાં મારો ભાગ મારી સહધર્મિણી શ્રીમતીને મળશે' એમ લખી તેની નીચે વૈકુંઠબાબુએ પોતાની સહી કરી. થોડા દિવસ પછી ડરબીની ઘોડદોડ શરૂ થઈ. રોજ છાપાં વાંચીએ અને કહીએ, 'વૈકુંઠબાબુ, ઘોડો લાગ્યો?' કંઈ જ વળવાનું નથી એમ જાણવા છતાં અમે સૌ વૈકુંઠબાબુને રોજ આ એકનો એક સવાલ કર્યાં કરતા. આખરે એક દિવસ એમ પૂછતાં વૈકુંઠબાબુ બરાડી ઊઠ્યા, 'ઘોડો લાગ્યો છે. એ...પણે જો—સામે!' અને એ મુજબ જોતાં બારાનગર-પરામાનિક ઘાટ પાસે કાળા ઘોડાની એક જોડ પાણીમાં તરતી દેખાઈ! એમને નવડાવવા લાવ્યા હશે! અને હોહા થઇ ગઈ કે આપણો ઘોડો આવ્યો-ઘોડો આવ્યો! આખર સુધી ગંગાયાત્રીઓનાં નસીબમાં એ પાણીમાં ઊતરેલા ઘોડા જ આવ્યા હતા!

કેવાં કેવાં તોફાનો કર્યાં છે મા ગંગાને ખોળે? ભાતભાતનાં માનવીઓને જોયાં-જાણ્યાં છે. એક વાર એક ગોરો એ સ્ટીમર ઉપર આવી ચડેલો. ગંગાની સામે પાર આવેલી કોઈ મિલવાળો હતો. એ પડછંદ કાયવાળો જુવાન ને હાથમાં ટેનિસનું રૅકેટ જોતાં એ વિલાયતથી તાજો જ આવેલો લાગતો હતો. ગોરાને જોતાં જ અમે સૌ ગંભીર થઈને ચિરૂટ પીતા એક બાજુએ બેઠા. સાહેબે અંદર આવીને જરા આમતેમ નજર નાખી કે તુરત પેલા માંદલા વકીલે પોતાની જગ્યાએથી ઊઠી એમને જગ્યા કરી આપી. ગોરો સાહેબ ત્યાં બેસી ગયો. અમે ત્રાંસી નજરે એ જોયું અને પેલા વકીલ ઉપર ખૂબ ખીજ ચડી. સાહેબની સાથોસાથ એનો ચપરાસી પણ હાથમાં ફર્સ્ટ ક્લાસની ટિકિટ લઈ જગ્યા માટે ધક્કામુક્કી કરવા લાગ્યો. ટિકિટ છે તો પોતે શા માટે અહીં ન બેસે? અવિનાશે એને કહ્યું કે 'ફર્સ્ટની ટિકિટ છે તો જા બેસ નીચે કૅબિનમાં. અહીં અમારા જેવા થઇને બેસવું છે શું?' આમ કહી એ ઝભ્ભાની બાંય ચડાવવા લાગ્યો. ઝગડા જેવું જોઈ સાહેબ પણ ઊભો થઈ ગયો, પણ બીચારાને કંઈ સમજાતું નહોતું. સાહેબને કહ્યું કે ચપરાસીને અહીં શા માટે લાવ્યા? એને પાછળ જવા કહો. એ વિલાયતથી તાજો જ આવેલો. મારી વાત સમજી એણે ચપરાસીને પાછળ મોકલી દીધો. ભલો માણસ હતો. થોડી વાર પછી એ ચપરાસી સાથે પોતાને મથકે ઊતરી ગયો. મેં વકીલને પૂછ્યું કે 'પેલા ગોરાએ તને શું પૂછ્યું?' એણે કહ્યું કે 'એ તમારું નામ જાણવા માગતો હતો.' મેં કહ્યું, 'તેં આપી દીધું ને?' એણે કહ્યું, 'હા!' મેં કહ્યું, 'સારું કર્યું: પણ આટલા બધામાંથી તેં મારું જ નામ કેમ દીધું? હવે મારે માથે કેસ કરશે તો હું મરી જઈશ ને?' હું હમેશનો બીકણ હતો. જરા બીક પણ લાગેલી!

'પથે વિપથે'ની સાગરકથાઓ હું ત્યારે લખતો હતો. સ્ટીમરની આ બધી વાતો મેં એમાં ગૂંથી લીધી છે. ઘણા સમય પછી ભાદરવાની ભરપૂર વહેતી ગંગાનાં બેચાર ચિત્રો પણ ચીતર્યાં હતાં. એ પ્રદર્શનમાં મૂકેલાં. પછી ક્યાં ગયાં તે ભગવાન જાણે. પણ એમાંનું એક ચિત્ર રૂમાનિયાના રાજવીએ ખરીદેલું. ગંગાનું એ ચિત્ર રૂમાનિયાના રાજવી ઉપાડી ગયા, અહીંના લોકોને એ પૂરું જોવા પણ ન મળ્યું! છતાં 'મા ગંગા' કહી આપણે બરાડા ઘણા પાડીએ છીએ અને અમને લાગેલા ડરબીના ઘોડાની જેમ ડૂબકી મારી મારીને ઉપર આવીએ છીએ! (ચાલુ)





અજાણ્યા આપત્તિ વિધિરચિત આવી શિર પડે,
રડી કે રાચીને સહન સહુ તે માનવ કરે;
પરતુ ઇચ્છાથી વિપદનલમાં કૂદી પડવું,
અને એ સંતાપો સહન કરતાં મૌન ત્યજવું,
બને એ તો કોઇ વિરલ જનના માનસ વડે.

—બોટાદકર

ગુલામમહમદ બક્ષી

એક વારના કાશ્મીરના 'શેર' શેખ મોહમ્મદ અબ્દુલ્લાએ એ રાજ્યના વડા પ્રધાનપદેથી જે આપખુદ વર્તન ચલાવવા માંડેલું તેનું પરિણામ તેમની બરતરફી અને કારાવાસમાં આવ્યું છે, જ્યારે રાજ્યનું વડું પ્રધાનપદ એમના એક સહકારી અને અબ્દુલ્લા-સરકારમાંના નાયબ વડાપ્રધાન શ્રી ગુલામમહમદ બક્ષીએ સંભાળ્યું છે. વિદેશી તત્ત્વોની ઉશ્કેરણીથી શેખ મોહમ્મદ અબ્દુલ્લાએ કાશ્મીરને 'સ્વતંત્ર' કરવાની પેરવી કરવા માંડી અને હિંદ સાથેના જોડાણના કરારોની તેમજ તે પછીના દિલ્હી-કરારોની નરી ઉપેક્ષા કરવા માંડી ત્યારે તેમનો વધુમાં વધુ વિરોધ શ્રી બક્ષીએ જ કરેલો. કાશ્મીરને હિંદની હૂંફ અનિવાર્ય હોવાનું એ માને છે અને એટલે જ આવતા ઑક્ટોબરમાં કાશ્મીરની બંધારણસભાની મળનારી બેઠક દિલ્હી-કરારને અનુલક્ષીને જ એ રાજ્યનું બંધારણ તૈયાર કરશે એવી જાહેરાત એમણે કરેલી છે.

શ્રી ગુલામમહમદ બક્ષી શેખ અબ્દુલ્લા જેવા વાચાળ ન હોવાને કારણે એ બહુ પ્રસિદ્ધિમાં નથી આવેલા, અને પ્રસિદ્ધિની એમણે પરવા પણ નથી રાખી. ઓછા શબ્દો અને વધુ કામ એ એમનું જીવનસૂત્ર છે. પોતાના જૂના સાથીદાર અને નેતાને જેલમાં ધકેલતાં તેમને પારાવાર દુઃખ થયું હશે, પરંતુ કર્તવ્યની આડે લાગણીને એ હમેશાં ગૌણ માનતા આવ્યા છે. શેખસાહેબને તેમની હિંદવિરોધી પ્રવૃત્તિ છોડી દેવાના સતત આગ્રહ છતાં તે જ્યારે એમાં માથાડૂબ ડૂબેલા જ રહેવા માંડ્યા ત્યારે ન છૂટકે એમને ઉપર્યુક્ત પગલું લેવું પડ્યું છે.

શ્રી બક્ષી રાષ્ટ્રીયત્વની જ્વલંત ભાવના ધરાવે છે. હિંદનું અંગચ્છેદન થઈ તે સ્વતંત્ર થયું તે સાથે જ પાકિસ્તાને કાશ્મીર પર પોતાનો ડોળો ફેરવ્યો અને થોડા સમયમાં જ જે આક્રમણ શરૂ કરી દીધું એ આક્રમણના પ્રતિકારની આખી યે યોજના શ્રી બક્ષીએ તૈયાર કરેલી. પાકિસ્તાની ધાડાં જ્યારે શ્રીનગરનાં દ્વાર ખખડાવવા માંડેલાં ત્યારે એમણે એને મહોલ્લે મહોલ્લે રક્ષકટુકડીઓ ઊભી કરેલી. સર્વ કોમો એ ટુકડીઓમાં સામેલ હતી. એમાં પુરુષો હતા તેમ સ્ત્રીઓ પણ હતી, જુવાનો હતા તેમ વૃદ્ધો પણ હતા. હથિયાર તરીકે વાપરી શકાય એવા એકેએક સાધનને એમણે એ વખતે ઉપયોગમાં લીધેલો.



ગુલામમહમદ બક્ષી

પ્રજામાં સ્વમાનની ભાવના અને ચારિત્ર્યબળ ખીલે તે માટે કેળવણીના વ્યાપક પ્રસાર પર એ પહેલેથી જ ભાર મૂકતા આવેલા છે. એમણે એમની કારકિર્દીનો પ્રારંભ જ શિક્ષકપદેથી કરેલો છે, અને એ પદ પવિત્ર હોઈ કોઈ પ્રકારની સંકુચિતતાથી એ અભડાવું ન જોઇએ એ એમની દૃઢ માન્યતા છે. સરકારમાં નહોતા ત્યારે અને સરકારમાં આવ્યા પછીથી તે આજે વડાપ્રધાનપદે રહીને પણ તેઓ તો એક જ સૂત્ર ઉચ્ચારે છે કે 'Education must head the list.' તાજે-



માસમાસનાં પંખી-૯૨

ચારચારી

રૂપે જે ચંડૂલ જેવાં છતાં ચંડૂલ નહિ, અને શરીરે ખંજન જેવાં છતાં ખંજન નહિ, એવાં ચારચારીને ઓળખવાં અઘરાં નથી. આહાર મેળવવા સિવાય ક્વચિત જ બહાર આવતી ને સદા ઝાડની ઘટામાં રહેતી એવી એક તથા ભાગ્યે જ ઝાડની ઘટામાં રહેતી એવી બીજી એમ તેની બે જાત છે. સમગ્ર ભારતમાં, ૬૦૦૦ ફૂટની ઊંચાઈ સુધીનાં ખુલ્લા પ્રદેશમાં રહેતા આ પંખીની રંગ રૂપ આદત અનુસાર ત્રણ જાતો તારવવામાં આવી છે: (૧) વાયવ્ય તરફની, (૨) મધ્ય ભારતના ઉચ્ચ પ્રદેશની તથા (૩) ત્રાવણકોર-સિલોન તરફની. શિયાળામાં તેની કેટલીક જાત સ્થળાંતર કરે છે.

એકવડિયા બાંધાનું આ પંખી દૂરથી માદા ચકલી જેવું લાગે. પીઠે ઘેરું બદામી ને પેટાળે આછા મટોડિયા રંગનું. પણ તેની સહેજ લાંબી લાગતી પૂછડીમાંના સફેદ પીછાં ખાસ ધ્યાન ખેંચે તેવાં. ચાંચ પાતળી અણિયાળી. દાણા-જીવડાં એ તેનો આહાર.

ફેબ્રુઆરીથી ઑક્ટોબર એ તેનો પ્રજનનકાળ. આ ઋતુમાં નરનો ઉમંગ વધી જઈ તે પોતાનું ગાન રેલાવવા પિપિટ...પિપિટ એવો સૂર કાઢે છે. (કદાચ આના પરથી જ અંગ્રેજીમાં તેને 'પિપિટ' કહે છે.) આ વખતે તે ચંડૂલની બેહૂદી નકલ કરતું લાગે. પણ તેના સૂરમાં ચંડૂલના ગળાની મીઠાશ તો નહિ જ. ઊડે તે દિવાળી ઘોડા પેઠે. બેસે ત્યારે પાંખો નીચી ખેંચી પૂછડી ઊંચી-નીચી પટપટાવતું. નાનાં ઝાંખરાં કે મોટા ઢેફાની આડશે ખાડામાં કૂળાં ઘાસ-મૂળિયાં વડે છીછરા પ્યાલા ઘાટનો ને ક્વચિત્ ઘુમ્મટવાળો માળો કરી તેમાં મેલા ધોળા, પહોળે છેડે ઘાટા થતા તપખીરી ચીતરામણવાળાં ૩-૪ ઈંડા મૂકે છે.

તરફથી જ પ્રાથમિક શાળાથી માંડીને કૉલેજ સુધીનું શિક્ષણ કાશ્મીર રાજ્યમાં મફત અપાવાની એમણે કરેલી જાહેરાત એમના એ ઉત્કટ શિક્ષણપ્રેમની જ દ્યોતક છે.

શિક્ષકપદ છોડયા બાદ કેટલોક સમય તેમણે અખિલ હિંદ ચરખા-સંઘની કાશ્મીર શાખામાં કામ કરેલું. કૉંગ્રેસે વિદેશી માલના બહિષ્કારનું જે આંદોલન ઉપાડેલું એ આંદોલનને કાશ્મીરમાં વેગ આપવા જતાં એમને જે કેદ મળી તેમાં જ એમને રાજકારણની દીક્ષા મળી. ત્યાર પછી એ રાજકારણથી અળગા ન રહી શકયા. ત્યારપછીનાં ૧૯ વર્ષમાં એમણે ચાર વાર કેદ વેઠી. કાકની દીવાનગીરી વખતે ૧૭ મહિના એ ભૂગર્ભમાં રહેલા, પરંતુ ગાંધીજીની કાશ્મીરની મુલાકાત પછી એમના પરનો પ્રતિબંધ ઉઠાવી લેવાતાં એમણે પ્રકટપણે કામગીરી કરવા માંડી.

શ્રી બક્ષીનો જન્મ ૧૯૦૭ના જુલાઈમાં. નાનપણથી જ લદાખ અને સ્કાર્દુના પહાડો પરના ચડાણને લઇને તેમનું શરીર ખૂબ કસાએલું છે. એવી જ રીતે રાજકારણનાં પહાડો ને ખાઇઓએ એમના મનને પણ ખૂબ કસ્યું છે. હિંદ સાથે જોડાણ એ જ કાશ્મીર માટે એમને શ્રેષ્ઠ માર્ગ જણાય છે, અને એ દૃઢ પ્રતીતિ કાશ્મીરનું વધુ હિત સાધશે એ નિઃશંક છે.

ગ્રીનિચની વેધશાળા

ઈંગ્લંડમાં આવેલી ગ્રીનિચની વિખ્યાત વેધશાળા હવે 'ગ્રીનિચ'-ની નહિ રહે. એ આખી ને આખી વેધશાળાને ગ્રીનિચ ટેકરી પરથી જંગી ઊંટડાંઓ વડે ઊંચકીને સસેક્સ પરગણામાં આવેલા હર્સ્ટમૉન્સો કિલ્લામાં ખસેડવામાં આવશે, અને ઈંગ્લંડના અવ્વલ દરજ્જાના સ્થપતિ સર ક્રિસ્ટૉફર રેને બાંધેલું તેનું મકાન ખાલી પડતાં હવે તેનો ઉપયોગ સંગ્રહસ્થાન તરીકે કરવામાં આવશે.

આ વેધશાળા સ્થપાએલી તો વહાણવટાની સરળતા માટે. સત્તરમી સદીમાં દરિયામાં સફર કરતાં જહાજોને ચોક્કસ રેખાંશ જાણવાનાં કોઈ સાધનો નહોતાં, અને પરિણામે અનેક જહાજો ભૂલાં પડી જતાં. આ હકીકત તરફ ઇંગ્લંડના રાજા ચાર્લ્સ બીજાનું લક્ષ દોરવામાં આવતાં તેણે ઇ. સ. ૧૬૭૫માં લંડન નજીક ટેમ્સને કાંઠે ગ્રીનિચ મુકામે વેધશાળા સ્થાપવાનું શાહી વૉરન્ટ બહાર પાડયું અને સેન્ટ પૉલના દેવળના નિર્માતા સર ક્રિસ્ટૉફર રેનને બ્રિટનની એ સૌપ્રથમ વૈજ્ઞાનિક સંસ્થાનું નિર્માણકાર્ય સોંપવામાં આવ્યું.

છેલ્લાં પોણા ત્રણસો વર્ષથી આ સંસ્થાની વૈજ્ઞાનિક કામગીરી ચાલુ છે, અને એ ઓછી નોંધપાત્ર નથી. સમયનું ચોક્કસ માપ કાઢવા ઉપરાંત તે હવામાનથી માંડીને જમીનની મોજણી સુધીનાં જુદાંજુદાં ક્ષેત્રમાં કામગીરી બજાવી રહેલી છે. વેધશાળાના વડા 'શાહી ખગોળશાસ્ત્રી' ('ઍસ્ટ્રૉનૉમર રૉયલ') ના સહકારમાં ત્યાંના કાર્યકરોએ વિજ્ઞાનના વિકાસમાં અમૂલ્ય ફાળો આપ્યો છે. ત્યાંથી જ એડમંડ હેલીએ એના નામે ઓળખાતા હેલીના ધૂમકેતુની કક્ષાની ચોક્કસ આગાહી ન્યૂટનના 'પ્રિન્સિપિયા' પરથી કરીને એ ગ્રંથની પ્રમાણભૂતતા સિદ્ધ કરેલી, જો કે એ પોતે પોતાની આગાહી સાચી પડતી જોવા જીવતો નહોતો રહ્યો. એના અનુગામી બ્રાડલેએ પહેલી જ વાર પ્રકાશનું ઍબરેશન (aberration) શોધી કાઢીને પૃથ્વી સૂર્યની આસપાસ ફરતી હોવાનો પ્રત્યક્ષ પુરાવો મેળવ્યો. બીજા એક શાહી ખગોળશાસ્ત્રી નેવિલ મેસ્કેલીને શુક્રના ગ્રહની કક્ષાનો નિર્ણય કરવા સેન્ટ હેલીનાની તથા 'પૃથ્વીને તોળવા'ના પ્રયાસાર્થે સ્કૉટલૅન્ડની મુલાકાત લીધેલી.

ઈ. સ. ૧૮૩૩ માં વેધશાળાના પૂર્વ બાજુના ટાવરમાંથી બપોરે એક વાગ્યાની સંજ્ઞા આપવાનું શરૂ કરવામાં આવ્યું. ખલાસીઓ પોતાનાં ઘડિયાળ આ ટકોરા મુજબ મેળવતા થયા અને પ્રજામાં 'સ્ટૅન્ડર્ડ ટાઈમ'નો ખયાલ લોકપ્રિય બનાવવામાં પણ એણે સારો ભાગ ભજવ્યો. ઓગણીસમી સદીના અંતભાગ સુધી ઈંગ્લંડના દરેક પરગણાને તેનો પોતાનો સ્થાનિક સમય રહેતો. લંડન અને બ્રિસ્ટલ વચ્ચેના સમયમાં પા કલાકથી યે વધુ તફાવત રહેતો! પરંતુ રેલવે-વહેવારના થએલા વિકાસે એકસરખું સમયમાન અનિવાર્ય બનાવી દીધું અને બ્રિટિશ ટાપુઓ માટે ગ્રીનિચનો સમય એ 'સ્ટૅન્ડર્ડ ટાઇમ' બન્યો. ઇ. ૧૮૮૦માં આ સમયને કાયદા દ્વારા પ્રમાણિત ઠરાવવામાં આવ્યો. રહીને અમેરિકાએ વૉશિંગ્ટન મુકામે બોલાવેલી આંતરરાષ્ટ્રીય ગ્રીનિચના રેખાંશને શૂન્ય મેરીડિયન ('ઝીરો મેરીડિયન') કરી.

સૂર્ય પર દેખાતા ડાઘ એ ગ્રીનિચ વેધશાળાનો છેલ્લી એક સદીથી મહત્ત્વનો સંશોધન-વિષય રહેલો છે. ઈ. સ. ૧૮૪૮માં (દાગુરેએ પહેલવહેલી ફોટોગ્રાફી શોધી કાઢી તેના પંદર વર્ષ બાદ) ગ્રીનિચે પૃથ્વીના ચુંબકત્વને લગતા પહેલવહેલા ફોટોગ્રાફ લીધા. ત્યાર બાદ તારાઓ તથા ધૂમકેતુઓના પણ એણે જ પહેલવહેલા ફોટોગ્રાફ લીધા. આઈન્સ્ટાઇનના સાપેક્ષતાવાદની ચકાસણી માટે ઈ. ૧૯૧૯ના મેમાં સૂર્યગ્રહણના નિરીક્ષણાર્થે એણે ખાસ સંશોધન ટુકડી મોકલેલી. આ સંશોધનમાં આઈન્સ્ટાઈનનો સિદ્ધાંત સાચો માલૂમ પડતાં તેની લોકપ્રિયતા ખૂબ વધી.

ઈ. સ. ૧૯૨૪થી ટકોરાથી સમય દર્શાવવાની જૂની પદ્ધતિ તજીને વાયરલેસની પદ્ધતિ અપનાવવામાં આવી અને બી. બી. સી. રેડિયો પરથી ગ્રીનિચનો સમય દર્શાવવાનું શરૂ થયું. ૧૯૪૪માં લોલક વિનાનાં 'ક્વાર્ટ્ઝ ક્રિસ્ટલ'વાળાં ઘડિયાળો મૂકવામાં આવ્યાં, જેમાં રોજનો એક સેકંડના બે હજારમા ભાગ જેટલો પણ તફાવત નથી પડતો! અત્યાર સુધી વપરાતાં લોલકવાળાં ઘડિયાળોમાં રોજના સેકંડના એક સોમા ભાગ જેટલો તફાવત પડતો. સામાન્ય માણસને તો આટલી ચોકસાઈ બહુ મહત્ત્વની નહિ લાગે, પરંતુ રેડિયો ફ્રીકવન્સીનાં સંસ્થાપિત ધોરણોના નિયમન માટે એ અત્યંત અગત્યનું છે.

ગૌરવભર્યો ઇતિહાસ અને કીમતી સાધનસામગ્રી ધરાવતી આ વેધશાળાને તેના ઐતિહાસિક સ્થળેથી ખસેડવાનું કારણ? કારણ એ છે કે એક કાળના શાંત ગ્રામપ્રદેશ સમા ગ્રીનિચ સુધી હવે લંડનના બંદરનો તથા તેના ઉદ્યોગોનો વિકાસ પહોંચ્યો છે. ગોદીઓ, પાવરસ્ટેશનો અને કારખાનાંઓએ વધારી મૂકેલા ઘોંઘાટ તથા બગાડેલા વાતાવરણને લઇને ત્યાંથી હવે પહેલાંના જેવું વૈજ્ઞાનિક નિરીક્ષણ થવું અશક્ય બની ગયું છે. ગ્રીનિચના રસ્તાઓ પરનાં વીજળીના દીવાઓના ઝળહળાટે રાતના ભાગે આકાશના ફોટોગ્રાફો લેવાનું મુશ્કેલ બનાવી દીધું છે. ખૂબ તપાસ પછી, આ વેધશાળાનું તંત્ર જેને હસ્તક છે એ બ્રિટિશ નૌકાખાતાએ સસેક્સ પરગણામાં આવેલું હર્સ્ટમૉન્સો એ માટે પસંદ કરેલું છે. આ નવા સ્થળે ૯૮ ઈંચના કાચનું નવું જ 'આઈઝાક ન્યૂટન દૂરબીન' પણ મૂકવામાં આવનાર છે.

માનસિક શક્તિથી સ્થૂલ સાક્ષાત્કાર

અર્વાચીન કેળવણી પામેલા માને છે કે બુદ્ધિથી જે ન સમજાય તે ખરું હોઈ શકે નહિ. પણ મારા અજ્ઞાન વડે જ્ઞાનની મર્યાદા બાંધવાને હું કદી તૈયાર નહોતો. હું મૅટ્રિકમાં હતો ત્યારે પંડિત દુર્ગાપ્રસાદ અમારે ત્યાં ભરૂચ આવ્યા હતા. બાપાજી ત્યારે જીવતા હતા. એ પંડિત, સવાલ ને તેનો જવાબ ચિઠ્ઠી પર લખી તેને પાકીટમાં સીલ કરતા. પછી અમારી પાસે મોટી રકમના ગુણાકાર કરાવતા. થોડી વારે અમને કોઈ એક ફૂલ કે નામ ધારવાનું કહેતા, અને તેને એ પાકીટ પર લખાવતા. પછી સીલબંધ પાકીટ અમારી પાસે ઉઘડાવતા. પાકીટ પર અને ચિઠ્ઠીમાં અમારું ધારેલું ફૂલ કે નામ લખેલાં જ હોય!

૧૯૧૭માં એક અનુભવ મને થયો. હું મારા ચેમ્બરમાં સાંજે બેઠો

હતો ને એક સાધુ આવ્યો. 'બેટા, પચ્ચીસ રૂપિયા દે દે' તેણે કહ્યું.

'મહારાજ, ચાલી જાઓ.' મેં કહ્યું.

'બચ્ચા દે દે. રામજી કી આજ્ઞા હૈ.' તેણે આત્મવિશ્વાસથી કહ્યું. મેં તેને કડકાઈથી ચાલી જવા કહ્યું. સાધુ બારણામાં ઊભો હતો. વચ્ચે રૂમમાં ટેબલ હતું તેની આ તરફ હું બેઠો હતો.

'બચ્ચા, રામજી કી આજ્ઞા હૈ. દેખ તેરે હાથ મેં.'

મેં મારી હથેલી ઉઘાડીને જોયું. મારી જમણી હથેલીમાં મેશ જેવા રંગથી '**શ્રી રામ**' છપાએલું હતું! મેં ટપ દઇને પચ્ચીસ રૂપિયા આપી દીધા ને સાધુ આશીર્વાદ દઈ ચાલી ગયો.

હું ઝબકીને જાગ્યો હોઉં એમ આંખો ચોળવા બેઠો. આઠ ફીટને અંતરે ઊભાઊભા સાધુએ મારી હથેલીમાં અક્ષર છાપ્યા હતા! આ ભ્રમ નહોતો, કારણ કે સાબુ લઈ મેં હાથ ધોયા ત્યારે કેમે કરી એ અક્ષરો ગયા. માનસિક બળે સ્થૂળ સાક્ષાત્કાર થઈ શકે છે તેનો મારો આ બીજો અનુભવ. યોગથી માનસિક બળ એવું ખીલે છે કે સિદ્ધિઓ મેળવી શકાય છે એ મારો વિશ્વાસ અચળ રહ્યો છે.

કોઈ પ્રકારની સિદ્ધિઓ કેટલાક જન્મથી જ લઈ આવે છે તેનું દૃષ્ટાંત આ જ વખતે મને મળ્યું. ૧૯૨૩ના જાન્યુઆરીમાં મને મીરનો પરિચય થયો. એ કાશ્મીરી યુવક મુંબાઈ આવ્યો. સામાએ મનમાં ધારેલા પ્રશ્નો એ કહી શકતો ને તેનો જવાબ આપી શકતો. એ જોઈ એક મુંબઈગરા વેપારીએ એની પાસે ભાગીદારીનું ખત કરાવી લીધું. એ ભાગીદારે પૈસા ખરચી, મીરની ભવિષ્યવેત્તા તરીકે છાપાંમાં જાહેરાત કરી, ને પચ્ચીસ રૂપિયે એક સવાલનો જવાબ આપવાનો વેપાર શરૂ કર્યો. મુંબઈગરા વેપારીએ ઑફિસ કાઢી, અને ત્યાં રોજની ટંકશાળ પડવા માંડી. એના મનમાં હતું કે મીર પૈસા કમાવાની એક જાતની મિલ છે. પણ પંદર દહાડે મીરના સવાલ ખોટા પડવા લાગ્યા. મુંબાઈગરાને કરારનો ભંગ થતો લાગ્યો. તેણે ભાગીદારી સંમેટી લીધી ને હાઈ કોર્ટમાં દાવો માંડી, કરારભંગની નુકસાની માગી અને રીસીવર માટે અરજી કરી.

મીર તરફથી મુલ્લાં મુલ્લાં સૉલિસિટરે મને રોક્યો. મને આમાં રસ પડ્યો. મીર બિચારો અભણ હતો. તે છેક ગભરાઈ ગયો ને મારી આગળ રડી દીધું. 'સાહેબ, મુઝે કાશ્મીર જાને દો.'

એણે સીધી વાત કરી. નાનપણથી એની પાસે એવી નૈસર્ગિક શક્તિ હતી કે સામો માણસ કોઈ પ્રશ્ન મનમાં ધારે કે એના મનમાં તેનો જવાબ આવે, અને તે જવાબ એની મેળે જ લખાઈ જાય! પણ બહુ સવાલ પૂછવામાં આવે તો તેની એ શક્તિ મારી જતી ને સવાલ ખોટા પડતા,–કેમ પડતા તે એ જાણતો નહોતો. જો એ પાંચદસ દહાડા જંગલમાં રઝળી આવે તો એની શક્તિ ફરી પાછી આવે એમ એણે કહ્યું.

મેં એને ઘેર બોલાવ્યો. લક્ષ્મી, બાબી બહેન, મણિભાઈ નાણાવટી, બેહદવાર સૉલિસિટર ને હું, પાંચ હતા. મીરે અમને પહેલાં કહ્યું કે કાં તો બધા પ્રશ્નો ભૂતકાળના કે કાં તો ભવિષ્યકાળના હોવા જોઇએ. અમે ભવિષ્યના જ પ્રશ્નો પૂછવાનું નક્કી કર્યું. પછી તેણે અમને દરેકને ત્રણત્રણ પ્રશ્નો અલગ અલગ ચિઠ્ઠીઓ પર લખવા કહ્યું. અમે તે લખ્યા અને દરેક ચિઠ્ઠી પર મેં સંખ્યાંક લખીને તેને મારી ટોપીમાં નાખી. મીરે પૂછ્યું, 'કોના અક્ષરમાં જવાબ જોઇએ છે?' મણિભાઈના હસ્તાક્ષરમાં જવાબ આવવા જોઇએ એમ મેં કહ્યાનું યાદ છે. મીરે મારી પેન લીધી અને ટોપીમાં ચિઠ્ઠીઓ પડી હતી તેમાં મૂકી.

પછી એના કહેવા પ્રમાણે એક ચિઠ્ઠી મેં ઊંચકી. મીરે મણિભાઈને પૂછ્યું, 'તમારે ભાઈ છે?' મણિભાઇએ હા પાડી. મીર જાણે વાંચતો હોય તેમ ધીમેધીમે બોલ્યો, 'When will my brother come from Rangoon?' પછી એણે મને ચિઠ્ઠી ઉઘાડી વાંચવાનું કહ્યું. ચિઠ્ઠીમાં એ જ પ્રશ્ન હતો, અને મારી પેન વડે તેમાં મણિભાઈના હસ્તાક્ષરમાં લખ્યું હતું: 'Next year!'

આમ, પંદર પ્રશ્ન એણે વાંચ્યા. જવાબ લખાયા હતા, અને દરેકના જવાબ મણિભાઈના અક્ષરથી...પછી તો મેં એના મુકદ્દમાની માંડવાળ કરાવી ને એ છોકરો મુંબાઈથી ચાલી ગયો.

કેટલીક અજાણ માનસિક શક્તિઓ એવી છે કે દેખીતી પ્રક્રિયા વિના સ્થૂલ જગતમાં ધાર્યું કરી શકે છે તેનો આમ વધુ પુરાવો મળ્યો.

('સ્વપ્નસિદ્ધિની શોધમાં') —કનૈયાલાલ મુનશી

લસણ

લસણ એ એક ઉત્તમ પ્રકારની ખાદ્ય વસ્તુ છે. કેટલીક ધાર્મિક માન્યતાઓ મુજબ તેનો નિષેધ ફરમાવવામાં આવ્યો છે એ અજુગતું કહેવાય. એ સાચું છે કે તેની વાસ તીવ્ર છે, પરંતુ તે જો વધુ પ્રમાણમાં લેવામાં આવે તો જ મોં ગંધાય છે, જેથી તેની તરફ સૂગ દર્શાવવામાં આવે છે. લસણ કૅલશ્યમ, પોટાશ્યમ ને ફૉસ્ફરસ જેવાં ઉત્તમ ખનિજ તત્ત્વો ધરાવે છે. આયોડાઈનનો અંશ ધરાવવા ઉપરાંત વધુ આલ્કલીનું તત્ત્વ પણ તે ધરાવે છે. થોડીક ખાંડ, કાચ, રેસા ને વિટામિન 'બી' તથા 'સી' તેમજ થોડા પ્રમાણમાં વિટામિન 'એ' પણ તેનામાં છે. ઘણાં દર્દોમાં લસણ રાહત આપે છે. તે ભૂખ ઉઘાડે છે ને વાયુનો પ્રકોપ ઘટાડે છે. બ્લડપ્રેશર નીચું લાવવામાં પણ તે મદદરૂપ નીવડે છે.

ગણિત ગમ્મત

૧૭	૨૪	૧	૮	૧૫
૨૩	૫	૭	૧૪	૧૬
૪	૬	૧૩	૨૦	૨૨
૧૦	૧૨	૧૯	૨૧	૩
૧૧	૧૮	૨૫	૨	૯

૯	૨૦	૧	૧૨	૨૩
૧૫	૨૧	૭	૧૮	૪
૧૬	૨	૧૩	૨૪	૧૦
૨૨	૮	૧૯	૫	૧૧
૩	૧૪	૨૫	૬	૧૭

૧૯	૨૨	૫	૮	૧૧
૨૩	૧	૯	૧૨	૧૦
૨	૧૦	૧૩	૧૬	૨૪
૬	૧૪	૧૬	૨૫	૩
૧૫	૧૮	૨૧	૪	૭

૭	૧૬	૫	૧૪	૨૩
૧૧	૨૫	૯	૧૮	૨
૨૦	૪	૧૩	૨૨	૬
૨૪	૮	૧૭	૧	૧૫
૩	૧૨	૨૧	૧૦	૧૯

૧	૧૪	૨૨	૧૦	૮
૨૫	૮	૧૬	૪	૧૨
૧૯	૨	૧૫	૨૩	૬
૧૩	૨૧	૯	૧૭	૫
૭	૨૦	૩	૧૧	૨૪

૩	૧૬	૯	૨૨	૧૫
૨૦	૮	૨૧	૧૪	૨
૭	૨૫	૧૩	૧	૧૯
૨૪	૧૨	૫	૧૮	૬
૧૧	૪	૧૭	૧૦	૨૩

ઉપરનાં ૬ યંત્રમાં દરેકમાં ૧થી ૨૫ સુધીના ક્રમિક અંક એવીરીતે ગોઠવ્યા છે કે તે પ્રત્યેકની દરેક ઊભી સળંગ હાર, દરેક આડી સળંગ હાર ને દરેક તીરકસ સળંગ હારનો સરવાળો ૬૫ આવશે. તેમાં કોઈ પણ એક અંક બે વાર આવેલો નથી. તેમ કોઇ પણ અંક આવવા વગર રહી ગએલો નથી.

એ દરેકે દરેક યંત્રની પાછળ તેમાં અંક ભરવાની ખાસ રીત છે.

ભક્તકવિ દયારામ (અનુસંધાન પૃષ્ઠ ૩૨૮થી ચાલુ)

ગુજરાતના છેલ્લા પ્રાચીન કવિ–ન્હાનાલાલના શબ્દોમાં–Last of the Ancients–દયારામનો જન્મ એમના મોસાળ ડભોઈમાં સં. ૧૮૩૩ના ભાદરવા સુદ અગિયારશ ઉપરાંત બારશ(વામન દ્વાદશી) ના દિવસે થએલો. એમનું પોતાનું વતન ચાંદોદ. ત્યાંના સાઠોદરા નાગર ગૃહસ્થ પ્રભુરામ આણંદરામ ભટ્ટ એમના પિતા અને માતાનું નામ મહાલક્ષ્મી અથવા રાજકોર. ભક્તિપ્રિય માતપિતાનો એ એકનો-એક પુત્ર. ગંગા નામે એક નાની બહેન એને હતી પણ તે નાનપણમાં જ ગુજરી ગએલી. આઠમા વર્ષે દયારામને યજ્ઞોપવીત-સંસ્કાર થયા પછી પિતાની અભિલાષા તો તેને કાશીએ ભણવા મોકલવાની હતી પરંતુ કુટુંબની સાધારણ સ્થિતિને કારણે એ ન બની શક્યું ને ભવિષ્ય-માં એવો કોઈ યોગ ઊભો થાય એ પહેલાં તો એ દયારામની માત્ર દસ વરસની ઉંમરે મૃત્યુ પામ્યા. એ પછી બે વરસ રહીને માતાનું પણ અવસાન થયું. આમ નિરાધાર બનેલા દયારામની સંભાળ એની કાકાની દીકરી ધનગૌરીએ રાખવા માંડી, પણ તે પણ ગુજરી જતાં એ પોતાના મોસાળ ડભોઈ ગયા અને છેવટ સુધી ત્યાં જ રહ્યા.

કુટુંબમાં વૈષ્ણવ સંસ્કારો પ્રથમથી જ હોઈને દયારામે નાની વયે શ્રી દેવકીનંદનજી મહારાજ પાસેથી નામમંત્ર (**श्रीकृष्णः शरणं मम**) લીધેલો, પરંતુ માતાપિતાનો અંકુશ જતાં કેટલુંક મનસ્વીપણું તેમનામાં આવી ગએલું. એમના હૃદયમાં રહેલી કવિતાનું પ્રથમ પ્રાકટ્ય એ અરસામાં જ થયું અને તેર વરસની ઉંમરે ૬૯ કડીનું ધવલ ધનાશ્રી રાગનું એક કાવ્ય એમણે રચ્યું. એ કવિ-હૃદયને જગતનો કાટ ચડે તે પહેલાં લગભગ એ જ ગાળામાં વડોદરાના પ્રસિદ્ધ ઈચ્છારામ ભટ્ટજી સાથે એમનો તેનતલાવ મુકામે ભેટો થઈ ગયો. ભટ્ટજીએ નિર્ધ્યેય દયારામને ઉપદેશ કરી તેના જીવનનું ધ્યેય નક્કી કરી આપ્યું. તેમનાં આશીર્વાદ અને આજ્ઞા લઇ તેણે ભારતનાં સઘળાં તીર્થધામોની યાત્રા શરૂ કરી. ભટ્ટજીના આદેશ મુજબ વૈષ્ણવ સંપ્રદાયાનુસાર બ્રહ્મસંબંધ બાંધી આજીવનાંત ભક્તજીવન ગાળવાનું નક્કી કર્યું. ચૌદ-પંદર વરસની ઉંમરે એણે શરૂ કરેલું પર્યટન એણે બાર વરસ સુધી ચાલુ રાખ્યું. આ પર્યટને દયારામની વ્યવહારબુદ્ધિ ખીલવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. સ્વામીનારાયણ સંપ્રદાયના અષ્ટ કવિઓમાંના પ્રેમાનંદ સ્વામી સાથે-ના મેળાપે દયારામનો કવિતારસ વધુ ઉત્તેજ્યો. પોતાની જાતને કૃષ્ણ-સમર્પિત કરી ચૂકેલા દયારામ તે કાળે પ્રચલિત લૌકિક નાયક-નાયિકા-ની રતિ આલેખે એ સંભવિત નહોતું. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાય અનુસાર પુરુષ તો એકમાત્ર રસેશ શ્રીકૃષ્ણ હોઈ સર્વ વૈષ્ણવોએ ગોપી-ભાવે તેમને ભજવાની પરંપરા છે. એ પરંપરાનુસાર દયારામે વ્રજ-વધૂના ભાવે પોતાની કૃષ્ણરતિ કાવ્યસરિતા રૂપે વહેવડાવવા માંડી. શ્રીકૃષ્ણના આલંબનવિભાવે રચાએલી એમની કાવ્યકૃતિઓમાં સરળ, શુદ્ધ, કલામય વાણીમાં એક કવિ તરીકેની તેમની જે નૈસર્ગિક પ્રતિભા ઝળકે છે તેની તો તેના વિરોધીઓ પણ પ્રશંસા કર્યા વિના નથી રહ્યા. એમને ખૂંચે છે માત્ર નરસિંહ-મીરાંના કરતાં પણ ઉઘાડું શૃંગારલેખન.

ચિંતકો જગતના વ્યવહારો મિથ્યા ગણાવી તે પ્રત્યે વિરાગદૃષ્ટિ-એ જુએ છે જ્યારે કવિઓની દૃષ્ટિ સામાન્યતઃ રાગપ્રધાન હોય છે. એ રીતે જ તેઓ મહત્ સંવેદના અનુભવે છે. દયારામ સ્વભાવે કવિ અને સંસ્કારે ભક્ત હતા. એ જ્ઞાનમાર્ગથી અપરિચિત નહોતા. એમનું વાચન ખૂબ વિશાળ હતું. પરંતુ જ્ઞાન કરતાં ભક્તિને એમણે ઈષ્ટ ગણી. જ્ઞાન દ્વારા મળતી મુક્તિને એમણે ઢોકળાં સાથે સરખાવી છે જ્યારે ભક્તિને ઘેબર સાથે. જ્ઞાનને એમણે દીવાની ઉપમા આપી છે જ્યારે ભક્તિને મણિની. પરમ વૈષ્ણવ ભક્ત તરીકે પોતાનો હુંભાવ–પુંભાવ એમણે 'ગિરિધરને વરવા' ન્યોચ્છાવર કરી દીધેલો. આવા હુંભાવ-પુંભાવ વિનાના ભક્તકવિની વાણીમાં આવતા ઉન્મત્ત શૃંગારમાં લૌકિ રતિનું આરોપણ કરવું એ કેવળ મિથ્યાવાદ છે. એ શૃંગાર વસ્તુત કામોદ્બોધક નહિ પણ કામનિરોધક છે. પ્રેમભાવ જ્યારે નિર્ગ થઇને પ્રભુભક્તિમાં પરિણમે ત્યારે જ સાચું આત્મશોધન કરી માનવ ધર્માચારી બને છે. દયારામે તો વ્રજવધૂના ભાવે પોતાનો દેહ પ્રભુને અર્પી દીધેલો. પ્રભુને અર્પિત થએલી વસ્તુનો દુરુપયોગ ન હોય.

ભરતમુનિએ શૃંગારને સર્વ રસોનો રાજા ગણ્યો છે. એનો વર્ણ શ્યામ ગણાયો છે એટલે ભાગવતકારે શ્રી કૃષ્ણને શૃંગારરસની મૂર્તિ અને એમનો વર્ણ મેઘશ્યામ જણાવ્યો છે. શૃંગારરસના આ અધિ ષ્ઠાતા रसो वै सः પ્રભુ સમક્ષ સ્ત્રીરૂપે પોતાના હૃદયભાવો વ્યક્ત કરના લૌકિક પરિભાષા સિવાય બીજી કઈ પરિભાષા યોજી શકે? પરંતુ એટલા પરથી ભક્તહૃદયની અલૌકિક આનંદની અભિવ્યક્તિનો લૌકિક શૃંગાર સાથે સંભ્રમ કરવો ઇષ્ટ નથી. કલાપી જેવા કવિ પણ પોતાના હૃદયમાં ગોપીભાવ વિકસાવવાનો પ્રયત્ન કરી ગયા છે. સ્વીડનબોર્ગના ધર્મ વિચારને લગતા લેખમાં તેમણે કહ્યું છે કે: 'અત્યાર સુધી હું તો ગોપી ને જ લક્ષમાં રાખીને જીવ્યો છું. ગોપી જ બનવા યત્ન કર્યો છે,' વગેરે.

નરસિંહે ગુજરાતી કવિતામાં કૃષ્ણભક્તિનો પ્રારંભ કર્યો અને દયા રામે તે પરાકાષ્ઠાએ પહોંચાડી. કૃષ્ણ સિવાય દયારામને અન્ય કોઇ ઇષ્ટ નહોતું. વડોદરાના ગોપાળરાવ ગૈરાળ નામે ધનાઢ્ય ગૃહસ્થે પોતાના ઈષ્ટદેવ ગણપતિ વિશે દયારામને ભજનો લખવાનું જણાવતાં તેમણે મોકલેલો જવાબ સુપ્રસિદ્ધ છે કે:

'એક વર્યો ગોપીજનવલ્લભ નહિ સ્વામી બીજો;
નહિ સ્વામી બીજો રે મ્હારે નહિ સ્વામી બીજો.
અવર કોઇનું કામ ન મ્હારે રીઝો કે ખીજો;
શ્રી કૃષ્ણ કરે તે પ્રમાણ, કારજ વણસો કે સીજો.'

બીજા એક સ્થળે એમણે લખ્યું છે,

'જોગ તો તેને જોઇએ રે, જેનું મન જગતમાં ભમે,
તે તો અચળ અમારું રે, ચિત્ત રસિયામાં રમે.'

આમ અચળ ચિત્તે પરમ પ્રેમાસ્પદ કૃષ્ણમાં લીન રહેતા ચિત્તને ઉવેખીને નિત્ય વસ્તુને બદલે અનિત્ય વસ્તુમાં એમના પ્રેમનું આરો પણ કરવાનો જે પ્રવાહ ચાલેલો એમાં ગોવર્ધનરામ જેવા પણ એકદ ખેંચાઈ ગએલા. એમના 'કલાસિકલ પોએટ્સ ઑવ ગુજરાત'માં એ દયારામ પર વિષયીપણાનો આરોપ કરી બેઠેલા, પરંતુ પાછળથ 'સરસ્વતીચંદ્ર'માં એમણે એ ભૂલ સુધારી ને 'કવિ દયારામનો અક્ષરદેહ લખીને તેને સહૃદયતાપૂર્વક અંજલિ આપી. પરંતુ ગોવર્ધનરામને યો ગનો જેટલો અભ્યાસ હતો એટલો ભક્તિનો–ખાસ કરીને પ્રેમલક્ષણ ભક્તિનો અભ્યાસ નહોતો અને એ કારણે દયારામનાં કાવ્યોનું હા એમની સઘળી સહૃદયતા છતાં યથોચિત નથી સમજાવી શક્યા. સ્વ નર્મદાશંકર દેવશંકર મહેતાએ કહ્યું છે તેમ, 'સિદ્ધાંતમાં શાંકર કેવલાદ્વૈ મતના મમત્વવાળા હોવાથી અને જ્ઞાનશાસ્ત્ર અને યોગશાસ્ત્ર બંને ગાઢ પરિચય તેમને હોવાથી ભક્તિશાસ્ત્ર અને પ્રેમનિરોધ પર બંધા એલા કવિ દયારામના ગ્રંથોમાંથી કવિના પોતાના અભિપ્રાયથ અવળા રૂપના સિદ્ધાંતો તેમણે તારવ્યા.'

આજે આપણી નજર સામે દયારામ ગોરા વાનના એક મુગ્ધ કુમાર તરીકે હિંદના સર્વ તીર્થધામોનું પગપાળા પર્યટન કરતો મૂર્ત થાય છે. એટલી નાની વયે પણ એની ખુમારી ગજબની હોય છે. માર્ગમાં નડતાં આપત્તિ–અંતરાયો વખતે 'ચિત્ત તું શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે' એવી ધૂન સાથે એ આગળ ને આગળ વધ્યે જાય

છે. માર્ગમાં એ સંતસમાગમ સાધે છે, પંડિતો સાથેના વિવેકમાંથી એ જતો નથી, અને જરૂર પડે તો જ્ઞાનીપંડિતો સાથે વિવાદમાં પણ ઊતરે છે. એનો વિવાદ કેવો ઉગ્ર હશે એ તેનાં કાવ્યોમાંની આવી પંક્તિઓ પરથી સહેજે પ્રમાણી શકાશે:

'કામ જીત્યો ત્યારે વધ્યો એક વ્યંઢળ
ક્રોધ જીત્યે વધ્યો વૃક્ષ રે;
લોભ જીત્યો ત્યારે વધ્યો એક અજગર,
જો હરિભાવ નથી રે.'

પુરાણીઓને એ સંભળાવી દે છે કે 'તમે પુરાણીઓ તો શબ્દ મોઢે રાખનારા પોપટો છો. શાસ્ત્રનો ખરો મર્મ તો અમે કવિઓ જ જાણીએ. ને એ મર્મને ડાકોરથી દ્વારકા સુધીનાં મંદિરોમાં પોતાના સુરીલા કંઠે ગાઈ એમણે કેટકેટલાંય ભક્તહૃદયોને ભીંજવ્યાં હશે. એ મર્માભિવ્યક્તિમાં જેટલું ભાવનું વૈવિધ્ય એટલું જ ભાષાનું વૈવિધ્ય હશે, કારણ કુમારાવસ્થાથી યુવાવસ્થા સુધીનાં બાર વર્ષ દરમિયાન ઓછામાં ઓછી બાર ભાષા એ શીખેલા. ગુજરાતી ઉપરાંત વ્રજ, મરાઠી, પંજાબી વગેરે ભાષાઓમાં જ નહિ પણ કચ્છી ભાષા સુદ્ધાંમાં 'ગિરિધર પુંજો પ્રાણ' જેવી રચનાઓ કરી છે તે પરથી લાગે છે કે તીર્થાટન દરમિયાન કચ્છમાંના નારાયણસરોવરાદિની પણ યાત્રા એમણે કરેલી હશે. અખાને જેવી વલ્લભમત પ્રત્યે અરુચિ હતી એવી જ દયારામને શાંકરમત પ્રત્યે હોઈ ને પર્યટનો દરમિયાન એ ખંડનમંડનમાં નહિ ઊતર્યા હોય એમ પણ કહી ન શકાય.

યૌવન-પ્રવેશ સાથે દયારામની વાણી વધુ ને વધુ રસનિસ્યંદિની બનતી ગઇ અને નરસિંહ મહેતાની અધૂરી રહેલી કૃષ્ણભક્તિ એમનામાં સોળે કળાએ ખીલી નીકળી. જાણે પૂર્વ જન્મની પ્રીત સાંભરી આવી હોય તેમ એમનું વિરહવ્યાકુળ હૃદય અખંડ અને અવ્યય રસમાં લીન બનતું ગયું. વૈષ્ણવ તરીકેનું યુવાકાળનું અભિમાન ગાળીને એ પોતાની જાતને જ ઉપાલંભ આપે છે કે, 'વૈષ્ણવ નથી થયો રે શીદ ગુમાનમાં ઘૂમે?' અને વલ્લભમતનો તથા અષ્ટસખાનો વધુ અભ્યાસ આદરે છે. મનસ્વી મટી એ સ્થિરબુદ્ધિ બને છે. ગરબીઓની રચના ઓછી ને ઓછી થતી જાય છે અને કાવ્યમાં ભક્તિશાસ્ત્રના મર્મો વધુ ને વધુ સ્ફુટ થતા જાય છે. 'રસિકવલ્લભ', 'ભક્તિપોષણ', 'પુષ્ટિપથરહસ્ય' આદિ કૃતિઓમાં એમના આંતર જીવનનું જે પ્રતિબિંબ પડે છે એ માત્ર ગણીગાંઠી ગરબીઓ પરથી એમના ઊભા કરેલા માનસચિત્ર કરતાં તદ્દન જુદું જ બની રહે છે. ગોવર્ધનરામને મન તો 'રસિકવલ્લભ' જ દયારામની સર્વશ્રેષ્ઠ કૃતિ છે.

દયારામનો કાવ્યપ્રવાહ પ્રેમાનંદ, શામળ કે અખાની જેમ એક જ વહેણમાં ન વહેતાં અનેક વહેણોથી પરિપુષ્ટ બનેલો છે. રેવાતીરની વાંસળી સમા દયારામ અને વેદાંતી કવિ અખાની ન્હાનાલાલે એક સ્થળે ઉચિત સરખામણી કરી છે કે, અખો એટલે ગુજરાતના ઉદ્ધવજી, દયારામ એટલે ગુજરાતની ગોપી. પોતાના પુરોગામી નરસીં, ભાલણ અને પ્રેમાનંદથી તે પૂર્ણ પરિચિત હતા અને એ ત્રણેની વાણીની છાપ એમનાં કાવ્યોમાં ક્વચિત મળી આવે છે પણ ખરી, પરંતુ ભાવ અને ભાષાનું આવું સંક્રમણ તો દરેક દેશના દરેક યુગના કવિઓમાં થતું હોય છે.

'જે કોઈ પ્રેમઅંશ અવતરે, પ્રેમ રસ તેના ઉરમાં ઠરે' એ દયારામની ઉક્તિ મુજબ અનધિકારી ઉરમાં એ પ્રેમરસ ઠરવો મુશ્કેલ છે. એ તો સિંહણના દૂધ જેવો છે જે ઝીલવા કનકપાત્ર સમું હૈયું જોઈએ. દયારામ એ પ્રેમરસના પૂરેપૂરા અધિકારી પાત્ર હતા કારણ કે તવાઈ તવાઇને શુદ્ધ થએલા કાંચન સમા હૈયામાં ક્યાંય કામનો ડાઘ રહ્યો નહોતો. એમણે જણાવ્યું છે તે મુજબ —

'જેણે કામને મોહ પમાડયો રે
તે પ્રભુ કામવશ કયમ થાયે?
કૃષ્ણરસક્રીડા ગાતાં રે
કામરોગ ઉરથી જાયે.'

ગુજરાતીમાં ગરબી લખી છે તેમ મારવાડીમાં માંઢ, બિહારીમાં કંજરી, સિંધીમાં કાફી વગેરે પણ દયારામે રચ્યાં છે. આમંત્રણ મળ્યે મુસલમાની મહેફિલોમાં પણ એ જઈ આવતા ને 'મદનમોહન પ્યારે મેહેબૂબ મેરા હૈ' જેવાં ઉર્દૂ પદ ગાઈ આવતા. એ કવિ ઉપરાંત મધુર કંઠ ધરાવતા ગાયક અને વાદ્યવિશારદ પણ હતા એટલે જ્યાં પણ કંઈ ગાતા કે લોકો આપોઆપ આકર્ષાઇ આવતા. એ પોતે પણ રસજ્ઞોના પૂરા કદરદાન હતા. વડોદરાના નગરશેઠ હરિભક્તિ તરફથી મળતું વર્ષાસન લેવા એ એક વાર વડોદરા ગએલા ત્યાં એમની એક હોરી પર મુગ્ધ બનેલી પેટલાદની એક નાગરણ બાઈ તેમના કંઠે એ હોરી સાંભળવા ડભોઇ પહોંચી. દયારામને આની જાણ થતાં પોતાની આજીવિકાની પણ પરવા ન કરતાં વર્ષાસન લીધા વિના પાછા વળ્યા અને એ રસમર્મજ્ઞ નાગરિકાને પંદર દિવસ સુધી કાવ્યરસપાન કરાવ્યું. રસજ્ઞતા પ્રત્યે એમનું હૃદય આર્દ્ર થઈ ઢળી પડતું પરંતુ સ્વમાનનો જ્યાં પ્રશ્ન આવ્યો ત્યાં એ વજ્ર સમું બની જતું. આનો એક દાખલો અહીં નોંધવા જેવો છે: સિનોરના શેઠ લાલભાઇ હરજીવનને ત્યાં એક વાર વૈષ્ણવ મંડળીની બેઠક હતી. દૃઢ વૈષ્ણવપણા માટે જાણીતા ભરૂચના દીક્ષિતજી પણ એ બેઠકમાં આવેલા. જ્યારે તિલક કરવાનું આવ્યું ત્યારે સૌપહેલું તિલક દીક્ષિતજીને કરવામાં આવતાં દયારામ બેઠકમાંથી એ જ પળે ઊઠીને ચાલતા થઈ ગયા.

સંપ્રદાયવિશેષે પોતાના ગણેલા મહાપુરુષમાં કંઇ ને કંઈ અસામાન્યતાનું આરોપણ થવાનું. એ જ રીતે દયારામ પૂર્વ જન્મમાં ગોપી હોવાનું, કેશવાનંદ નામના સાધુએ એમને શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર કરાવ્યો અને એ જ વખતે દયારામને કવિતા સ્ફુરતાં એક પદ રચી કાઢયું અને પછી એ કાવ્યમાધુરી ચાલુ જ રહી હોવાનું વૈષ્ણવોમાં કહેવાય છે. નરસિંહમાં તો આથી યે અનેકગણી અસામાન્યતાનું આરોપણ થએલું. આવી વાતોનું મહત્ત્વ સામાન્ય જનોની કુતૂહલવૃત્તિ પોષવા પૂરતું જ ગણાય.

પોણી સદીનું દીર્ઘ આયુષ્ય ભોગવી સં. ૧૯૦૯ના માહ વદ ૫ના રોજ દયારામે ગોલોકવાસ કર્યો. એમના શબને ડભોઈથી ચાણોદ લઈ જઇ ત્યાં રેવાતીરે તેનો અગ્નિસંસ્કાર કરવામાં આવેલો. સંખ્યાબંધ લોકોએ એમની શબયાત્રામાં ભાગ લીધેલો. એમના અવસાન વખતે દલપતરામ ૩૨ વર્ષના અને નર્મદ ૧૯ વર્ષનો હતો. ઈસ્વી સન મુજબ ૧૮૫૨ની એ સાલ હતી. નવા જમાનાનો પ્રારંભ થઈ ચૂકયો હતો. રેલના પાટા ને તારનાં દોરડાં નખાઈ ચૂકયાં હતાં. એ જ દાયકો યુનિવર્સિટીઓની સ્થાપનાનો હતો.

આપણા આદિ કવિ નરસિંહ અને પ્રાચીનોમાં છેલ્લા કવિ દયારામ બંને નાગર હતા, બંને શ્રીકૃષ્ણમાં ગોપીભાવે આસક્ત હતા એ એક સુભગ અકસ્માત છે. ગુજરાતની ભક્તિમાર્ગી કવિતાનાં બે સર્વોચ્ચ શિખરો એમણે સર કર્યાં છે. ગોવર્ધનરામના શબ્દોમાં કહીએ તો, 'આપણા આદિ કવિ અને આ અંતિમ કવિ એ બે જણ પોતાના યુગોની વચલા દીર્ઘકાળની બે પાસ ભક્તિમાર્ગનાં જે શિખરો રચી તે ઉપર પોતાનાં સ્થાનક સાચવી બેઠા છે તે શિખરો વચ્ચે તેનાથી અર્ધી ઊંચાઇનું પણ શિખર કોઈ કવિએ દેખાડયું નથી.'

કાશ્મીર (અનુસંધાન પૃષ્ઠ ૩૫૩થી ચાલુ)

શકાય તેમ નહોતું. હિંદના સહકારથી કાશ્મીરમાં લોકશાસન સ્થપાતાં સુધી તેનું શાસન આ ડોગરા ગુલાબસિંગના જ વંશમાં રહેલું.

૮૦,૯૦૦ ચોરસ માઈલના કાશ્મીરના પ્રદેશને એકાદ વિશાળ મહાલયની ઉપમા આપી શકાય. પંજાબના ઝેલમ, ગુજરાત, સિયાલકોટ અને ગુરુદાસપુર એ પંજાબના જિલ્લાઓ સામે આવેલો જમ્મુનો પ્રદેશ એ એ મહાલયનું પ્રવેશદ્વાર. ત્યાંથી આગળ વધતાં એક પછી એક મજલો વધતો જાય તેમ એક પછી એક ઊંચી ને ઊંચી પર્વતશ્રેણીઓ આવતી જ જાય છે અને જમ્મુની ૧૨૦૦ ફૂટની ઊંચાઇથી આગળ વધતાં એ પ્રદેશની ઉચ્ચતમ પર્વતશ્રેણી ૨૫,૦૦૦ ફૂટ સુધી પહોંચે છે. જમ્મુ, લદાખ અને કાશ્મીર એમ ત્રિવિધ ભૂમિ-પ્રદેશના બનેલા એ મુલકને મુખ્યત્વે બે ભાગમાં વહેંચી શકાય. આ બંને ભાગ જે પર્વતમાળાથી જુદા પડે છે તે નંગા પર્વતથી શરૂ કરીને ત્યાંથી ૨૪૦ માઈલ પર આવેલા બાહુબ સુધી પહોંચે છે. ડિસેમ્બરથી માર્ચ સુધી અત્યંત ઠંડી સાથે ઈરાન અને બલુચિસ્તાન પર થઇને તોફાની પવન વાતો રહે છે. પુષ્કળ બરફ પડે છે અને જમ્મુથી ઉપર આવેલા કેટલાક પહાડી પ્રદેશોમાં તો છ માસ સુધી માણસો ને જાનવરોને પોતાના આશ્રયસ્થાનમાં ગોંધાએલા રહેવું પડે છે.

આ રમણીય પ્રદેશની નિસર્ગશ્રી તો અવર્ણનીય જ છે. માર્તંડના સૂર્યમંદિરથી માંડી બીજા અનેક પ્રાચીન અવશેષો અહીંતહીં વેરાએલા છે. પણ એનો પરિચય અહીં અપેક્ષિત ન હોઇને તેની હાલની સ્થિતિ સમજવામાં સહાયભૂત ઐતિહાસિક ભૂમિકા જ આપણે જોઇએ.

હિંદ સ્વતંત્ર થતાંની સાથે જ કાશ્મીરને ભારતને બદલે પોતાની સાથે જોડાવાનું દબાણ પાકિસ્તાને શરૂ કર્યું. રાજકીય ઉપરાંત આર્થિક દબાણ પણ એણે શરૂ કર્યું. છતાં કાશ્મીરે જોડાણ ન સ્વીકાર્યું એટલે '૪૭ના સપ્ટેમ્બરની ૩જીએ તેની સરહદ પર પહેલવહેલો હલ્લો કર્યો.

ત્યારબાદ એ જ વર્ષના ઑક્ટોબરની ૨૦મીએ ડોમેલ રોલ તરફથી રીતસરનું લશ્કરી આક્રમણ પાકિસ્તાને શરૂ કરી દીધું. પાકિસ્તાનની બે ડિવિઝનોએ કહેવાતા 'આઝાદ કાશ્મીર'ની ટુકડીઓ તથા સંખ્યાબંધ તાયફાવાળાઓ સાથે પાકિસ્તાની વિમાની દળના રક્ષણ નીચે આ આક્રમણ કરેલું. કાશ્મીર રાજ્યની સેનાના બ્રિગેડિયર રાજેન્દ્રસિંહે માત્ર ૧૫૦ સૈનિકોથી આ આક્રમણ ખાળવાનો પ્રયત્ન કર્યો, પણ તેમાં એ ખપી ગયા અને ૨૨મી ઑક્ટોબરે તો પાકિસ્તાની ધાડાં શ્રીનગર સુધી આવી ગયાં. આ આક્રમણ સામે કાશ્મીરે ૨૬મી ઑક્ટોબરે ભારત સાથેનું જોડાણ સ્વીકારી તેની મદદ માગતાં ૨૭મી ઑક્ટોબરનાં રોજ હિંદી સૈન્યની પહેલી ટુકડી લે. કર્નલ ડી.આર.રાયના નેતૃત્વ નીચે શ્રીનગરના વિમાની મથકે ઊતરી. બારામુલ્લાથી આક્રમકો શ્રીનગર પર ધસી આવે તે પહેલાં જ રાય પોતાની ટુકડી ત્યાં લઇ ગયા. આ યુદ્ધમાં એ પોતે કામ આવ્યા પરંતુ શ્રીનગર એમણે બચાવી લીધું.

૩૧મી ઑક્ટોબરના રોજ ગિલગિટમાંના બ્રિટિશ અધિકારી મે. બ્રાઉનના નેતૃત્વ નીચે પાકિસ્તાનવાદીઓએ બંડ કર્યું, ને ત્યાંના બ્રિગેડિયર ઘનઆરાસિંગને અટકમાં લઈ ગિલગિટનો પ્રદેશ કબજે કર્યો.

૩જી નવેમ્બરે શ્રીનગરથી નવ માઈલ પર બાદગાવ મુકામે કુમાઉં રેજિમેન્ટ લઇ ઊપડેલા મેજર સોમનાથ શર્મા કામ આવ્યા. એ પછી ૫મી નવેમ્બર ૧૯૪૭થી મે ૧૯૪૮ સુધી મેજર જનરલ કુલવંતસિંગે જમ્મુ-કાશ્મીર રાજ્યની સેનાનું સેનાપતિત્વ સ્વીકાર્યું.

હિંદી સૈન્યે ૮મી નવેમ્બરે બારામુલ્લા પાછું જીત્યું. ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ નૌશેરા, ૧૨મી માર્ચે ઝાંગર, ૧૨મી એપ્રિલે રાજૌરી, ૧૩મી સપ્ટેમ્બરે લદાખને કાશ્મીરની ખીણ સાથે જોડતો ઝોજીલા ઘાટ, ૨૧મી નવેમ્બરે પુંચ અને ૨૭મી નવેમ્બરે કારગાબ જીતી ત્યારબાદ છ મહિનાના સતત યુદ્ધમાં અંતે શ્રીનગરને લેહ સાથે જોડતો માર્ગ ખુલ્લો કર્યો. આમાંની ઝાંગરની લડાઈમાં બ્રિગેડિયર ઉસમાન કામ આવ્યા.

આ આક્રમણ અંગેની ફરિયાદ તો તેણે ૩૦મી ડિસેમ્બર ૧૯૪૭ના રોજ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં નોંધાવી દીધેલી. હિંદના જ આગ્રહથી કાશ્મીરના મહારાજાએ પોતાની આપખુદ સત્તાનો ત્યાગ કરી શેખ મોહમ્મદ અબ્દુલ્લાના વડા પ્રધાનપદે લોકશાહી સરકારની સ્થાપના કરેલી (૫મી માર્ચ, ૧૯૪૮). પાકિસ્તાનને શિકસ્ત આપ્યે જઇ ૧૯૪૮ની આખર સુધીમાં તો ગિલગિટ, લદાખના ડુંગરાળ ભાગ તથા પાકિસ્તાનની સરહદને અડતા કેટલાક મુલક સિવાય મોટા ભાગનો પ્રદેશ પાછો જીતી લીધો. પાકિસ્તાનીઓને એથી યે આઘા ધકેલાત, પણ સંયુક્ત રાષ્ટ્રસંઘે '૪૯ની ૧૨મી માર્ચે યુદ્ધબંધી જાહેર કરી, ૧૭મી મેના રોજ શેખ અબ્દુલ્લાએ જાહેર કર્યું કે 'કાશ્મીર ભારતમાં વિલીન થયું છે. તેને માટે બીજો કોઈ પણ માર્ગ દીવાનાપણાનો માર્ગ છે.' ૨૭ મેએ ભારતીય બંધારણ સમિતિની બેઠકમાં કાશ્મીરને ચાર બેઠકો આપવાનું નક્કી થયું અને એ વર્ષની ૧૬મી જૂને શેખ અબ્દુલ્લા અને તેમના ત્રણ સહકારી બંધારણસભાની બેઠકમાં ઉપસ્થિત રહ્યા.

દરમિયાન કાશ્મીર-પ્રશ્નના ઉકેલ માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘે પ્રયત્નો ચાલુ રાખ્યા. મૅકનૉટન, ડિક્સન, ગ્રેહામ વગેરે તેણે નીમેલા સમાધાનકારો કંઇ સમાધાનકારક ઉકેલ લાવી ન શક્યા. આ રીતે ઉકેલ આવવો અસંભવિત માની કાશ્મીર રાજ્યે '૫૧ની ૩૦મી એપ્રિલે પોતાની બંધારણસભાની જાહેરાત કરી દીધી ને ૩જી જૂનના શ્રીનગર મુકામે મળેલી નૅશનલ કૉન્ફરન્સની બેઠકે ઠરાવ કર્યો કે, કાશ્મીરે પોતાનું ભાવિ પોતાની જાતે જ નક્કી કરવું, પાકિસ્તાનને આક્રમણકાર ઠરાવવામાં નથી આવતું તેમાં ખુદ 'યુનો'ની જ હાર છે, વગેરે.

૧૯૫૨ના માર્ચની ૨૯મીએ કાશ્મીરના વડા પ્રધાન શેખ અબ્દુલ્લાએ એવી જાહેરાત કરી કે કાશ્મીરની બંધારણસભા સર્વાધિકારી હતી! ૧૦મી એપ્રિલે એણે ભારતમાં કોમવાદ ચાલુ હોવાનો આક્ષેપ મૂક્યો. ૧૮મીએ હજારીબાગમાં એ આક્ષેપ એણે બેવડાવ્યો. ૧૦મી જૂને ત્યાંની બંધારણસભાએ કાશ્મીર પરના રાજવીપદનો અંત આણવા તથા કાશ્મીર રાજ્યનો અલગ ધ્વજ રાખવાની પેટાસમિતિની ભલામણોનો સ્વીકાર કર્યો. આ સામે ભારતમાં ઊહાપોહ થતાં નહેરુ-અબ્દુલ્લા વાટાઘાટો ચાલી અને ૨૪મી જુલાઈના રોજ દિલ્હી-કરાર થયા: આ કરાર અનુસાર કાશ્મીરની બંધારણસભાએ ૧૨મી નવેમ્બરના રોજ યુવરાજ કરણસિંગની રાજપ્રમુખ (સદરે રિયાસત) તરીકે નિમણૂક કરી. દિલ્હી કરારને ભારતની રાજસભાએ તા. ૫મીએ અને લોકસભાએ તા. ૭મી ઑગસ્ટે બહાલી આપી. પરંતુ શેખ અબ્દુલ્લા એ કરારથી વિરુદ્ધ જવા માંડ્યા. એમના વિરોધીઓ સામે જબરું દમન શરૂ કર્યું. એ દમનની જાતતપાસ અર્થે ઊપડેલા ડૉ. શ્યામપ્રસાદ મુખરજીને એણે અટકમાં લીધા જેમાં તેમનું મૃત્યુ થયું.

છેલ્લે છેલ્લે પ્રધાનમંડળના મોટા ભાગના સભ્યોથી વિરુદ્ધ પડી, દિલ્હી-કરારોનો છડેચોક ભંગ કરી, 'સ્વતંત્ર કાશ્મીર' રચવાની પ્રવૃત્તિ કરવાને કારણે રાજપ્રમુખે એમને વડા પ્રધાનપદેથી દૂર કરી શ્રી ગુલામમહમદ બક્ષીને વડું પ્રધાનપદ સોંપ્યું. શેખ અબ્દુલ્લા અને તેમના કેટલાક સાથીદારો આજે અટકાયત હેઠળ છે.

કાશ્મીર પરની સરકારની ફેરબદલી સાથે જ હિંદ આવી પહોંચી પાકિસ્તાનના વડા પ્રધાન શ્રી મહમદઅલીએ શ્રી નહેરુ સાથે ચાર દિવસ વાટાઘાટો ચલાવી હતી. વાટાઘાટોને અંતે ૧૯૫૪ એપ્રિલ સુધીમાં કાશ્મીરમાં લોકમતનિયામક નીમવાનું બંને વચ્ચે નક્કી થયું છે.

આ માસ (સપ્ટેમ્બર) ઇતિહાસમાં: દિનવિશેષ • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: વિનોબા ભાવે



કોઈ શાંત નંદાદીપ જેવું સ્થિર અને શાશ્વત જેમનું તપશુદ્ધ અને ધ્યેયનિષ્ઠ સેવાજીવન ભારતભરમાં અજોડ છે એ શ્રી વિનોબાભાવેનો જન્મ ૧૮૯૪ની ૧૨મી સપ્ટેમ્બરે કુલાબા જિલ્લામાં ગાગોદે મુકામે કાકાને ઘેર થએલો. એ ઘરના સંપૂર્ણ રાષ્ટ્રીય જાગૃતિભર્યા વાતાવરણમાં બાર વર્ષની ઉંમરે દેશદાઝથી પ્રેરાઈ એમણે આજીવન બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા કરી. પ્રાથમિક શિક્ષણ પૂરું થતાં પિતાએ એમને વડોદરા બોલાવીલીધા જ્યાં એમણે પ્રાપ્ય એટલા ગ્રંથો વાંચી જઇ ઇતિહાસ, તત્વજ્ઞાન, ગણિતને ધર્મનો ઊંડો અભ્યાસકર્યો.

કૉલેજકાળમાં ગદર પ્રવૃત્તિની એમના પર ઊંડી અસર પડેલી, અને એથી દેશદાઝથી પ્રેરાઇ મુંબાઇ પરીક્ષા આપવા નીકળેલા તેઓ બારોબાર બંગાળ ને ત્યાંથી કાશી પહોંચ્યા. અહીં એમણે અન્નછાત્રમાં જમી સંસ્કૃતના અભ્યાસની પોતાની ભૂખ ભાંગી. વચ્ચે હિમાલયનો પ્રવાસ પણ ખેડી લીધો. આમ, રાષ્ટ્રભાવનાને પગથીએ ચડીને ધર્મચિંતનને દ્વારે આવેલા તેઓ જૂનીપુરાણી ધાર્મિકતાથી અસંતોષાઈ આધુનિક ધર્મ ઢૂંઢતા હતા ત્યાં એમને ગાંધીજીનો પરિચય થયો, ને તેઓ સાબરમતી આશ્રમમાં આવી રહ્યા. વચ્ચે પોતાને મૂળ ગામ 'વાઈ' જઈ ભારતીય ધર્મગ્રંથોનું ઊંડુ અધ્યયન કરી આવી માત્ર ત્રેવીસમે વર્ષે એમણે 'ગુજરાત વિદ્યાપીઠ'માં ધર્મતત્ત્વનું અધ્યાપન આદર્યું. ૧૯૨૧માં ગાંધીજીના કહેવાથી એમણે વર્ધા-આશ્રમનું સંચાલન હાથ ધર્યું ને ત્યાંથી 'મહારાષ્ટ્ર ધર્મ' નામે એક સુંદર માસિક શરૂ કર્યું. પણ એટલામાં ઝંડા સત્યાગ્રહ માટે સરકારે એમને પ્રથમવાર પકડ્યા. '૨૪-'૨૫ માં ગાંધીજીએ એમને ત્રાવણકોરના વાઇકોમ ગામે અસ્પૃશ્યતા-નિવારણની લડત માટે મોકલેલા. ત્યાંથી પાછા આવ્યા બાદ તેઓ અધ્યયન ને દેશસેવામાં લાગી ગયા. 'મહારાષ્ટ્ર ધર્મ' પણ સપ્તાહિક રૂપે શરૂ કર્યું જેમાંના એમના મનનીય લેખોનો 'મધુકર' નામે એક સંગ્રહ બહાર પડ્યો છે. પરતુ તેમનું વિખ્યાત લખાણ તો 'ગીતાઇ'. '૩૨માં ધૂળિયામાં એમની ધરપકડ થઈ ત્યારે જેલમાં એમણે અંતરની ઊલટથી ગીતા પર જે પ્રવચનો આપેલાં તેનો સંગ્રહ. આ કેદમાંથી છૂટી એમણે પ્રથમ નાલવાડી ને પછી પવનાર મુકામે આશ્રમો સ્થાપ્યા. '૪૦ માં વ્યક્તિગત સત્યાગ્રહી તરીકે જ્યારે ગાંધીજીએ એમને પહેલા આગળ કર્યા ત્યારે તેઓ ખરા પ્રકાશમાં આવ્યા. પછી તો '૪૨માં ફરી પકડાયા અને એ વખતે કેદમાં એમણે પોતાનું ભાષાજ્ઞાન વધાર્યું. આજે તેઓ વીસ જેટલી દેશીપરદેશી ભાષાઓ જાણે છે.

હિંદ આઝાદ થયું. ગાંધીજીની હત્યા થઈ ને એમનું અધુરું રહેલું કાર્ય વિનોબાજીએ ઉપાડી લીધું. ને એ માટે શાંતિયાત્રા આદરી. પણ પેટના વ્યાધિને લઈ એમને ફરી પવનાર જવું પડ્યું. પણ એવામાં મુખ્યત્વે એમની જ પ્રેરણાથી સ્થપાએલા સર્વોદય સમાજના સંમેલનમાં જવાનું થતાં એમણે શિવરામપલ્લી જવા ત્રણસો માઇલની પગપાળા યાત્રા કરી. આ યાત્રા દરમિયાન જ પોચમપલ્લી મુકામે હરિજનો માટે થોડી જમીન મેળવવાનો પ્રશ્ન વિચારતાં એમને પહેલવહેલું ૧૦૦ વિઘાં જમીનનું દાન મળ્યું. ને એમાંથી એમની વિખ્યાત ભૂમિદાન પ્રવૃત્તિનો ઉદ્ભવ થયો, જેનો ઇતિહાસ તો આજ સૌને વિદિત છે. ભારતની પંચવર્ષીય યોજનામાં પણ સરકારને એમણે ઘણું માર્ગદર્શન આપ્યું છે. પણ આ બધી તો એ મહાપુરુષની અનેકદેશીય પ્રવૃત્તિની આછી રૂપરેખા થઈ. એ બધાં કાર્યોને તો આપણે કદાચ ન પહોંચી શકીએ, પરંતુ એમના શીલ, ચારિત્ર્ય, ત્યાગ ને તપસ્યાનું અનુકરણ કરી શકીએ તો યે જે સર્વોદયને તેઓ ઝંખી રહ્યા છે તે બહુ દૂર ન રહે. પ્રગાઢ વિદ્વતાસૂચક વિશાળ ભાલ, નિશ્ચય ને અન્યાયનો સામનો કરવાની દૃઢ મનોવૃત્તિ સૂચક સીધું અણિયાળું નાક, પાવિત્ર્ય ને પ્રેમઝરતી આંખો તથા સૌમ્ય મુખમુદ્રાવાળા સાડા પાંચેક ફૂટની ઊંચાઈના ભારતના એ સંતશિરોમણિ તેમની પ્રખર બુદ્ધિમત્તા ને મૂળગામી પ્રજ્ઞા, વિશાળ વાચન ને ઊંડો અભ્યાસ, અખંડ સેવાવ્રત ને કડક વૈરાગ્ય, અદ્વિતીય સાધુતા ને અનુકરણીય શુચિતા, ભેદાતીત વૃત્તિ ને સ્થિતપ્રજ્ઞપણું, અપૂર્વ સ્મરણશક્તિ ને અવ્યભિચારિણી ધ્યેયનિષ્ઠા, દુર્દમ્ય ઇચ્છાશક્તિ ને સતત ઇશ્વરપરાયણતા, આજીવન તપશ્ચર્યા ને અભિજાત નમ્રતા, નિયમિતપણું ને નિર્ભયતા–આવા અનેક ગુણ-રત્નોની ખાણ સમા વિનોબાજી દેશનું ભૂષણ છે.

દિનવિશેષ

તા. ૨ ઝામોરિન સાથે સંધિ કરી, આખી મૂરિશ લૂટ ભરપાઈ કરી આપીને પોર્ટુગીઝ લોકોએ કાલિકટમાં દેવળ બાંધવાની પરવાનગી મેળવી, ૧૬૯૯.

તા. ૪ કોંગ્રેસે પહેલવહેલો અસહકારનો ઠરાવ કર્યો, ૧૯૨૦.

તા. ૫ ફ્રેંચોએ જિન્જીના સૂબા પાસેથી પૉંડીચેરી ખરીદ્યું, ૧૬૭૪.

તા. ૬ સ્વધર્મની રક્ષા સારુ પિલગ્રામ ફાધર્સ 'મે ફ્લાવર'માં અમેરિકા ઊપડ્યા, ૧૬૨૦.

તા. ૯ હિંદી સાહિત્યમાં નવયુગ પ્રકટાવનાર ભારતેન્દુ હરિશ્ચન્દ્રનો જન્મ, ૧૮૫૦.

તા. ૧૦ જગવિખ્યાત મકરબા 'તાજમહાલ'નું કામ પૂરું થયું, ૧૬૪૯.

તા. ૧૪ કલકત્તા-મુંબાઈ વચ્ચે પહેલવહેલો ટેલિફોન-વ્યવહાર શરૂ થયો, ૧૯૩૪.

***તા. ૧૫** રશિયામાં ઝારશાહીનો નાશ થઈ ક્રાંતિ દ્વારા પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના, ૧૯૧૭.*

તા. ૨૨ મહાન વિદ્યુતશાસ્ત્રી મિશેલ ફેરાડેનો જન્મ, ૧૫૯૪.

તા. ૨૫ શોધસફરી વાસ્કો નુમેઝ બાલ્બોઆએ પાસિફિક મહાસાગર શોધ્યો, ૧૫૧૩.

તા. ૨૭ કળા દ્વારા જીવનસાફલ્યનો સંદેશ પ્રકટાવનાર મહર્ષિ રોરિકનો જન્મ, ૧૮૭૪.

પ્રસંગવિશેષ: લંડનની આગ ૨જી સપ્ટેમ્બર, ઈ.સ. ૧૬૬૬

સુરતની આગ વિષે તો ઘણાએ સાંભળ્યું હશે જ. એવી જ વિનાશક એક આગ ઈ. ૧૬૬૬ની ૨જી સપ્ટેમ્બર ને રવિવારે બપોરે એક વાગે લંડનમાં લાગેલી. લંડન બ્રિજ પાસેની એક ભઠિયારાની દુકાનમાંથી શરૂ થઈ અનુકૂળ પવન તથા સાંકડી શેરીઓને કારણે એ કાળના લાકડાનાં મકાનોમાં ફેલાતી જઇ ચાર દિવસમાં તો ૩૩૬ એકરના વિસ્તારમાં ૪૦૦ શેરીઓ ને ૧૩,૨૦૦ મકાનો તારાજ કરી લગભગ પોણા ભાગ ઉપરના શહેરને તેણે ભરખી લીધું. હજી તો હમણાં જ મરકીને ૬૮,૫૯૬ માણસોનો ભોગ ધર્યાની કળ નહોતી વળી ત્યાં આગે જે હોનારત સર્જી એથી શહેરની શી સ્થિતિ થઈ હશે એ સમજી શકાય તેમ છે. પણ છતાં આ આગથી લંડનને ફાયદો યે થયો. મરકીનો ભય દૂર થયો અને પુનર્વસવાટ માટે શહેરનું જે નવનિર્માણ થયું તેમાં પ્રજાને વધુ સલામતી અને સગવડો મળી.

સંપત ગઈ તે સાંપડે, ગયાં વળે છે વ્હાણ,
ગત અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ.
—શામળ ભટ્ટ

કૉંગ્રેસના જયપુર અધિવેશન વખતે સરદાર વલ્લભભાઇ મોટરમાં બેસી નેતાશિબિર ભણી જઇ રહ્યા હતા. શિબિર આવતાં મોટર થોભી અને સરદાર નીચે ઊતરી એક પગ જમીન પર અને એક મોટર પર ટેકવીને ઊભા રહ્યા. ડ્રાઇવરે તો એ ઊતરી ગયા હોવાનું માની મોટર ચાલુ કરી દીધી અને સરદાર ભોંય પર પટકાઈ પડ્યા. હોહા થતાં ડ્રાઇવરે પાછળ જોયું અને મોટર થોભાવી સરદાર પાસે પહોંચ્યો ત્યાં સુધીમાં તો એમના સાથીદારોએ એમને ઊભા કરી દીધેલા. ડ્રાઈવર તો આ ગલતીના પરિણામના ભયે થરથર કંપતો નિસ્તેજ નેત્રે સરદાર સામે તાકી રહેલો, પરંતુ સરદાર તેના પ્રત્યે માત્ર સ્મિત કરી ચાલતા થયા.

અનેકાર્થી શબ્દ: **ભાવ**=કિંમત; હેત કે પ્રીતિ; આસ્થા; ચેષ્ટા કે અભિનય, પ્રકૃતિ સ્વભાવ; ઈરાદો; વૃતિ કે લાગણી, અસ્તિત્વ-હોવાપણું; તાત્પર્ય; આર્ય ! પૂજ્ય ! એવું નાટકમાંનું સંબોધન; સ્થિતિ કે સ્વરૂપ: જેમકે શિષ્યભાવ.

કહેવતોના અર્થ: 'ધર્મની ગાયના દાંત શા જોવા?'–ગાય ઘોડા વગેરે પશુઓની ઉંમર તેના દાંત ઉપરથી પરખાય છે. દાનમાં મળેલી ગાય ઘરડી તો નથીને એની ખાતરી કરવા બેસનાર માણસનું દષ્ટાંત આપતી કહેવત પાછળ એવો ઉપાલંભ છે કે દાન કે ભેટ રૂપે મફત મળેલી વસ્તુઓના દાતાનો આભાર લેખવો તો બાજુએ રહ્યો, પણ ઊલટા તેના ગુણ દોષની ચર્ચા કરવી કે તેની ઊણપ તપાસવા બેસવી એમાં સુજનતા નથી.

૧ થી ૯ સુધીના અંકોને ક્રમિક રીતે વાપરીને ૧૦૦ જવાબ નીચેની ૧૨ રીતે લાવી શકાય:

૧+૨+૩+૪+૫+૬+૭+(૮×૯)
૧+(૨×૩)+(૪×૫)-૬+૭+(૮×૯)
૧+(૨×૩)+૪+૫+૬૭+૮+૯
(૧×૨)+૩૪+૫૬+૭-૮+૯
-(૧×૨)-૩-૪-૫+(૬×૭)+(૮×૯)
૧૨+૩-૪+૫+૬૭+૮+૯
૧૨-૩-૪+૫-૬+૭+૮૯
૧૨૩+૪-૫+૬૭-૮૯
૧૨૩+૪૫-૬૭+૮-૯
૧૨૩-૪ ૫-૬ ૭+૮ -૯
(૧+૨-૩-૪) (૫-૬-૭-૮-૯) –નૌતમ



નાગાપટ્ટમ (દ. ભા.)ની ક સાની એક વિશિષ્ટ ગણેશમૂર્તિ. આમાં ગણપતિને પાંચમુખ સાથે તેને ઉંદરને બદલે વિકરાળ સિંહ પર આરૂઢ થયેલા દર્શાવ્યા છે.

જસ્ટીસ હોકિન્સ પોતાની બૅરિસ્ટર તરીકેની કારકીર્દિમાં કેસ નિષ્ફળ નિવડ્યો છે એમ ચોખ્ખું લાગવા છતાં તે કેસના બચાવમાં ભાષણ કર્યે જતા. એક વખત જજે આથી કંટાળી કહ્યું: 'મિ. હોકિન્સ! બે કાળી વસ્તુથી એક ધોળી થાય છે એમ જો તમે સાબિત કરો તો જ હું તમને આગળ દલીલ કરવા દઈશ.'

હોકિન્સે તરત જવાબ આપ્યો: માઈ લૅાર્ડ! હું તેમ કરીશ. કાળો મરઘો અને કાળી મરઘી એક સફેદ ઈંડું ઉત્પન્ન કરે છે એમ હું જાણું છું!'



સળંગ રેખાવડે દોરેલી માનવ મુખાકૃતિ

આપણા દેશમાં બધાં મળીને ૬,૯૬૦ પત્રપત્રિકાઓ પ્રસિદ્ધ થાય છે. એમાં ૬૦૯ દૈનિકો, ૨,૨૯૧ સાપ્તાહિકો જ્યારે બાકીનાં વિવિધ સામયિકો છે.

૧૯૫૦ની વસતીગણતરી પ્રમાણે યુનાઈટેડ સ્ટેટ્સની વસતી ૧૫,૦૬,૯૭,૩૬૧ છે.

આફ્રિકાના ઉત્તર રૅાડેશિઆ પ્રદેશમાં બ્રોકન હિલ નજીક 'ગોરા કાફિરો' નું વસેલું એક ગામ છે. એમની ચામડી સફેદ, વાળ લાલ અને આંખો ગુલાબી છે.

તમે સહાય માગો છો, મદદ માટે તમે પોકાર કરો છો! પણ તમને પોતાને જ ખબર નથી કે એવી સહાય કરવા માટે સારામાં સારી લાયકાત ધરાવનાર, તમારા બાવડાના છેડે આવેલો તમારો પોતાનો હાથ જ છે.

દુનિયાભરના અકસ્માતોમાં સૌથી વિચિત્ર કહી શકાય એવો અકસ્માત તાજેતરમાં સ્વીડનમાં બની ગયો. ત્યાંના સ્ત્રેડનબૅાર્ગ શહેરનો એક મોજાં બનાવનારો એસ. લોંગી નામના માણસ ઉનાળાના સખત તાપમાં ફરવા નીકળેલો ત્યારે સૂર્યનો પ્રકાશ તેનાં ચશ્માંમાંથી તેના ખમીસ પર 'ફોકસ' થતાં ખમીસ સળગી ઊઠ્યું હતું. એને તરત ઈસ્પિતાલ મોકલવામાં આવ્યા પણ ત્યાં પહોંચ્યા પછી તુરત જ તેનું અવસાન થયું.

ચણાને છાસમાં પલાળી તે પોચા પડ્યે માથે ઘસી, ૪-૫ કલાક રહેવા દીધા પછી નહાવાથી માથાની જૂ તથા ખોડો નાશ પામે છે. લીંબુના રસમાં ખાંડ મેળવી નાખવાથી પણ ખોડો મટશે.

નેપોલિયનના હૃદયના ધબકારા એક મિનિટે ૪૦ જ હતા; ને જસ્ટીનિયસ કર્નર નામનો એક ડૉક્ટર તથા કવિ પોતાની મરજી પ્રમાણે પોતાની નાડીના ધબકારા વધુ-ઓછા કરી શકતો!



એવરેસ્ટ વિજયની યાદમાં આવતી ગાંધી જયંતી દિને બહાર પડનારી ભારતની બે નવી ટિકિટોમાંથી એક. ભારતીય હવાઈ દળે લીધેલા ફોટોગ્રાફ પરથી આલેખાએલા એવરેસ્ટના ચિત્ર સાથે તેના પર તે જિતાયાની તારીખ તથા હિંદી અને અંગ્રેજી ભાષામાં એવરેસ્ટ વિજયનું લખાણ છપાશે.



ત્રણ શાહાનશાહો (મુઘલ કલમ)

મુઘલ કલમના આ ચિત્રમાં એ કલમની રેખાની મુલાયમ સચોટતા તો છે જ; પણ તે ઉપરાંત એ ત્રણે શાહાનશાહોની તસવીરો એમાં એકસાથે મળે છે એ દૃષ્ટિએ એનું મહત્ત્વ પણ છે.